દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 269 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 November 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૨ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ આપી રામ મંદિરને ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હીઃ કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોના પ્રોત્સાહનને કારણે ખાલિસ્તાનીઓ ઘણા જોશમાં છે. હવે ખાલિસ્તાનીઓએ અયોધ્યામાં રામ મંદિરને નિશાન બનાવવાની સીધી ધમકી આપવાનું શરૂ કરી દીધું છે. ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં તેણે હિન્દુઓના આસ્થાના મુખ્ય કેન્દ્ર રામ મંદિરને ઉડાવી દેવાની ધમકી આપી છે. વીડિયોમાં પન્નુએ કેનેડાના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યને પણ ધમકી આપી છે.

આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના ચીફ પન્નુએ જાહેર કરેલા વીડિયોમાં કહ્યું છે કે, '૧૬ અને ૧૭ નવેમ્બરે અયોધ્યાના રામ મંદિરમાં હિંસા થશે.' પન્નુએ આ વીડિયો કેનેડાના બ્રેમ્પટનમાં રેકોર્ડ કર્યો છે. આ વીડિયોમાં રામ મંદિર તેમજ અન્ય ઘણા હિંદુ ધાર્મિક સ્થળો સામે હિંસા ભડકાવવાની ધમકી પણ આપવામાં આવી છે.

વીડિયોમાં ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ ધમકી આપી છે કે, 'અમે હિન્દુત્વ વિચારધારાની જન્મભૂમિ અયોધ્યાનો પાયો હચમચાવી નાખીશું.' પન્નુની આ ધમકીને ભારતના સૌથી પવિત્ર સ્થાનોમાંથી એક એવા રામ મંદિર માટે મોટા ખતરા તરીકે જોવામાં આવી રહી છે. પન્નુના વીડિયોમાં પીએમ મોદી અયોધ્યા રામ મંદિરમાં પ્રાર્થના કરતા હોવાની તસવીરો પણ જોવા મળે છે. ખાલિસ્તાની આતંકવાદીએ કેનેડામાં રહેતા ભારતીયોને હિન્દુ મંદિરો પરના ખાલિસ્તાની હુમલાઓથી દૂર રહેવાની ધમકી પણ આપી છે.

ખાલિસ્તાની આતંકવાદી પન્નુ ભારતમાંથી ફરાર છે.તે હંમેશાં ભારત વિરુદ્ધ ઝેર ઓકતો રહે છે. તે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓ હિંસા આચરવા ખાલિસ્તાનીઓને ઉશ્કેરવાનું કામ કરે છે.

જોકે, આ પહેલી વાર નથી કે પન્નુએ ભારત સામે કોઈ ધમકી આપી હોય. આ પહેલા ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ ભારતના વિમાનને ઉડાવી દેવાની ધમકી આપી હતી. પન્નુએ કહ્યું હતું કે શીખ રમખાણોના ૪૦ વર્ષ પૂરા થવા પર એર ઈન્ડિયાની ફ્લાઈટ પર હુમલો થઈ શકે છે. પન્નુએ આંતરરાષ્ટ્રીય મુસાફરોને ચેતવણી આપી હતી કે તેઓ ૧ થી ૧૯ નવેમ્બર સુધી એર ઈન્ડિયામાં ઉડાન ન ભરે.

પંજાબમાં જન્મેલો અને શિક્ષણ લીધેલો પન્નુ ક્યારેક અમેરિકા અને ક્યારેક કેનેડામાં રહે છે. તેની પાસે બંને દેશની નાગરિકતા છે. તે ભારતમાં બહારથી આતંકવાદી હુમલાની ધમકી આપે છે. પન્નુએ ૨૦૦૭માં 'શીખ ફોર જસ્ટિસ' નામનું સંગઠન બનાવ્યું હતું. જુલાઈ ૨૦૨૦માં ભારતે પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. પન્નુ પાકિસ્તાનના આઈએસઆઈની મદદથી ખાલિસ્તાન અભિયાન ચલાવી રહ્યો છે. ■



**દ્વિશતાબ્દી સમારોહઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ગુજરાતના વડતાલ ખાતે યોજાયેલા શ્રી સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી સમારોહની ઉજવણીમાં વીડિયો કૉન્ફરન્સ મારફતે ભાગ લીધો હતો. (એજન્સી)

## મણિપુરમાં સુરક્ષાદળ સાથેની અથડામણમાં ૧૧ ઉગ્રવાદી ઠાર

ઈમ્ફાલઃ મણિપુરના જિરિબામ જિલ્લામાં સોમવારે સુરક્ષાદળ સાથેની અથડામણમાં ૧૧ શંકાસ્પદ આતંકવાદી ઠાર મરાયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

બોરોબેક્રા સબ ડિવિઝનમાં આવેલા જાકુરાદોર કારોન્ગ વિસ્તારમાં ઉગ્રવાદીઓ સાથેની અથડામણમાં સીઆરપીએફના બે જવાન પણ ઘાયલ થયા હતા એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઘાયલ જવાનોમાંથી એકની હાલત ગંભીર છે. સશસ્ત્ર ઉગ્રવાદીઓ સીઆરપીએફની છાવણી નજીક અનેક

(જુઓ પાનું ૨) ▸▸



**'ચુનરી મનોરથ':** મથુરામાં સોમવારે યોજાયેલા 'ચુનરી મનોરથ' તહેવાર દરમિયાન શ્રદ્ધાળુઓએ પવિત્ર યમુના નદીને સાડી ઓઢાડી હતી. (એજન્સી)

## લેબેનોનનું સંગઠન ભારતમાં આતંકવાદી હુમલાની ફિરાકમાંઃ સુરક્ષા એજન્સીઓ ઍલર્ટ પર

નવી દિલ્હીઃ ભારત પર ફરી એક મોટા આતંકવાદી હુમલાનું જોખમ છે. હિઝબ-ઉત-તહરિર નામનું સંગઠન ભારત પર હુમલો કરવાનું ષડ્યંત્ર બનાવી રહ્યું છે. ભારતની સુરક્ષા એજન્સીઓ આ આતંકી સંગઠન અંગે એલર્ટ પર છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે બે દિવસીય આતંકવાદ વિરોધી કોન્ફરન્સમાં ભારતમાં હિઝબ-ઉત-તહરિર પર વિગતવાર વાત કરી હતી. આ બેઠકમાં તેલંગાણા, તમિલનાડુ, ગુવાહાટી પોલીસ, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને બીએસએફના આતંકવાદ વિરોધી નિષ્ણાતો પણ હાજર હતા.

લેબેનોન સ્થિત કટ્ટરવાદી સંગઠન હિઝબ-ઉત-તહરિરએ પશ્ચિમી દેશોમાં નેટવર્ક બનાવ્યું છે. ગયા વર્ષે આ સંગઠન સાથે સંકળાયેલા લોકોએ બ્રિટનમાં પેલેસ્ટાઈન તરફી વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ પછી બ્રિટને આ જૂથ પર પ્રતિબંધ મૂક્યો હતો.

આ સંગઠન ભારતમાં પણ ઝડપથી પોતાનો પગપેસારો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારતે તાજેતરમાં આ સંગઠનને UAPA હેઠળ મૂક્યું છે. આ સંગઠનના સ્લીપર સેલ મધ્ય પ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં હોવાની આશંકા છે.

એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બે દિવસીય કોન્ફરન્સ દરમિયાન રજૂ કરાયેલા અહેવાલમાં આ સંગઠનના મોડ્યુલના સભ્યો વિશે વાત કરવામાં આવી હતી, જેમને આ વર્ષની શરૂઆતમાં પકડવામાં આવ્યા હતાં.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ કેસ NIAને સોંપ્યો હતો. આ કેસમાં NIA એ ૧૭ સભ્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. NIA ની તપાસમાં જાણવા મળ્યું કે તેના સભ્યો દેશભરમાં ફેલાયેલા છે. આ લોકો મધ્ય પ્રદેશમાં ગુપ્ત રીતે તેમની કેડરની ભરતી કરી રહ્યા હતા અને તેને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

એક અધિકારીએ જણાવ્યું કે આ જૂથ સોશિયલ મીડિયા અને એપ્સનો ઉપયોગ કરીને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. યુવાનોને ઉશ્કેરવા માટે આ એપ્સમાં મીટિંગો યોજવામાં આવે છે. ■

## બોકો હરામના હુમલામાં ૧૭ ચાડ સૈનિક અને ૯૬ બળવાખોરનાં મોત

ચાડઃ બોકો હરામે વીક ઍન્ડમાં મિલિટરી પૉસ્ટ પર હુમલો કરી ૧૭ ચાડ સૈનિક અને ૯૬ બળવાખોરને મોતને ઘાટ ઉતાર્યા હોવાનું ચાડ સેનાએ કહ્યું હતું.

બોકો હરામના બળવાખોરોએ શનિવારે લેક ચાડ વિસ્તારમાં હુમલો કર્યો હોવાનું સેનાના પ્રવક્તા જનરલ ઈસ્સાક અચેખે કહ્યું હતું. જોકે તેમણે વધુ વિગતો આપવાનું ટાળ્યું હતું.

બોકો હરામ અને પશ્ચિમ આફ્રિકાના ઈસ્લામિક સ્ટેટના બળવાખોરોએ છેલ્લાં એક વર્ષ દરમિયાન અનેક હુમલાઓ કરી ચાડ વિસ્તારમાં આતંક મચાવ્યો હતો.

આતંકવાદી જૂથોનો ખાતમો કરવા ચાડ સેનાએ વર્ષ ૨૦૨૦માં હાથ ધરેલી કાર્યવાહીને પગલે એ વિસ્તારમાં શાંતિ સ્થપાઈ ગઈ હતી. જોકે છેલ્લાં એક વર્ષ દરમિયાન હુમલાઓની બની રહેલી ઘટનાને કારણે હિંસા ફરી ભડકી ઉઠે એવો ભય સેવાઈ રહ્યો છે. ગયા મહિને મિલીટરી બૅઝ પર કરવામાં આવેલા હુમલામાં ૪૦ સૈનિક શહીદ થયા હતા જેને પગલે પ્રમુખ મહામત દેબે ઈટનોએ બોકો હરામના આતંકવાદીઓનો સફાયો કરવા નવેસરથી કાર્યવાહી શરૂ કરવાના આદેશ આપ્યા હતા.

બોકો હરામે દાયકા કરતા પણ વધુ સમય અગાઉ પશ્ચિમી શિક્ષણ સામે તેમ જ ઈશાન નાઈજીરિયામાં ઈસ્લામિક કાયદો લાગુ કરવા બળવો પોકાર્યો હતો. આ બળવો બાદમાં કેમરુન, નાઈજેર અને ચાડ સહિતના આફ્રિકાના પડોશી દેશોમાં પણ ફેલાયો હતો.

વર્ષ ૨૦૨૧માં પિતાના મૃત્યુને પગલે દેશમાં લાદવામાં આવેલા લશ્કરી શાસન દરમિયાન મહામત દેબે ઈટનોએ વચગાળાના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

(એજન્સી)■

## સંજીવ ખન્નાએ દેશના ૫૧મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથગ્રહણ કર્યા



**શપથગ્રહણઃ** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમવારે દિલ્હીસ્થિત રાષ્ટ્રપતિ ભવન ખાતેય યોજાયેલા એક સમારોહ દરમિયાન જસ્ટિસ સંજય ખન્નાને ભારતના ૫૧મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથગ્રહણ કરાવ્યા હતા. (એજન્સી)

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ ભવન ખાતે સોમવારે યોજાયેલા એક સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાયાધીશ સંજીવ ખન્નાને દેશના એકાવનમા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથગ્રહણ કરાવ્યા હતા.

વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ તેમ જ કોર્ટમાં ઉપસ્થિત અન્ય વકીલોએ પણ સંજીવ ખન્નાને અભિનંદન આપ્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ તરીકેનો હોદ્દો ગ્રહણ કર્યાના પહેલા જ દિવસે તેમણે ન્યાયિક કાર્યવાહીનો આરંભ કર્યો હતો અને તેમને શુભેચ્છા આપનાર કોર્ટમાં ઉપસ્થિત તમામ વકીલોનો આભાર માન્યો હતો. ૧૪ મે ૧૯૬૦ના જન્મેલા જસ્ટિસ ખન્ના છ મહિના કરતા થોડોક વધુ સમય માટે દેશના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપશે અને ૧૩ મે ૨૦૨૫ના તેમની મુદત પૂરી થશે.

મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડની મુદત રવિવારે પૂરી થતાં ખન્નાએ તેમના ઉત્તરાધિકારી તરીકે સ્થાન સંભાળી લીધું હતું. ખન્નાના શપથગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જયદીપ ધનખડ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુનરામ મેઘવાલ, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જે. એસ. ખેહર અને ન્યાયાધીશ ચંદ્રચૂડ પણ હાજર રહ્યા હતા. (એજન્સી)■

## ઝારખંડના લોકોએ પરિવર્તનનો નિર્ણય લીધો છેઃ પીએમ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કૉંગ્રેસ, જેએમએમ અને આરજેડી પર આકરા પ્રહારો શરૂ કર્યા હતા, અને તેમના પર મોટી મોટી વાતો કરવાનો પણ તેમનાં વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.

ઝારખંડમાં ભાજપના બૂથ-સ્તરના કાર્યકરો માટે 'મેરા બૂથ સબસે મઝબૂત' કાર્યક્રમને સંબોધતા, તેમણે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની તેમની ટિપ્પણી માટે પણ નિંદા કરી હતી કે તેમની પાર્ટીએ લોકોને ''ખોટી ગેરંટી'' આપી છે.

તેમણે કહ્યું કે આ ચૂંટણીમાં ઝારખંડના લોકો પરિવર્તન લાવવા માટે સંકલ્પબદ્ધ છે. આનું સૌથી મોટું કારણ, વડા પ્રધાને જણાવ્યું હતું કે, જેએમએમ, કૉંગ્રેસ અને આરજેડીએ ઝારખંડની ''રોટી, બેટી અને માટી'' (રોટલી, દીકરીઓ અને જમીન) પર હુમલો કર્યો

(જુઓ પાનું ૨) ▸▸

## મુસ્લિમ નેતાઓએ જયપુર કોન્ફરન્સમાં વક્ફ (સુધારા) બિલનો વિરોધ કર્યો

જયપુર : અગ્રણી મુસ્લિમ નેતાઓ અને સંગઠનોએ જયપુરમાં એક કોન્ફરન્સમાં વક્ફ (સુધારા) બિલનો વિરોધ કર્યો હતો અને એવી દલીલ કરી હતી કે તે સમગ્ર ભારતમાં મુસ્લિમ હસ્તકની મિલકતો માટે ગંભીર ખતરો છે.

રવિવારે અહીંના મોતી ડુંગરી રોડ પર આયોજિત તહફુઝ-એ-ઓકફ કોન્ફરન્સમાં, સહારનપુરના સાંસદ અને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ના સભ્ય ઈમરાન મસૂદે ભાજપ પર મુસ્લિમોને તેમની પૂર્વજોની જમીનોને પચાવી પાડવાના ઉદ્દેશ્યને આગળ ધપાવવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે એવા આક્ષેપોને ફગાવી દીધા કે મુસ્લિમો જાહેર જમીન પર અતિક્રમણ કરી રહ્યા છે, આવા દાવાઓને ''ભ્રામક'' ગણાવ્યા અને સુધારાને યોગ્ય ઠેરવવા માટે રચાયેલ

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળમાં વાયનાડ લોકસભા બેઠકના પ્રચારનાં પડઘમ શાંત

તિરુવનંતપુરમઃ કેરળમાં ૧૩ નવેમ્બરે વાયનાડ લોકસભા બેઠક અને ચેલાક્કરા વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી યોજાવાની હોવા વચ્ચે સોમવારે હાઈ પ્રોફાઈલ પ્રચારના પડઘમ શમી ગયા હતા.

વાયનાડ લોકસભાની બેઠકને કૉંગ્રેસના વડપણ હેઠળના યુડીએફનો તો ચેલાક્કરા વિધાનસભા બેઠકને એલડીએફના વડપણ હેઠળના માર્ક્સવાદી પક્ષનો ગઢ માનવામાં આવે છે.

જોકે રાજકીય પક્ષોનું માનવું છે કે બદલાતી રાજકીય પરિસ્થિતિ અને ઘટનાક્રમ આ બંને બેઠકના પરિણામમાં આશ્ચર્યજનક વળાંક લાવી શકે છે.

વાયનાડ લોકસભા બેઠક માટે યુડીએફના ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડરા પ્રચાર માટે છેલ્લાં દિવસ સુધી વાયનાડ મતદાદક્ષેત્રમાં હાજર રહ્યાં હતાં. સોમવારે પ્રચારની પૂર્ણાહૂતિ કરતા અગાઉ પ્રિયંકા ગાંધી વાડરાએ સોમવારે ભાઈ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે વાયનાડ મતદારક્ષેત્રમાં બે રોડ શૉ કર્યા હતા.

લોકસભાની ચૂંટણીમાં રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ બંને બેઠક પરથી ચૂંટાઈ આવ્યા બાદ તેમણે વાયનાડ બેઠક ખાલી કરવાનો નિર્ણય લેતાં આ બેઠક પર પેટાચૂંટણી યોજવાનું જરૂરી બની ગયું હતું. (એજન્સી)■

**રોડ શોઃ** કેરળની વાયનાડ લોકસભા બેઠક માટે યોજાનારી પેટાચૂંટણી માટે સોમવારે યોજાયેલા એક રોડ શો દરમિયાન કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને બહેન પક્ષનાં ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડરા સાથે. (એજન્સી)



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન બદલાવા તૈયાર નથી તો ભારત શું કરવા બદલાય?

**વિશ્વ** ક્રિકેટમાં મિની વર્લ્ડકપ મનાતી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટૂર્નામેન્ટ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન પાકિસ્તાનમાં રમાવાની છે ત્યારે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમીને ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરશે એવી વાતો ચાલી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ આ વાતો પર ટાઢું પાણી રેડીને જાહેર કર્યું છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં જાય.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને પત્ર લખીને પોતાની પાકિસ્તાનમાં નહીં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે ને એ માટે કારણ પણ આપ્યું છે કે, ભારત સરકાર નથી ઈચ્છતી કે, ભારતની ક્રિકેટ ટીમ પાકિસ્તાનમાં રમવા જાય. બીસીસીઆઈએ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને પણ આ અંગે જાણ કરી દીધી છે.

આઈસીસીએ પણ પાકિસ્તાનને મેલ કરીને કહી દીધું છે કે, સુરક્ષાનાં કારણોસર ભારતીય ટીમ પાકિસ્તાનમાં રમવા તૈયાર નથી. બીસીસીઆઈએ હાયબ્રિડ મોડેલ પ્રમાણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાની તૈયારી બતાવી છે. હાઇબ્રિડ મોડેલમાં કેટલીક મેચ યજમાન દેશની બહાર યોજવામાં આવે છે. ભારતે આ મોડલ હેઠળ પોતાની મેચ દુબઈમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

બીસીસીઆઈએ પહેલાં પણ પાકિસ્તાનમાં રમવાનો ઈન્કાર કરેલો જ તેથી આ વાતમાં કશું નવું નથી પણ પાકિસ્તાન બઘવાયું છે. જો કે તમાચો મારીને મોં લાલ રાખતાં પીસીબીના ચીફ મોહસિન નકવીએ એવું કહ્યું છે કે, હજુ સુધી અમને લેખિતમાં કંઈ મળ્યું નથી. અમને લેખિતમાં કંઈપણ મળશે તો હું તરત જ મીડિયા અને સરકારને જાણ કરીશ જ. નકવીનો તો એવો દાવો પણ છે કે, અત્યાર સુધી કોઈએ અમારી સાથે હાઇબ્રિડ મોડલ વિશે ચર્ચા કરી નથી ને અમે પણ તેના વિશે વાત કરવા તૈયાર નથી.

નકવીએ આડકતરી રીતે ધમકી પણ આપી છે કે, પાકિસ્તાને તાજેતરના વર્ષોમાં હંમેશાં સારું વર્તન કર્યું છે પણ દરેક વખતે અમારી પાસેથી સારાની અપેક્ષા રાખતા નહીં. નકવીની વાતનો મતલબ એ થાય કે, પીસીબી બીસીસીઆઈ સામે પગલાં લઈ શકે છે અને મીડિયા રિપોર્ટની વાત માનીએ તો પીસીબી બીસીસીઆઈ સામે ઈન્ટરનેશનલ કોર્ટમાં જવાની તૈયારી પણ કરવા માંડ્યું છે.

દુનિયામાં સ્પોર્ટ્સને લગતા વિવાદો માટે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (સીએએસ) છે. પીસીબીએ બીસીસીઆઈ અને આઈસીસી સામે સીએએસમાં કેસ કરવાની ધમકી આપી છે. સાથે સાથે ચેમ્પિયન્સ ટ્રોફી પૂરેપૂરી પાકિસ્તાનમાં ના યોજાય ને હાઈબ્રિડ મોડલ અપનાવા કે પાકિસ્તાનથી બહાર રમાડાય તો બહિષ્કાર કરવાની ધમકી પણ પીસીબીએ આપી છે.

પીસીબીએ ભારતની મેચો સલામત સ્થળે યોજાઈ રહી હોવાની દલીલ પણ કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફી ડ્રાફ્ટ શિડ્યૂલ મુજબ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી રમાશે અને બધી મેચ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં રમાશે એવું પાકિસ્તાને ડ્રાફ્ટ શિડ્યૂલમાં કહ્યું છે. પીસીબીએ ટૂર્નામેન્ટના સ્થળ અને કાર્યક્રમનો ડ્રાફ્ટ આઈસીસીને સોંપ્યો એ પ્રમાણે ભારતને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલેન્ડની સાથે ગ્રૂપ-અમાં રાખવામાં આવ્યું છે. ગ્રૂપ-બમાં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઇંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.

ડ્રાફ્ટ શિડ્યૂલ અનુસાર, ભારતની ત્રણ મેચ પૈકીની પહેલી મેચ ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે, બીજી મેચ ૨૩ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે અને ત્રીજી મેચ ૨ માર્ચે ન્યૂ ઝીલેન્ડ સામે યોજાવાની છે. ભારતની બધી જ મેચ લાહોરમાં રમાડાશે એવું પણ પાકિસ્તાને કહ્યું છે.

જો કે ભારતને પોતાની મેચો ક્યારે ને ક્યાં રમાશે તેનાથી બહુ ફરક પડતો નથી. ભારતે સલામતીનું કારણ આપ્યું છે પણ કારણ સલામતીનું નથી એ પણ બધાં જાણે છે. મૂળ વાત એ છે કે, ભારતીય ટીમ પાકિસ્તાનની ધરતી પર રમવા જ નથી ઈચ્છતી ને તેનું કારણ પાકિસ્તાન દ્વારા ભારતમાં ફેલાવાતો આતંકવાદ છે.

મુંબઈમાં ૨૦૦૮ના નવેમ્બરમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે ભારતે પાકિસ્તાન સાથેના સંબંધો કાપી નાંખ્યા પછી ભારતીય ક્રિકેટ ટીમ ૧૬ વર્ષથી પાકિસ્તાન ગઈ નથી. ટીમ ઈન્ડિયાએ છેલ્લે ૨૦૦૮માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. ૩ ટેસ્ટ મેચની શ્રેણી ભારતીય ટીમે ૧-૦થી જીતી હતી. આ શ્રેણીની ૨ મેચ ડ્રો રહી હતી.

ભારતે એ પછી પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરવા પ્રયત્ન કર્યા જ છે. તેના ભાગરૂપે પાકિસ્તાનની ટીમ ૨૦૧૨-૧૩માં ભારત આવી હતી. આ પ્રવાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ વન ડે મેચો અને ૨ ટી-૨૦ મેચ રમાઈ હતી. પાકિસ્તાને વન ડે સિરીઝ ૨-૧થી જીતી હતી જ્યારે ટી-૨૦ સિરીઝ ૧-૧થી બરાબર થઈ હતી. ભારત એ વખતે ફરી પાકિસ્તાન સાથેના સંબંધો સામાન્ય કરવા તૈયાર હતું પણ પાકિસ્તાન ના સુધર્યું અને આતંકવાક ચાલુ રાખ્યો તેથી ભારતે પછી ક્રિકેટ સંબંધો પર પૂર્ણવિરામ જ મૂકી દીધું.

પાકિસ્તાને એ પછી ભારત સાથેના ક્રિકેટ સંબંધો સુધારવા બહુ પ્રયત્ન કર્યો પણ ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ઘૂસીને ના પાડી દેતાં બંને ટીમ એકબીજાના દેશમાં રમવા જતી નથી. બંને ટીમ માત્ર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ આઇસીસી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ એસીસીની ટૂર્નામેન્ટમાં જ રમે છે. ૨૦૧૩થી બંને ટીમ તટસ્થ સ્થળે ૧૩ વન ડે મેચ અને ૮ ટી-૨૦ મેચ રમી છે પણ એકબીજાની ધરતી પર દ્વિપક્ષીય મેચ નથી રમી. પાકિસ્તાનની ટીમ આ દરમિયાન ભારત રમવા આવી છે પણ ભારતની ટીમ પાકિસ્તાન નથી જ ગઈ.

પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપ રમવા ભારત આવી ત્યારે ૧૪ ઓક્ટોબરે અમદાવાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ ૭ વિકેટે જીતી લીધી હતી. પાકિસ્તાન ઈચ્છે છે કે, ભારતીય ટીમ પણ આ રીતે કમ સે કમ આઈસીસી કે એશિયા કપ જેવી ટૂર્નામેન્ટ રમવા તો પાકિસ્તાન આવે જ પણ ભારત મચક નથી આપતું.

ગયા વર્ષે એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ ભારતે પાકિસ્તાનમાં રમવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આ કારણે ટૂર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારતની મેચો શ્રીલંકામાં યોજાઈ હતી.

ભારતનું વલણ યોગ્ય છે એ કહેવાની જરૂર નથી. પાકિસ્તાનના ઈશારે ભારતની ધરતી પર નિર્દોષોનાં લોહી રેડાય ને આપણે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવા જઈએ એટલા નકટા તો નથી જ. ક્રિકેટ નહીં રમાય તો કોઈ ફરક પડી જવાનો નથી. બીજું એ કે, પાકિસ્તાન પોતે બદલાવા તૈયાર નથી ને ભારતની ધરતી પર આતંકવાદ બંધ કરવા તૈયાર નથી તો ભારત શું કરવા બદલાય?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતૠતુ પ્રારંભ), મંગળવાર, તા. ૧૨-૧૧-૨૦૨૪ પ્રબોધિની એકાદશી (બિલ્વ પત્ર), દેવ ઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા

- ભારતીય દિનાંક ૨૧, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૩૦ મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૦ સુધી, પછી રેવતી. ચંદ્ર મીનમાં.ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૪૫ અમદાવાદ ક. ૦૬ મિ. ૫૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-દ્ભ
- ભરતી : સવારે ક. ૮-૨૫, રાત્રે ક. ૨૧-૩૨,ઓટઃ બપોરે ક. ૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૯ (તા.૧૩). વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક શુક્લ-એકાદશી. પ્રબોધિની એકાદશી (બિલ્વ પત્ર), દેવ ઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા, પંચક , વિષ્ણુ પ્રબોધન ઉત્સવ, વિષ્ટિ ક. ૧૬-૦૫ સુધી, સિદ્ધિ યોગ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આજે શનિ, મંગળ ગ્રહ દેવતાનું પૂજન, ધ્રૂવ દેવતાનું પૂજન, અહિરબુધ્ન્ય દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ, વિષ્ણુ-લક્ષ્મી પૂજન, તુલસી પૂજન, વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન. મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, સર્વ શાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બગીચો બનાવવો, પ્રયાણ મધ્યમ, દુકાન વેપાર , દસ્તાવેજ, ઘર, ખેતર, જમીન, ખેતીવાડીનાં નિત્ય થતાં કામકાજ. પર્વ નિમિત્તે નવા વસ્ત્રો આભૂષણ પહેરવાં. સીમંત સંસ્કાર. બી વાવવું, ખેતીવાડી જેવા ખેતીવાડીનાં કામકાજ. દેવી ઊઠી એકાદશી સંક્ષપ્તિ મહિમાઃ ''ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો પ્રજસુખ પામીએ, મારે એકાદશીનું વ્રત સારૂં છે. એ તો પ્રાણજીવન પ્યારું છે, એ તો પ્રજમાં લઇ જનારું છે...'' ધન્ય એકાદશી નામે આ ભજન ભક્તોનાં ગુંજે છે. શૈવ અને વૈષ્ણવ સર્વ સનાતની માટેનો ભગવદ્પ્રાપ્તિનો આ પાવન પર્વ, ઉત્સવ અને ધાર્મિક મહિમાવંત તહેવાર પણ છે. આજની એકાદશી તુલસી એકાદશી નામે પણ પ્રચલિત છે. તુલસીનો છોડ આયુર્વેદ અને ધાર્મિક દ્રષ્ટિએ પણ મહિમા ધરાવે છે. શાસ્ત્રોમાં તુલસીને વિષ્ણુ પ્રિયા એમ માનવામાં આવે છે.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ ધનસંપત્તિનું સુખ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ વ્યવહારુપણાનો અભાવ ચંદ્ર-મંગળ ત્રિકોણ સકારાત્મક સ્વભાવ, ચંદ્ર-રાહુ યુતિ વિચારોમાં તટસ્થતાંનો અભાવ, શનિ-બુધ ચતુષ્કોણઃભાષા ઉપરના પ્રભુત્વનો અભાવ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ, શનિ-બુધ ચતુષ્કોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.બુધ જ્યેષ્ઠા નક્ષત્ર પ્રવેશ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## તુસ્કેગી યુનિવર્સિટીમાં ગોળીબારઃ એકનું મોત, ૧૬ ઘાયલ

એટલાન્ટા : અલાબામામાં તુસ્કેગી યુનિવર્સિટીમાં હોમકમિંગ સપ્તાહના અંતે રવિવારે વહેલી સવારે ગોળીબારમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હતા તથા એક જણની ધરપકડની જાહેરાત કરવામાં આવી હતી.

અલાબામા લો એન્ફોર્સમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે મોન્ટગોમેરીના ૨૫ વર્ષીય જેક્વેઝ મિરિકને કેમ્પસ ગોળીબારના સ્થળેથી બહાર નીકળતી વખતે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને તેની પાસેથી મશીનગન કન્વર્ઝન ડિવાઇસ સાથેની હેન્ડગન મળી આવી હતી.

એજન્સીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મિરિકને મશીનગન રાખવાના ફેડરલ આરોપનો સામનો કરવો પડે છે. તેણે જણાવ્યું નથી કે તે ઐતિહાસિક રીતે બ્લેક યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો કે કેમ, જ્યાં શાળાનું ૧૦૦મું હોમકમિંગ વીક સમાપ્ત થઈ રહ્યું હતું ત્યારે રવિવારે વહેલી સવારે ગોળીબાર ફાટી નીકળ્યો હતો. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મૃત્યુ પામનાર ૧૮ વર્ષીય વ્યક્તિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી ન હતો પરંતુ ઘાયલોમાં કેટલાક વિદ્યાર્થીઓ હતા.

એજન્સીએ અગાઉ જણાવ્યું હતું કે ૧૨ લોકો ગોળીબારથી ઘાયલ થયા હતા, અને અન્ય ચારને ઈજાઓ થઈ હતી જે ગોળીબારથી સંબંધિત નથી. તુસ્કેગી યુનિવર્સિટીએ જાહેરાત કરી છે કે સોમવારે વર્ગો રદ કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના ચેપલમાં વિદ્યાર્થીઓને મદદ કરવા માટે ગ્રિફ કાઉન્સેલર્સ ઉપલબ્ધ રહેશે.

## યોગી આદિત્યનાથ 'ઘેટાંનાં રૂપમાં વરુ' હોવાનો મલ્લિકાર્જુન ખડગેનો આક્ષેપ

રાંચીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર વિપક્ષને દબાવવાના, ચૂંટાયેલી સરકારને ઊથલાવવાના અને સાંસદો અને વિધાનસભ્યોને ખરીદવામાં કાર્યરત છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ 'ઘેટાંનાં રૂપમાં વરુ' હોવાનો તેમ જ 'મુખમેં રામ, બગલમેં છૂરી'ની નીતિમાં માનતા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. અદાણી અને અંબાણીની મદદથી જ મોદી અને અમિત શાહ સરકાર ચલાવી રહ્યા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

મોદીજી રાજ્યમાંની વિપક્ષની સરકારને ઊથલાવવાની નીતિમાં માને છે. તેમનું કામ વિધાનસભ્યોને બકરીને જેમ પોતાની પાસે રાખી લેવાનું, તેમનું પાલનપોષણ કરવાનું અને પછી તેને વાઢી નાખવાનું છે એવો આક્ષેપ ખડગેએ કર્યો હતો.

મોદી અને શાહે ઈડી, સીબીઆઈ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓને વિપક્ષના નેતાઓ પાછળ લગાડી દીધી છે, પરંતુ અમે તેનાથી ગભરાતા નથી એમ જણાવી ખડગેએ દાવો કર્યો હતો કે અમે સ્વતંત્રતા માટે લડ્યા છીએ અને કુરબાની આપી છે.

મોદી, શાહ, અદાણી અને અંબાણી દેશ ચલાવી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધી અને હું દેશના બંધારણ અને લોકશાહીને બચાવવાના પ્રયાસ કરી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું. મોદી જુઠ્ઠાડા છે અને તેઓ ક્યારેય આપેલું વચન નથી પાળતા એમ જણાવી તેમણે કહ્યું હતું કે શું ગુજરાતમાં સુવર્ણ યુગ આવ્યો?

મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન તરીકે અમે મોદીને પચીસ વર્ષથી સહન કરી રહ્યા છીએ. પછાત જાતિના લોકો અને મહિલાઓનું શોષણ કરનારાંઓને મોદી ટેકો આપે છે એમ જણાવી ખડગેએ દાવો કર્યો હતો કે મોદી મણિપુરની મુલાકાતે જતાં ડરે છે.

યોગી આદિત્યનાથ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે સાચો યોગી 'બટેંગેં તો કટોંગેં' જેવી ભાષાનો પ્રયોગ નથી કરતો. આતંકવાદીઓ આવી ભાષાનો પ્રયોગ કરે છે. યોગી મઠાધિપતિ છે અને ભગવા વસ્ત્રો ધારણ કરે છે, પરંતુ 'મુખમેં રામ, બગલમેં છૂરી' જેવી ભાષાનો પ્રયોગ કરે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## જાપાનની સંસદે સંઘર્ષશીલ નેતા ઈશિબાને ફરીથી વડા પ્રધાન તરીકે પસંદ કર્યા

ટોક્યો : જાપાનની સંસદે સોમવારે વડા પ્રધાન શિગેરુ ઇશિબાને ફરીથી ચૂંટ્યા પછી તેમના ગઠબંધનને એક દાયકા કરતાં વધુ સમયની સૌથી ખરાબ ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો.

ઇશિબાની શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી અને તેના જુનિયર પાર્ટનર કોમેટોએ તેની પાર્ટી અને તેના દ્વારા નાણાકીય ગેરવર્તણૂક પર સતત મતદારોના આક્રોશને કારણે ૨૭ ઓક્ટોબરની ચૂંટણીમાં સાથે મળીને ૪૬૫ બેઠકો ધરાવતા લોઅર હાઉસમાં બહુમતી ગુમાવી દીધી હતી, જે જાપાનની બે ગૃહની સંસદના વધુ શક્તિશાળી છે.

સામાન્ય ચૂંટણીના ૩૦ દિવસની અંદર જરૂરી વોટમાં નવા નેતાની પસંદગી કરવા માટે સોમવારે ખાસ સંસદીય સત્ર બોલાવવામાં આવ્યું હતું.

ભૂતકાળમાં, આ મતોએ એટલું ધ્યાન આકર્ષિત કર્યું ન હતું કારણ કે એલડીપી નેતાને વડા પ્રધાન બનવાની વર્ચ્યુઅલ ખાતરી આપવામાં આવી હતી. ઈશિબાએ ૩૦ વર્ષમાં પ્રથમ રનઓફમાં ટોચના વિપક્ષી નેતા યોશિહિકો નોડાને ૨૨૧-૧૬૦થી હરાવ્યા હતા.

તેમના અગાઉના કેબિનેટ સભ્યોમાંથી મોટા ભાગના સભ્યોની ફરીથી નિમણૂક કરવામાં આવશે, પરંતુ ઈશિબાએ તેમની બેઠકો ગુમાવનારા અથવા ચૂંટણી પરિણામોથી પ્રભાવિત થનારા ત્રણને બદલવા પડશે. ચૂંટણીની હાર બાદથી, ઇશિબાએ પદ છોડવાનો ઇનકાર કર્યો છે, અને કહ્યું છે કે તે સ્થિરતા વધારવા અને તેમની પાર્ટીની નીતિઓને અનુસરવામાં મદદ કરવા માટે વધારાના ગઠબંધન ભાગીદારો સાથે સહયોગ કરવા તૈયાર છે. જાપાનના કેન્દ્રીય વિપક્ષ કોન્સ્ટિટ્યુશનલ ડેમોક્રેટિક પાર્ટીના વડા નોડા, વિપક્ષી ગઠબંધન બનાવવાની કોશિશ કરી રહ્યો છે, પરંતુ અત્યાર સુધી સફળતા મળી નથી.

## સુપ્રીમ કોર્ટે બળાત્કાર કેસમાં પ્રજવલ રેવન્નાની જામીન અરજી ફગાવી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે પૂર્વ જેડી (એસ) સાંસદ પ્રજવલ રેવન્નાની, બળાત્કાર અને જાતીય શોષણના આરોપો સામે જામીન અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ ડેલા એમ. ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે અરજી ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે રેવન્ના ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિ છે.

રેવન્ના તરફથી હાજર થતાં વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે આ કેસમાં ચાર્જશિટ દાખલ કરવામાં આવી છે અને પ્રારંભિક ફરિયાદમાં કાયદાની કલમ ૩૭૬ નહોતી. ખંડપીઠે કહ્યું કે તે કર્ણાટક હાઈકોર્ટના ૨૧ ઓક્ટોબરના નિર્ણયમાં દખલ કરી શકે નહીં. રોહતગીએ છ મહિના પછી કોર્ટમાં જવાની સ્વતંત્રતા માંગી હતી. જો કે બેન્ચે કહ્યું કે તે તેના વિશે કંઈ કહી શકે તેમ નથી અને તેની અરજી ફગાવી દીધી હતી.

ઑગસ્ટમાં, કર્ણાટકની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સીટ) જે રેવન્ના સામે જાતીય શોષણ અને ઉત્પીડનના ચાર કેસોની તપાસ કરી રહી છે, તેણે ૨૧૪૪ પાનાંની ચાર્જશિટ રજૂ કરી હતી.

ચાર્જશિટ એક કેસ સાથે સંબંધિત છે જેમાં ભૂતપૂર્વ ધારાસભ્ય પર એક મહિલા પર બળાત્કારનો આરોપ છે, જે તેના પરિવાર માટે ઘરેલુ સહાયક તરીકે કામ કરતી હતી. જેડી (એસ)ના નેતા વિરુદ્ધ બળાત્કારના બે કેસ અને એક જાતીય શોષણનો કેસ છે. પ્રજ્વલ રેવન્ના હોલેનારસીપુરા જેડી (એસ) સાંસદ એચ ડી રેવન્નાનો પુત્ર અને ભૂતપૂર્વ વડા પ્રધાન એચ ડી દેવગૌડાનો પૌત્ર છે.

## ઉત્તર પ્રદેશના મીરાપુરમાં આચારસંહિતાનો ભંગ કરવાનો કેસઃ કાદિર રાણા સામે નોંધાયો

મુઝફ્ફરનગર : ભૂતપૂર્વ સંસદસભ્ય કાદિર રાણા અને બીજા ૨૪ લોકો સામે મીરાપુર વિધાનસભા ક્ષેત્રમાં આચારસંહિતાનો ભંગ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. ૨૦ નવેમ્બરની પેટાચૂંટણીને લીધે આ વિધાનસભા ક્ષેત્રમાં આચારસંહિતા અમલમાં હોવા છતાં આરોપીએ પંચાયતના મકાનમાં પ્રચારસભા યોજી હતી.

સર્કલ ઓફિસર (જાનસઠ) યતેન્દ્ર સિંહ નાગરે પત્રકારોને કહ્યું હતું કે ૨૫ લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આમાંથી કાદિર સહિત દસનાં નામો લખવામાં આવ્યા છે.

અધિકારીએ કહ્યું હતું કે ઉમેદવારોને ઘેર ઘેર જઈને પ્રચાર કરવાની છૂટ હતી, પરંતુ ભૂતપૂર્વ સંસદસભ્ય રાણા અને બીજાઓએ પંચાયત રૂમમાં બેઠક યોજી હતી. રાણા ૨૦૦૯થી ૨૦૧૪ સુધી બહુજન સમાજ પાર્ટીના સંસદસભ્ય રહી ચુક્યા છે અને તેઓ સુમ્બુલ રાણા પરથી ચૂટણી લડી રહેલી તેમની પુત્રી અને સમાજવાદી પાર્ટીના ઉમેદવાર માટે ચૂંટણીસભા યોજી હતી. મીરાપુર વિધાનસભા ક્ષેત્રમાં આચારસંહિતાનો ભંગ કરવાનો રાણા પર બીજો કેસ નોંધવામાં આવ્યો છે. (એજન્સી)

## ધુમ્મસને લીધે ઓમર અબ્દુલ્લાએ મુખ્ય પ્રધાન કાર્યાલયમાં હાજરી આપવા સડકમાર્ગે જવું પડ્યું

જમ્મુ : મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ સોમવારે અહીં સિવિલ સચિવાલયમાં તેમની ઑફિસમાં હાજરી આપવા માટે શ્રીનગરથી તેમની રોડ ટ્રીપની ઝલક શેર કરી હતી કારણ કે તેમની ફ્લાઇટ નબળી દૃશ્યતાને કારણે રદ કરવામાં આવી હતી.

રવિવારે ઓછી વિઝિબિલિટીના કારણે અગિયાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને બીજી ટેક્નિકલ કારણોસર બંધ કરવામાં આવી હતી, એમ ઍરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું.

''જમ્મુમાં નબળી દૃશ્યતાનો અર્થ છે અચાનક, છેલ્લી ઘડીની, રોડ ટ્રીપ. ગઈકાલે (રવિવારે) જમ્મુમાં વિમાનોનાં ઉડ્ડયન બંધ હોવાથી મારે સડકમાર્ગે શિયાળાની રાજધાનીનો રસ્તો લેવો પડ્યો'' એમ અબ્દુલ્લાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

તેણે રવિવારે ઉનાળાની રાજધાની શ્રીનગરથી જમ્મુ તરફ જતાં તેના કાફલાના ત્રણ વીડિયો પણ શેર કર્યા હતા.

જોકે, ઍરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે સવારે શેડ્યૂલ મુજબ ફ્લાઈટની કામગીરી ફરી શરૂ થઈ હતી.

અન્ય પોસ્ટમાં, અબ્દુલ્લાએ કહ્યું, ''સત્તાવાર નિવાસસ્થાનની બાલ્કનીમાંથી દૃશ્યતા જોઈને મને નથી લાગતું કે આજે પણ ફ્લાઈટ્સ ટૂંક સમયમાં શરૂ થશે. તમે ધુમ્મસમાં સૂર્ય ભાગ્યે જ જોઈ શકો છો.''

૧૬ ઓક્ટોબરે કાર્યભાર સંભાળ્યા બાદ અબ્દુલ્લાની જમ્મુ સિવિલ સચિવાલયની આ પ્રથમ મુલાકાત હતી. સવારે ૧૦ વાગ્યે તેઓ સરકારી બેઠક પર પહોંચ્યા ત્યારે કર્મચારીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### મણિપુરમાં સુરક્ષાદળ

ઘરો પર હુમલા કર્યા હતા અને દુકાનોને આગ ચાંપી હતી જેને પગલે સુરક્ષા દળના જવાનો સાથે અથડામણ થઈ હતી.

પાંચ નાગરિકો હજુ પણ ગુમ હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે ઉગ્રવાદીઓએ તેમનું અપહરણ કર્યું કે પછી હુમલાથી બચવા તેઓ સંતાઈ ગયા છે એ સ્પષ્ટ થઈ શક્યું નથી.

અથડામણમાં મૃત્યુ પામેલાંઓનાં મૃતદેહ બોરોબેકરા પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. જૂન મહિનાથી ત્યાર સુધીમાં બોરોબેકરા પોલીસ સ્ટેશન હિંસાની અનેક ઘટનાઓનું સાક્ષી રહ્યું છે. જિલ્લાનો આ સૌથી ખરાબ રીત ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તાર છે, એમ તેમણે કહ્યું હતું.

ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં પ્રતિબંધિત આદેશ આપી બીએનએસએસની કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે.

અમુક અસામાજિક તત્ત્વોને કારણે એ વિસ્તારમાં વ્યાપકપણે શાંતિ ખોરવાય તેમ જ લોકોના જીવ જોખમમાં મુકાય એમ હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પાંચ કરતાં વધુ વ્યક્તિ એકઠી ન થાય તેવો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે. (એજન્સી)

### ઝારખંડના લોકોએ

છે. તેઓએ છેલ્લા પાંચ વર્ષમાં મોટી મોટી વાતો કરી, પરંતુ આજે ઝારખંડના લોકો જોઈ રહ્યા છે કે તેમના મોટાભાગનાં વચનો ખોટાં છે, એમ મોદીએ કહ્યું હતું.

રાજ્યમાં ૧૩ અને ૨૦ નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકાર તરફથી સહકારનો અભાવ હોવા છતાં, કેન્દ્ર તેના 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે રાજ્યના વિકાસ માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. વંશવાદી પક્ષો માત્ર ભ્રષ્ટ નથી પણ સમાજના પ્રતિભાશાળી યુવાનો માટે સૌથી મોટી અડચણ છે.

### મુસ્લિમ નેતાઓએ

છે. મસૂદે જણાવ્યું હતું કે માત્ર મુસ્લિમોની માલિકીની મિલકતો, જેમાં મસ્જિદો, મંદિરો અને ઇદગાહનો સમાવેશ થાય છે, તેને ''મુસ્લિમોને ભૂમિહીન બનાવવાની યોજના''ના ભાગરૂપે વર્ણવતા, સરકારની સઘન તપાસનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન, આદર્શ નગરના ધારાસભ્ય રફીક ખાને ભારપૂર્વક જણાવ્યું હતું કે બિલ પરના તેમના મંતવ્યો સમજવા માટે જેપીસીએ વાસ્તવિક હિતધારકો સાથે સંલગ્ન થવું જોઈએ.




**શ્રદ્ધાંજલિઃ** જમ્મુ-કાશ્મીરના કિશ્તવાર જિલ્લામાં સોમવારે આતંકવાદીઓ સાથેની અથડામણ દરમિયાન શહીદ થયેલા નાયબ સુબેદાર રાકેશકુમારને શ્રદ્ધાંજલિ આપી રહેલા સેનાના જવાનો. (એજન્સી)

# કેટલાંક લોકો સમાજને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છેઃ મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદીએ સોમવારે કહ્યું હતું કે, કેટલાક લોકો તેમના સ્વાર્થ ખાતર સમાજને વિભાજિત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેમને હરાવવા જરૂરી છે. વડા પ્રધાન મોદીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવા માટે એકતા જરૂરી હોવા પર ભાર મૂક્યો હતો. ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્થાપનાનાં ૨૦૦ વર્ષ પૂર્ણ થયાં તેની ઉજવણી માટે દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, આ પ્રસંગે ડિજિટલ માધ્યમથી વડા પ્રધાન મોદીએ સંબોધન કર્યું હતું.

વડા પ્રધાન મોદીએ તેમનાં સંબોધનમાં કહ્યું હતું કે, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દેશના નાગરિકોમાં એકતા અને અખંડિતતા જરૂરી છે. પરંતુ દુર્ભાગ્યવશ કેટલાક લોકો તેમના સ્વાર્થ અને સંકુચિત માનસિકતાના કારણે જાતિ, ધર્મ, ભાષાના આધારે સ્ત્રી-પુરુષ અને શહેર-ગામના આધારે વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મોદીએ ઉમેર્યું હતું કે, આપણે તેમના ઈરાદાઓને સમજવા પડશે અને તેમને હરાવવા માટે એક થવું પડશે. તેમણે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે સંતોને પણ ભારતના દરેક નાગરિક સાથે જોડાઈ જવા કહ્યું હતું. ■

# વિધાનસભાની વાવ બેઠકની પેટાચૂંટણીના પ્રચાર પડઘમ શાંતઃ બુધવારે મતદાન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આગામી આગામી ૧૩ નવેમ્બરે મતદાન અને તા. ૨૩ નવેમ્બરે મતગણતરી થશે. આ ચૂંટણીમાં ભાજપ, કૉંગ્રેસ, અપક્ષ ઉમેદવાર વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. સોમવાર સાંજે ૫:૦૦ વાગ્યે ચૂંટણીપ્રચારનાં પડઘમ શાંત થયાં હતાં, મતદારોને રિઝવવા માટે રાજકીય પક્ષોએ છેલ્લી ઘડીના પ્રયાસો કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાવ વિધાનસભાની બેઠકની પેટાચૂંટણી ભાજપ અને કૉંગ્રેસ બંને માટે નાકનો સવાલ બની છે, બનાસકાંઠા લોકસભાની એક બેઠક ભાજપે ગુમાવી દેતાં ભાજપને મોટો ફટકો પડ્યો હતો. લોકસભાની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરનો બનાસકાંઠા લોકસભા સીટ પરથી વિજય થતાં વાવ વિધાનસભાની બેઠક ખાલી પડી છે. ભાજપ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં પોતાની પકડ મજબૂત બનાવવા માટે એડી-ચોટીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જ્યારે કૉંગ્રેસ પોતાની સીટને જાળવી રાખવા મરણિયા પ્રયાસો કરી રહી છે, તો તેની સામે ભાજપમાંથી બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરનાર માવજીભાઈ પટેલ ઠેર ઠેર શક્તિ પ્રદર્શન કરી રહ્યા છે, પરિણામે ભાજપ અને કૉંગ્રેસ બંનેની ઊંઘ હરામ થઈ ગઈ છે.

આ ચૂંટણી ભાજપ અને કૉંગ્રેસ જ નહીં, પરંતુ અપક્ષ ઉમેદવાર માટે પણ વટનો સવાલ જેવી થઈ ગઈ છે. સોમવારે સાંજે પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલાં ભાજપ, કૉંગ્રેસ અને અપક્ષના ઉમેદવારોએ ડોર ટુ ડોર અને ખાટલા પરિષદો કરીને લોકોને રીઝવવાના પ્રયત્ન કર્યા હતા. પ્રચાર પડઘમ શાંત થતાંની સાથે જ બહારથી આવેલા તમામ નેતાઓએ વાવ વિધાનસભા ક્ષેત્ર છોડી દેવું પડ્યું હતું.

ભાજપે અહીંના સૌથી મોટા સમાજમાંથી સ્વરૂપજી ઠાકોરને મેદાને ઉતાર્યા છે, તેમની સામે કૉંગ્રેસમાંથી ગુલાબસિંહ રાજપૂતને ઉમેદવાર બનાવાયા છે. આ ચૂંટણીમાં માત્ર ભાજપ અને કૉંગ્રેસ પર જ નહીં પરંતુ અપક્ષ ઉમેદવાર માવજી પટેલ પર પણ લોકોની નજર છે. ભાજપમાંથી બળવો કરીને અપક્ષ તરીકે લડનાર માવજી પટેલ કૉંગ્રેસને જેટલું નુકસાન કરશે તેનાથી વધારે ભાજપને કરી શકે છે તેવું નિષ્ણાતો માની રહ્યા છે. ■

# ગુજરાતનાં તમામ શહેરોની સોસાયટીઓ માટે ૨૦૨૭ સુધીમાં વૉટર રિસાઈક્લિંગ ફરજિયાત બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર આગામી થોડા મહિનામાં કેન્દ્ર સરકારની લિક્વિડ વેસ્ટ મૅનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૪ને લાગુ કરવા માટે તૈયારી કરી રહી છે, આ અંગે ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ નિયમોનો હેતુ રહેણાક સોસાયટીઓ, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને ઔદ્યોગિક ક્લસ્ટરોમાં વેસ્ટ વૉટર મૅનેજમેન્ટના વધતા પડકારોનો સામનો કરવાનો છે. રાજ્ય સરકારના આ નવા નિયમોની હાલની અને નવી બનેલી બંને રહેણાક સોસાયટીઓ પર નોંધપાત્ર અસર પડશે, કારણ કે તે ગંદાં પાણીના નિકાલ અને પુનઃઉપયોગ પર ભાર આપે છે.

આ નવા નિયમો હેઠળ, રહેણાક સોસાયટીઓને પાણીના મોટા વપરાશકારો તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, ખાસ કરીને જેઓ દરરોજ ૫,૦૦૦ લિટરથી વધુ પાણીનો વપરાશ કરે છે અથવા જેમનું પ્રદૂષણ લોડ દરરોજ ૧૦ કિલોથી વધુ બાયોલૉજિકલ ઑક્સિજન ડિમાન્ડ (બીઓડી) છે. આમાં મોટા ભાગના એપાર્ટમેન્ટ કૉમ્પ્લેક્સનો સમાવેશ થશે.

આ સોસાયટીઓએ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) દ્વારા સંચાલિત કેન્દ્રીયકૃત વેબસાઇટ પર નોંધણી કરાવવી પડશે.

નવા નિયમોનું એક મહત્ત્વનું પાસું એક્સટેન્ડેડ યુઝર રિસ્પોન્સિબિલિટી (ઈયુઆર)નો નવતર પ્રયોગ છે. ઈયુઆર જથ્થાબંધ વપરાશકર્તાઓને તેમના દ્વારા ઉત્પન્ન થતા વેસ્ટ વૉટરની ટ્રિટમેન્ટ અને પુનઃઉપયોગ માટે જવાબદાર બનાવે છે. શહેરી વિકાસ વિભાગના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, કડક રિપોર્ટિંગ સોસાયટીઓને તેમના પાણીના વપરાશ, ગંદાં પાણીના ઉત્પાદન, પુનઃઉપયોગ અને નિકાલ અંગેનો માસિક અને વાર્ષિક ડેટા ઓનલાઈન પોર્ટલ દ્વારા પૂરો પાડવાનું ફરજિયાત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૭થી, નવી રહેણાક સોસાયટીઓએ તેમનાં કુલ પાણીના વપરાશના ૨૦ ટકા રિસાઈકલ કરવાની જરૂર પડશે. એપ્રિલ ૨૦૩૦થી, આ જરૂરિયાત વપરાતાં પાણીના ૫૦ ટકા રિસાઈક્લિંગ સુધી વધશે. ■

# યાત્રાધામ સોમનાથ અને દ્વારકામાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ગેરકાયદેસર બાંધકામ મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. ગીર સોમનાથ, જૂનાગઢ, દ્વારકા, કચ્છમાં સૌથી વધારે ગેરકાયદેસર બાંધકામ થયાં હોવાની માહિતી બહાર આવ્યા બાદ સરકાર ઍક્શન મોડમાં આવી છે. સોમવારે રાજ્યનાં બે પવિત્ર યાત્રાધામ સોમનાથ અને દ્વારકા જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

સોમનાથમાં ફરી એક મોટા ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ હતી. સોમનાથ મંદિરનાં દ્વાર ખૂલે એ પહેલાં જ ધાર્મિક સ્થળો સહિતનાં દબાણો દૂર કરવાની ફરી શરૂઆત કરાઈ હતી. મળતી માહિતી મુજબ, યાત્રાધામ સોમનાથના શંખ સર્કલથી ત્રિવેણી ઘાટ સુધી નાનાં લારી-ગલ્લા, રોડ પરનાં દબાણો દૂર કરાયાં હતાં. વેરાવળમાં ૧૫૦થી વધુ દબાણો પર તંત્રનું બુલડોઝર ફર્યું હતું. વેરાવળ સોમનાથ જોડિયા શહેરમાં ત્રણ દિવસથી તંત્રની ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઈ છે. વેરાવળમાં ૧૫૦થી વધુ દબાણો દૂર કરાયાં છે. આગામી ૨૨ તારીખથી સોમનાથ ખાતે ચિંતન શિબિર યોજાનાર છે, ત્યારે પાલિકા તંત્ર દ્વારા સૂચક ડિમોલિશનની કામગારી તેજ કરાઈ છે.

તે જ પ્રકારે દ્વારકા જિલ્લાના ખંભાળિયા જામનગર નેશનલ હાઈવે પર બુલડોઝર ફરી વળ્યું હતું, ભૂ-માફિયાઓ દ્વારા સરકારી જમીન પર હોટલ બાંધી દેવામાં આવી હતી જેને પગલે જિલ્લા કલેક્ટર અને તાલુકા મામલતદારે અવાર-નવાર નોટિસ પણ મોકલી હતી તેમ છતાં જગ્યા ખાલી ના કરતાં બુલડોઝર ફેરવીને દબાણ દૂર કરાયું હતું. ભવિષ્યમાં પણ આ જ રીતે કામગીરી કરવામાં આવશે અને જે પણ લોકોએ સરકારી જમીન દબાવી પાડી હશે તે બાંધકામને દૂર કરવામાં આવશે. ■

# દક્ષિણ ગુજરાતમાં મુસ્લિમ સમાજસેવીઓએ વકફની મિલકતોના વહીવટ અંગેની ફરિયાદ કરતાં વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં વકફની મિલકતો મુદ્દે મુસ્લિમ સમાજના લોકો દ્વારા આરટીઆઈ કરીને માહિતી માંગવામાં આવી હતી. તે ઉપરાંત કચેરીઓમાં ફરિયાદો પણ કરાઈ હતી. ત્યારે મુસ્લિમ સમાજ દ્વારા આ પ્રકારની ફરિયાદો પાયાવિહોણી છે એમ કલેક્ટરને રજૂઆત કરીને જણાવ્યું હતું. તેમ જ તેમની સામે કડક પગલાં લેવા પણ રજૂઆત કરાઈ હતી.

દક્ષિણ ગુજરાતના મુસ્લિમ સમાજે કલેક્ટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, મુસ્લિમ ધર્મની મિલકતો પર તેમના સમાજની કેટલીક વ્યક્તિઓ જેઓ પોતાની ઓળખ પત્રકાર અને સમાજસેવી તરીકે આપે છે. તેમના દ્વારા દક્ષિણ ગુજરાતની ધાર્મિક સંસ્થાઓ જેવી કે, મસ્જિદ, મદ્રેસા, કબ્રસ્તાન અને વકફની મિલકતોને લઈને આરટીઆઈ કરવામાં આવી રહી છે. ધાર્મિક સંસ્થાઓને બ્લેકમેઇલ કરીને પૈસા પડાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આવી ટોળકીઓ સામે તપાસ કરી કાયદાકીય પગલાં લેવા માટે દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

મુસ્લિમ સમાજના આગેવાનોએ કહ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં કેટલીક ટોળકીઓ દ્વારા કેટલીક ધાર્મિક સંસ્થાઓને ટાર્ગેટ કરીને તેમની પાસેથી પૈસા પડાવવાના બદઈરાદે ખોટી માહિતીઓ માધ્યમોમાં પ્રસારિત કરવામાં આવી રહી છે. તેમનો હેતુ સમાજના હિતમાં કાર્ય કરવાનો નહીં, પણ બ્લેકમેલિંગ કરીને પૈસા પડાવવાનો છે.

દક્ષિણ ગુજરાતની ધાર્મિક મિલકતો ટ્રસ્ટ પાસે છે અને કાયદેસર રીતે તેનો વહીવટ કરવામાં આવે છે.

આ અંગે સરકાર પાસે પણ તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ હોય છે, પરંતુ આરટીઆઈ કરનારી ટોળકી માત્ર રૂપિયા પડાવવા માટે કાયદાનો ખોટો ઉપયોગ કરી રહી છે. તેમની સામે તપાસ કરી કડકમાં કડક પગલાં લેવાં જોઈએ એમ કલેક્ટરને જણાવાયું હતું. ■

# મુખ્ય પ્રધાને હિંમતનગરથી મગફળી, સોયાબીન, અડદ અને મગનો ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સોયાબીન, અડદ અને મગની ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી પ્રારંભ સાબરકાંઠાના હિંમતનગરથી કરાવ્યો હતો. પ્રાઈઝ સપોર્ટ સ્કીમ અન્વયે ખેડૂતોને તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુસર રાજ્યમાં ૧૬૦થી વધુ કેન્દ્રો દ્વારા ૯૦ દિવસ સુધી આ ખરીદી કરવામાં આવશે. રાજ્યભરના ૩.૭૦ લાખથી વધુ ખેડૂતોએ આ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ખેડૂતોને પૂરતું પાણી, વીજળી, ખાતર અને પાકના ભાવો મળી રહે તો ખેડૂતો બાવડાના બળે જગત આખાની ભૂખ ભાંગી શકે છે. નર્મદાનાં વહી જતાં પાણીને ખેતરો સુધી સિંચાઈ માટે પહોંચાડાયાં. પ્રત્યેક જિલ્લામાં ૭૫ જેટલા અમૃત સરોવરનું નિર્માણ અને 'કેચ ધ રેઇન' અંતર્ગત બોર બનાવાયા. ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વીજળી મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ખેડૂતોને કહ્યું હતું કે, કેમ શાંત થઈ ગયા છો બધા? ટેકાનો ભાવ તો સારો છે ને? મેં બહાર બજારની કિંમત પૂછી તો ૯૦૦થી ૧૦૦૦ હોવાનું જાણવા મળ્યું હતું અને સરકાર રૂ.૧૩૫૬ના ભાવે ખરીદવાની છે. તો ભાવ તો સારો મળી રહ્યો છે. આવા બધા જ સફળ આયોજનને પરિણામે ગુજરાતમાં પાછલાં ૨૩ વર્ષમાં કૃષિવિકાસ થયો છે. રાજ્યનો પિયત વિસ્તાર આજે ૬૨ લાખ હેક્ટર થઈ ગયો છે. એગ્રીકલ્ચર સેક્ટરમાં ઉત્પાદન પણ વધીને ૨.૭ લાખ કરોડ થયું છે.

મુખ્ય પ્રધાનના હસ્તે જિલ્લાના ખેડૂતોને વિવિધ યોજનાકીય સહાયના ચેક અર્પણ કરાયા હતા. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં મગફળી માટે રૂ. ૬૭૮૩, મગ માટે રૂ. ૮૬૮૨, અડદ માટે રૂ.૭૪૦૦ તેમ જ સોયાબીન માટે રૂ.૪૮૯૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કરાયા છે. રાજ્યનાં તમામ ૧૬૦ કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ખરીદી ચાલશે. ■

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ૯૯ ટકા જગ્યાઓ ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં આચાર્યની ખાલી પડેલી જગ્યાઓની સ્થિતિ ગંભીર પ્રશ્નો પેદા કરનારી છે. ગુજરાતી-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યાઓ ૯૯ ટકા ખાલી પડી છે. તાજેતરમાં પ્રગટ થયેલા વર્ષ ૨૦૨૪-૨૫ના રિપોર્ટમાં આંકડાઓ દર્શાવે છે કે સમગ્ર રાજ્યમાં કુલ ૮૯૬ આચાર્યની જગ્યાઓમાંથી ગુજરાતી માધ્યમની શાળાઓમાં ૮૮૯ જગ્યાઓ ખાલી પડી છે. જે કુલ જગ્યાના ૯૯.૨૧ ટકા છે. જ્યારે અન્ય સાત જગ્યાઓ બીજી ભાષાનાં માધ્યમોની છે. જેમાં અંગ્રેજી માધ્યમની શાળાની પાંચ જ્યારે હિન્દી માધ્યમની બે જગ્યાઓ છે.

સત્તાવાર જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ ગુજરાતી માધ્યમની શાળાઓમાં જૂનાગઢ જિલ્લો સૌથી આગળ છે કે જ્યાં ૫૪ જગ્યાઓ ખાલી પડી છે. ૫૧ જગ્યાઓ સાથે દાહોદ બીજા ક્રમે, જ્યારે સાબરકાંઠામાં ૪૭ જગ્યાઓ, રાજકોટમાં ૪૬, ખેડામાં ૪૫ અને મહીસાગરમાં ૪૩ જગ્યાઓ ખાલી છે. અમદાવાદ જિલ્લામાં ખાલી જગ્યાઓની સંખ્યા ૪૧ની છે જ્યારે રાજ્યના પાટનગર ગાંધીનગર જિલ્લામાં ૨૩ જગ્યાઓ ખાલી પડી છે.

શિક્ષણની વરવી વાસ્તવિકતાના આંકડાઓ અંગે શિક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે શાળા સંચાલકો દ્વારા છેલ્લા એક દાયકા દરમિયાન સતત આ મુદ્દો રાજ્ય સરકારના ધ્યાન પર લાવવવામાં આવ્યો હતો, તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ નિમણૂકો અથવા બઢતી લાગુ કરવામાં આવી નથી. આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા ભરતી અંગેની અનેકવિધ જાહેરાતો છતાં હજુ સુધી કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. ■

# અમદાવાદના હાટકેશ્વર બ્રિજનું ૧૧૮ કરોડના ખર્ચે નવનિર્માણ થશેઃ ૨૦૧૭માં ફ્લાય ઓવર બન્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના બહુચર્ચિત હાટકેશ્વર બ્રિજ અંગે ફરી એક વખત વિવાદ સર્જાયો છે, અમદાવાદ મનપા તંત્રમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારના પ્રતીક સમો હાટકેશ્વર બ્રિજ ૧૧૮ કરોડ રૂપિયામાં નવેસરથી બનશે. હાટકેશ્વર બ્રિજ તોડીને નવો બનાવવા પાછળનો ખર્ચ દિવસે ને દિવસે વધી રહ્યો છે. ૪૨ કરોડના ખર્ચે બનેલા હાટકેશ્વર બ્રિજને તોડીને નવો બનાવવા પાછળનો ખર્ચ ૧૧૮ કરોડ રૂપિયા પહોંચી ગયો છે. અમદાવાદમાં ૨૦૧૭માં બનેલો હાટકેશ્વર બ્રિજ ૫૦ વર્ષની ગૅરંટીથી બન્યો હતો, પરંતુ તેની ગુણવત્તા એટલી નબળી હતી કે તેને બન્યાના વર્ષમાં જ પોપડા ઉખડવા માંડ્યા હતા અને ચાર વર્ષમાં તો તેને બંધ કરી દેવો પડ્યો હતો.

અમદાવાદ મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શહેજાદ ખાન પઠાણે હાટકેશ્વર બ્રિજને લઈને ફરી એક વખત સવાલ ઉઠાવ્યા હતા. શહેજાદ ખાન પઠાણે કહ્યું હતું કે, બે મહિના પહેલાં હાટકેશ્વર બ્રિજને તોડીને નવો બનાવવા પાછળનો ખર્ચ ૫૫ કરોડ હતો જ્યારે હવે બે મહિના પછી જ તેનો ખર્ચ વધીને ટોટલ ૧૧૮ કરોડ થઈ ગયો છે. શહેજાદ ખાન પઠાણે સવાલ ઉઠાવતાં કહ્યું હતું કે, 'ભાજપના રાજમાં અમદાવાદ મહાનગરપાલિકામાં સૌથી મોટો ભ્રષ્ટાચાર થયો હોય તો તે હાટકેશ્વર બ્રિજમાં થયો છે. ૨૦૧૭માં ૪૨ કરોડના ખર્ચે બનાવેલા બ્રિજમાં ભ્રષ્ચાચાર થતાં ૨૦૨૨માં પાંચ વર્ષ પછી જ જનતા માટે બંધ કરવામાં આવ્યો હતો. હાટકેશ્વર બ્રિજનો બે વર્ષ પછી પણ કોઈ નિકાલ આવ્યો નથી. બે મહિના પહેલાં ભાજપના હોદ્દેદારોએ મોટા મોટા દાવા કર્યા હતા કે હાટકેશ્વર બ્રિજને તોડીને નવો બનાવવા પાછળ ૫૨ કરોડનો ખર્ચ થશે અને આ તમામ ખર્ચ કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલવામાં આવશે. હાટકેશ્વર બ્રિજ મામલે ભાજપ પાંચ વર્ષથી અમદાવાદની જનતાને ગુમરાહ કરવાનું કામ કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ ૨૦૧૭માં અજય ઇન્ફ્રા નામની કંપની દ્વારા ૪૨ કરોડમાં બનાવવામાં આવ્યો હતો. અજય ઇન્ફ્રાએ દાવો કર્યો હતો કે આ બ્રિજને ૧૦૦ વર્ષ સુધી કંઈ નહીં થાય, પણ પાંચ વર્ષ બાદ જ બ્રિજની મજબૂતાઈ પર સવાલ ઊભા થયા હતા. બ્રિજને ૨૦૨૨માં જનતા માટે બંધ કરવાની ફરજ પડી હતી. ■

## અમદાવાદમાં ફરી રોગચાળો વકર્યોઃ

# શરદી, ઉધરસ, તાવ, વાયરલ ઈન્ફેક્શનના ૬,૬૬૩ કેસ

અમદાવાદઃ શહેરમાં ફરી એક વખત રોગચાળો વકર્યો છે, અમદાવાદમાં સવારે અને બપોરે ગરમી તથા રાત્રે ઠંડીના કારણે લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે, જેના કારણે શરદી, ઉધરસ, તાવ અને વાઇરલ ઇન્ફેક્શનના કેસ વધી રહ્યા છે. બેવડી સીઝનની સાથે-સાથે દિવાળીના તહેવાર દરમિયાન ખાનપાનની નિષ્કાળજીએ પણ વાઇરલ ફીવરના કેસોમાં વધારો કર્યો છે. છેલ્લા એક સપ્તાહમાં અમદાવાદની સોલા સિવિલમાં ડેન્ગ્યુના ૧૧૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૦ દર્દીઓના રિપોર્ટ પૉઝિટિવ આવ્યા છે, મલેરિયાના ૧૯૫ શંકાસ્પદ કેસમાંથી ૧૨ના રિપોર્ટ પૉઝિટિવ આવ્યા છે. જ્યારે શરદી, ઉધરસ અને તાવ સહિત વાઇરલ ઇન્ફેક્શનના ૬,૬૬૩ દર્દીઓ નોંધાયા છે. આ આંકડો તો માત્ર સરકારી હૉસ્પિટલોનો છે. હવે જો બીજી ખાનગી હૉસ્પિટલોને ઉમેરીએ તો આ આંકડો ખાસ્સો વધી જાય તેમ છે.

સોલા સિવિલમાં એક મહિનાના ગાળામાં વાયરલ ઈન્ફેક્શનના ૧૩ હજારથી વધુ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. એક મહિનામાં વાયરલ હેપેટાઇટિસના ૩૮ કેસ નોંધાયા છે, ગયા સપ્તાહે ૫ નવા કેસ નોંધાયા હતા. એક મહિનામાં ટાઈફોઈડના ૧૭ દર્દીઓની સારવાર કરવામાં આવે છે, જ્યારે એક મહિનામાં એચ૧એન૧ એટલે કે સ્વાઈન ફ્લૂના ૧૩૩ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ દર્દીઓ પૉઝિટિવ મળી આવ્યા છે. છેલ્લા એક મહિનામાં ચિકનગુનિયાના ૧૬૪ શંકાસ્પદ દર્દીઓ સારવાર માટે આવ્યા છે, જેમાંથી ૨૬ દર્દીઓનો રિપોર્ટ પૉઝિટિવ આવ્યો હતો. ■

# ગુજરાતમાં ફ્લૂના કેસો વધતાં ઓસેલ્ટામિવીર નામની દવાના વેચાણમાં બે વર્ષમાં ૩૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસો વધુ પ્રમાણમાં નોધાઈ રહ્યા છે, પરંતુ નાકમાંથી સતત પાણી વહેવું અને નાક બંધ થઈ જવાની ફરિયાદો એકાદ-બે દિવસમાં બંધ થઈ જતી હોય છે, પરંતુ ડૉક્ટરો સ્વાઈન ફ્લૂ સાથે ગંભીર પ્રકારના ફ્લૂના કેસો વધી રહ્યા હોવાનું નોંધી રહ્યા છે. જેના કારણે એન્ટી વાઇરલ દવાઓની જરૂરિયાત પણ મોટા પ્રમાણમાં વધી છે. સ્વાઈન ફ્લૂ અને એન્ટી વાઇરલ બીમારીઓ માટે વપરાતી ઓસેલ્ટામિવીર નામની દવાના વેચાણમાં છેલ્લાં બે વર્ષમાં ૩૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

ફાર્મારેકના ડેટા પ્રમાણે ગુજરાતમાં ઓસેલ્ટામિવીર નામની દવાનું વેચાણ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી ૬ કરોડ હતું જે વધીને સપ્ટેમ્બર ૨૦૨૩માં ૭ કરોડ થયું હતું અને સપ્ટેમ્બર ૨૦૨૪માં ૮ કરોડ થયું હતું. જેમાં વાર્ષિક ગ્રોથ ૧૪.૫ ટકા નોંધાયો હતો. ડૉક્ટરોએ જણાવ્યા મુજબ ગુજરાતમાં વાતાવરણના બદલાવ સાથે દર્દીઓમાં સ્વાઈન ફ્લૂ સહિત અન્ય ઈન્ફેક્શનનાં લક્ષણો જણાતાં હોવાનું માનવામાં આવી રહ્યું છે, જેના કારણે આ દવાનું વેચાણ વધ્યું છે.

ગુજરાતના કેમિસ્ટ અને ડ્રગિસ્ટ ઍસોસિયેશનના સભ્યોએ પણ નોંધ્યું હતું કે, રાજ્યમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં તકલીફોની સાથે ફ્લૂ, કફ અને વાઇરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો નોંધાયો છે. ક્રિટિકલ કેર ફિઝિશિયન ડૉ. મનોજ વિઠલાણીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ફ્લૂના કેસોમાં ઉછાળો આવ્યો છે. ન્યૂમોનિયાના દર્દીઓને અમે ઓસેલ્ટામિવિર નામની દવા લખી આપીએ છીએ. આ દવાથી દર્દી ઝડપથી સ્વસ્થ થઈ જાય છે.

ડૉક્ટરોએ એવું પણ જણાવ્યું હતું કે, દર્દીઓ પાસેથી ફેવર પેનલ ટેસ્ટ માટે ચાર હજારથી છ હજાર જેટલો ઊંચો ભાવ લેવામાં આવે છે. જેથી ઘણા ફ્લુનાં લક્ષણો ધરાવતા દર્દીઓ તેની સામે ૫૦૦ રૂપિયાના ખર્ચે થતો ઓસેલ્ટામિવિર નામની દવાનો કોર્સ લેવાનું પસંદ કરે છે.

અમદાવાદના મણિનગરના ફિઝિશિયન ડૉ. મુકુંદ ભટ્ટે જણાવ્યું હતું કે, વાતાવરણમાં બદલાવ અને કોવિડ પછી માસ્કના ઉપયોગમાં આવેલો ઘટાડો ઓસેલ્ટામિવિર નામની દવાનું વેચાણ વધવા માટે જવાબદાર છે. કોઈ પણ ઈન્ફેક્શન સામે માસ્ક રક્ષણ આપે છે, પરંતુ તેનો ઉપયોગ હવે ઘટી ગયો છે. ■

# અમદાવાદના બોપલમાં કાર ચાલકે બોલાચાલી થતાં છરીના ઘા મારી વિદ્યાર્થીનું ઢીમ ઢાળી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સામાન્ય બાબતોમાં હત્યાના બનાવો વધી રહ્યા છે. શહેરમાં બોપલ વિસ્તારમાં વિદ્યાર્થીએ કારચાલકને ટકોર કરતાં ઉશ્કેરાયેલા કારચાલકે વિદ્યાર્થી પર છરાથી હુમલો કર્યો હતો. હુમલો કરીને આરોપી કારચાલક ફરાર થઈ ગયો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. બોપલ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉત્તર પ્રદેશના મેરઠનો પ્રિયાંશુ જૈન નામનો વિદ્યાર્થી એમઆઈસીએ કૉલેજમાં અભ્યાસ કરતો હતો. રવિવારે મોડી રાત્રે તેના મિત્ર સાથે જઈ રહ્યો હતો ત્યારે એક કારચાલક પૂરપાટ ઝડપે રૉંગ સાઈડમાં આવી રહ્યો હતો તેની સાથે બોલાચાલી થઈ હતી. ત્યાં કારચાલકે છરાના ઘા મારતાં વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને એક મહિલાએ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કારચાલક ફરાર થઈ જતાં મૃતક વિદ્યાર્થીના મિત્રએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કારચાલકને પકડી લેવા તેનો સ્કેચ બનાવી તપાસ હાથ ધરી હતી.

મૃતક વિદ્યાર્થી અને તેનો મિત્ર કેક શૉપ પાસે કેક લેવા માટે ઊભા રહ્યા હતા. જ્યાં એક કારચાલક પૂરપાટ ઝડપે રૉંગ સાઈડમાં પસાર થયો હતો. ત્યારે મૃતક વિદ્યાર્થીએ તેને કહ્યું હતું કે, ઈતની જોર સે ક્યો ગાડી ચલા રહે હો. ત્યારે કારચાલકે બંને જણાનો પીછો કરીને છરીથી હુમલો કરી દીધો હતો. ઈજાગ્રસ્ત પ્રિયાંશુને હૉસ્પિટલ સારવાર અર્થે ખસેડાયો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું. બોપલ પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. ■

# પુનાથી પિતાએ અમદાવાદ પોલીસને ફોન કરીને જણાવ્યું દીકરીએ આપઘાત કર્યો છેઃ જમાઈ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આપઘાતની ઘટનાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. અમદાવાદમાં પુના રહેતા વૃદ્ધે ઘાટલોડિયા પોલીસને ફોન કરીને જણાવ્યું હતું કે, મારી દીકરીએ આપઘાત કર્યો છે. આ કોલને ગંભીરતાથી લઈને પોલીસે વૃદ્ધે જણાવેલા સ્થળ પર તપાસ કરતાં એક પરીણિતાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલાએ આપઘાત કરતાં પહેલાં તેની માતાને મેસેજ કરીને જણાવ્યું હતું કે, પથારીની નીચે સુસાઈડ નોટ મૂકી છે. પોલીસે આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહારાષ્ટ્રના પુના ખાતે રહેતા સુરેશચંદ્ર મિશ્રાએ તેમની દીકરીનાં લગ્ન વર્ષ ૨૦૧૨માં પુના ખાતે રહેતા શરદ જોશી સાથે કરાવ્યાં હતાં, પરંતુ ફરિયાદીની દીકરીને એક આંખનું ઓપરેશન કરાવ્યા બાદ તેના પતિ સાથે છૂટાછેડા થઈ ગયા હતા. ત્યાર બાદ તેમણે અમદાવાદમાં રહેતા ગીરીરાજ શર્મા સાથે પોતાની દીકરીનાં લગ્ન કરાવ્યાં હતાં. લગ્નના એક મહિના બાદ પલ્લવીનો પિતા પર ફોન આવ્યો હતો અને કહેવા લાગી હતી કે, ગીરીરાજ ઘરમાં નાની-નાની બાબતે માથાકૂટ કરે છે, ઘરની સામગ્રી લેવા માટે બહાર જાઉં તો શંકા કરે છે. તે ઘરખર્ચના પૈસા પણ આપતો નથી.

ફરિયાદીની દીકરીને ગીરીરાજ શર્માએ શારીરિક અને માનસિક રીતે હેરાન કરવાનું શરૂ કર્યું હતું. લગ્ન બાદ તેમની દીકરી બે વખત ગર્ભવતી થઈ હતી. પરંતુ આરોપી ગીરીરાજ શર્માને બાળક જોઈતું નહોતું જેથી તે તેની પત્નીને સરકારી હૉસ્પિટલમાં લઈ જઈને ગર્ભપાત કરાવતો હતો. ગીરીરાજથી કંટાળેલી પત્નીએ તેની માતાને વૉટ્સએપ પર મેસેજ કર્યો હતો. જેમાં તેણે લખ્યું હતું કે, મેં તમામ દવાઓ લઈ લીધી છે.

બાદમાં બીજો મેસેજ આવ્યો હતો કે, મમ્મી બેડ કે નીચે સુસાઇડ નોટ રખા હૈ, પોલીસ પૂછે તો બતા દેના. આ મેસેજ બાદ તેની માતાએ તેને વારંવાર ફોન કરતાં ફોન બંધ આવતો હતો. ■

# તરોતાજા
તન-મન-ધનથી રહો




# નિવૃત્ત જીવનમાં ટેક્નોલોજીનો ઉપયોગ કેટલો ઉપકારક?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

મારા કોલેજના દિવસોની આ વાત છે. એક દિવસ મારાં ફોઈનો ફોન આવ્યો અને એમણે કહ્યું, 'મારા ઘરે આવીને વીડિયો ચલાવવાનું શીખવી જા...' મને પણ કંઈક શીખવવાની તક મળતી હોવાથી હું તરત જ તેમના ઘરે જવા માટે તૈયાર થઈ ગયો :

'બસ, દસ જ મિનિટમાં આવું છું!'.

આજે આવી જ વાતચીત મારા પિતાજી અને મારી દીકરી વચ્ચે થાય છે. એ તો ઠીક, મારે પણ ક્યારેક સ્માર્ટફોન વાપરવા માટે દીકરીની મદદ લેવી પડે છે.

જીવનના દરેક તબક્કે ટૅક્નોલૉજી બદલાતી જાય છે અને નવાં નવાં ઉપકરણો આવતાં જાય છે. કિશોરાવસ્થામાં ગેજેટનો કિશોરો પર કબજો હોય છે. તેનું કારણ એ કે ટૅક્નોલૉજી નવી આવે ત્યારે એમને તરત વાપરવા મળે છે. ઈંગ્લેન્ડમાં રહેતા મારા ભત્રીજાએ માત્ર ઑટોમેટિક ટ્રાન્સમિશન કાર જોઈ છે. એને મેન્યુઅલ ગિયર કેવી રીતે ફેરવવું એની ખબર નથી. નવાં નવાં સાધનો આપણા આયુષ્યની વીસી અને ત્રીસીમાં ઝડપથી કામ કરવા માટે હોય છે અને આપણી ચાળીસી તથા વનપ્રવેશ બાદ તેમનો ઉપયોગ નવી કે અલગ રીતે કામ કરવા માટે થતો હોય છે.

આમ જુવો તો ૫૦ કે ૬૦ની ઉંમર પછી નવી ટૅક્નાલૉજી કે ગેઝેટ વાપરવાનું અઘરું થઈ જાય છે, કારણ કે એ સમયે કોઈ પણ પરિવર્તન સ્વીકારવાનું લોકોને ગમતું નથી. મગજ એ પ્રમાણે કેળવાયેલું હોય છે. 'પાકા ઘડે કાંઠા ન ચડે' એ કહેવત આથી જ પડી છે. આમ છતાં, કહેવું જરૂરી છે કે ટૅક્નાલૉજી અપનાવવાથી મોટી ઉંમરે માણસનું જીવન ઘણું આસાન થઈ જાય છે.

નવું શીખવાની વાત આવે ત્યારે મોટી ઉંમરની વ્યક્તિઓના અલગ અલગ પ્રતિભાવ જોવા મળે છે. કોઈક શીખવા માટે ઉત્સાહી હોય છે તો કોઈક પરાણે શીખવું પડે એમ હોવાથી શીખવા તૈયાર થાય છે. અમુક લોકો કદાચ એવું વિચારે કે આ બધી કડાકૂટમાં પડવાનો કોઈ અર્થ નથી. તો કોઈકના મતે પોતાને નવી વસ્તુની જરાપણ જરૂર નથી.

માણસ ટૅક્નાોલૉજીને પરાણે સ્વીકારે કે ઈચ્છાથી, આખરે તો એ બધો મનનો ખેલ હોય છે, પણ એક વાત ચોક્કસ કે માણસને કંઈક શીખવું હોય તો કોઈકની મદદ લેવી પડતી હોય છે.

આજે આપણે અનેક વડીલોને ટૅક્નોલોજી-ગેઝેટનો ઉપયોગ આનંદપૂર્વક કરતાં જોઈએ છીએ. મારા પાડોશીની જ વાત કરું. એ એમનાં પૌત્ર-પૌત્રી પાસેથી અઠવાડિયામાં એક વાર કંઈક નવું શીખતા હોય છે. ક્યારેક એ સ્કાઇપ વાપરવાનું તો ક્યારેક ફેસટાઈમ અને ફેસબુકનો ઉપયોગ કરવાનું શીખતા હોય છે. કેટલાક લોકો ટેક્નોલૉજીનો ઉપયોગ આંશિક રીતે કરતા હોય છે. દાખલા તરીકે: મારા શાળા જીવનના ઇતિહાસનાં શિક્ષિકાને કોઈકે 'કિંડલ' ભેટમાં આપ્યું હતું. એમના પુત્ર એમને પુસ્તક ડાઉનલોડ કરી આપે અને એ બેઠાં બેઠાં વાંચે. બીજી બાજુ, મેં એવા પણ લોકો જોયા છે જેમને ઑનલાઈન બૅન્કિંગમાં કે કોઈ ઍપ વાપરવામાં પણ તકલીફ પડતી હોય.

અમેરિકાના જાણીતા અંધ સાહિત્યકાર એવાં હેલન કેલરે એક વખત કહ્યું હતું : 'માર્ગ પર વળાંક આવે એટલે રોડ પૂરો થયો એમ ન કહેવાય. તમે એ વળાંક પર વળી ન શકો તો જ રસ્તો પૂરો થયો કહેવાય...'

અમુક વખત ટૅક્નોલૉજીને અપનાવ્યા વગર છૂટકો જ નથી હોતો, જેમકે, હવે આવક વેરાનું રિટર્ન ઑનલાઈન જ ભરવાનું હોય છે, ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટેક્સ (GST)ના તંત્રમાં પણ બધું ઑનલાઈન જ છે. નોટબંધી વખતે બધાએ પરાણે કોઈક ને કોઈક વોલેટનો કે ઑનલાઈન પેમેન્ટનો ઉપયોગ કરવાનું શીખવું પડ્યું. હવે તો એડમિશનો પણ ઑનલાઈન થાય છે. મોટી ઉંમરની વ્યક્તિઓએ પણ આ પરિવર્તનો સ્વીકાર્યા વગર ચાલે એમ નથી.

આંતરરાષ્ટ્રીય પ્રવાસના અનુભવ પરથી મેં જોયું છે કે ત્યાં લગભગ દરેક કાઉન્ટર પર ક્રેડિટ કે ડેબિટ કાર્ડ જ સ્વીકારવામાં આવતાં હોય છે. ભારતમાં પણ હવે એ દિવસો દૂર નથી. બેન્કો ચેકના વપરાશ પર ચાર્જ લેવા લાગી છે. હવે NFT અને RTGS નો જમાનો છે.

ફરજિયાતપણે સ્વીકારવા પડતાં આવાં પરિવર્તનો પડકારરૂપ હોય છે. વરિષ્ઠ નાગરિકોને શીખવામાં થોડી તકલીફ પડે તો પણ એમણે આ બધું કામ પૂરતુ પણ શીખવાની વૃત્તિ રાખવી જરૂરી છે. તેમાં થોડી મહેનત કરવાથી કામ આસાન થઈ શકે છે. વળી, પરિવારની કોઈક ને કોઈક વ્યક્તિ મદદ જરૂર કરી શકે છે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સૌથી વધુ સારી મદદ કરી શકે છે. એમને પણ એમાં મજા આવતી હોય છે. બધાએ જોયું છે કે સામાન્ય રીતે દાદા-દાદીને પૌત્ર-પૌત્રીઓ સાથે વધારે ફાવે છે. એમની પાસે સમય અને ધીરજ બન્ને હોય છે. વડીલો આ રીતે નવી પેઢીને વધુ સારી રીતે સમજી પણ શકે છે.

હવે તો એવો પણ ટ્રેન્ડ છે કે વડીલોને શીખવવા માટે ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરે છે. તેમાં જોડાઈ જવું. આવી જગ્યાએ આવનારા બધા લોકો મોટી ઉંમરના જ હોવાના અને તેથી ત્યાં જરાપણ સંકોચ નહીં થાય. પરિવર્તન એ સંસારનો નિયમ છે અને વડીલોએ તો ઘણો સંસાર જોયેલો છે! ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ફૂડ પોઇઝનિંગથી બચવા શું કરવું?

## આ આરોગ્યની એક એવી આફત છે કે એ ક્યારે થાય એ કહી ન શકાય તો કરવું શું?

ઋતુ પરિવર્તનના સમયમાં જાણકારો ખાન-પાન પર પૂરતું ધ્યાન આપવા કહે છે. તેનું મુખ્ય કારણ એ જ છે કે બદલાતી ઋતુ સાથે શરીરનો મેળ પડતા સમય જાય છે. ખાસ કરીને આજના સમયમાં જ્યારે આપણી મોટાભાગની જીવનચર્યા કુદરતને અનુકૂળ જ નથી. ઊલટું આપણી અવળચંડાઇના કારણે કુદરતનું આરોગ્ય બગડવા લાગ્યું છે... ખેર, એ એક અલગ મુદ્દો છે. અહીં આપણે એક એવી સમસ્યાની વાત કરીએ જે સહુને કનડે છે.એ છે, ફૂડ પોઇઝનિંગ. અત્યારે ઋતુ બદલાઈ રહી છે. શિયાળો ધીમે પગલે પ્રવેશ કરી રહ્યો છે ત્યારે ફૂડ પોઇઝનિંગની અસર વિશે થોડી જાણકારી મેળવવી જરૂરી છે.

શિયાળાનું ઠંડું તાપમાન અમુક બેક્ટેરિયાને અનુકૂળ હોય છે, જે પેથોજેન્સ (રોગાણુ) સામે ખોરાકના કુદરતી સંરક્ષણને ધીમું કરે છે, જે ખોરાકજન્ય બીમારીઓમાં વધારો કરે છે. ઉત્સવના મેળાવડા, ઇન્ડોર પ્રવૃત્તિઓ, ભોજનનું મોટું મેન્યુ અને વધેલું ભોજન આ સમય દરમિયાન જોખમ વધારે છે. અયોગ્ય ખોરાકનો સંગ્રહ અને રસોઈની પદ્ધતિમાં ફેરફાર, જેમ કે ધીમી રસોઈ અથવા ફરી ગરમ કરવાની અયોગ્ય રીત સુધ્ધાં ખાદ્ય સુરક્ષા સાથે સમાધાન કરે છે. રસ્તા પરની લારી અને હોટેલોમાં પણ સ્વચ્છતાનો અભાવ, વસ્તુઓની ઊતરતી ગુણવત્તા ફૂડ પોઇઝનિંગનું જોખમ વધારે છે. અસંતુલિત આહાર અને જીવનશૈલીને કારણે પણ ફૂડ પોઈઝનિંગ થઈ શકે છે.

**આમ જોવા જઈએ તો ફૂડ પોઇઝનિંગ એટલે શું?**

આપણા ખોરાકમાં કંઈ ઝેર તો નથી આવી જતું. પરંતુ જ્યારે તમે શરીરને પ્રતિકૂળ વસ્તુનું સેવન કરો છો ત્યારે તે તમારા માટે ઝેર સમાન બને છે. તમારું શરીર તે ઝેરને સાફ કરવા જે તાત્કાલિક પ્રતિક્રિયા આપે છે, તે જ ફૂડ પોઇઝનિંગ છે. તમને ઊલટી, ઝાડા, તાવ અથવા ત્રણેય થઈ શકે છે. ફૂડ પોઈઝનિંગના આવાં અપ્રિય લક્ષણ જ તમારા શરીર દ્વારા પોતાને સાજા કરવાનો પ્રયાસ છે. જ્યારે આપણે બેક્ટેરિયા, વાયરસ અને અન્ય જંતુઓ અથવા




ઝેરી તત્વોથી સંક્રમિત ખોરાક ખાઈએ છીએ ત્યારે ફૂડ પોઈઝનિંગ થાય છે. જોકે, આ એક એવી બીમારી છે જેને તમે એક-બે દિવસમાં અથવા તો એક અઠવાડિયામાં ઠીક કરી શકો છો, પરંતુ શિશુ, સગર્ભા સ્ત્રી અને વૃદ્ધમાં ફૂડ પોઈઝનિંગને રોકવા માટે પ્રયત્નો કરવા જોઈએ, કારણ કે તે એમના સ્વાસ્થ્યને ઝાડપથી ખૂબ નુકસાન પહોંચાડે છે. આને લઈને બેદરકારી રાખવાથી ભવિષ્યમાં પેટ સંબંધિત ગંભીર બીમારીઓનું જોખમ પણ વધી શકે છે.

ફૂડ પોઇઝનિંગનાં કેટલાક સૌથી સામાન્ય લક્ષણ આ છે, જેમકે...

'પેટમાં ખેંચાણ', ' ઝાડા', 'ઉબકા', 'ઉલટી થવી'

'ભૂખ ન લાગવી', 'હળવો તાવ', 'નબળાઈ'

'માથાનો દુખાવો...'

ફૂડ પોઇઝનિંગના અન્ય લક્ષણો આ પણ છે...

ઝાડા ત્રણ દિવસથી વધુ ચાલે છે અને શરીરનું તાપમાન ૧૦૨ ડિગ્રી ફેરનહીટ (૨૮.૯ ડિગ્રી સેલ્સિયસ) કરતાં વધારે હોય છે.

જોવામાં કે બોલવામાં મુશ્કેલી નડે..

શુષ્ક મોં, પેશાબ અને પ્રવાહીને પકડી રાખવામાં મુશ્કેલી, ગંભીર ડિહાઇડ્રેશન, પેશાબમાં લોહી

**ફૂડ પોઈઝનિંગ ટાળવાના ઉપાય:**

સ્વચ્છતાથી વધુ સારો ઉપાય તો એકપણ નથી, પરંતુ આપણે કેટલીક સાવધાનીઓ વિશે વાત કરીએ...

ફળો અને શાકભાજીને યોગ્ય રીતે ધોઈને સાફ કરવા જોઈએ.

કાઉન્ટરટોપ્સ, કટિંગ બોર્ડ, છરી અને વાસણ ખોરાકના સંપર્કમાં આવે તે પહેલાં તેને સાફ કરો.

**તમારા હાથ અને વાસણ વારંવાર ધોવા.**

એક્સપાયરી ડેટવાળા પેકેજ્ડ ખોરાકનો ઉપયોગ કરશો નહીં.

જો બચેલો ખોરાક ૪ કલાકની અંદર ન ખાવાનો હોય તો તેને રેફ્રિજરેટરમાં રાખો.

બહાર જમતી વખતે અથવા સામાજિક મેળાવડાઓમાં હાજરી આપતી વખતે લાંબા સમય સુધી રેફ્રિજરેટરની બહાર પડેલી વસ્તુઓ ટાળો.

**ફૂડ પોઇઝનિંગના વખતે શું ધ્યાન રાખવું?**

ફૂડ પોઈઝનિંગની સારવારમાં દર્દીના શરીરમાં પાણીની કોઈ કમી ન રહે એના પર વિશેષ ધ્યાન આપવું જોઈએ તેથી જ્યારે લક્ષણો દેખાય ત્યારે દર્દીને શક્ય તેટલું વધુ પાણી પીવરાવો અને સૂપ, પાતળી ખીચડી, નારિયેળનું પાણી, ચોખાનું પાણી, ઇલેક્ટ્રોલાઇટ પાવડરનું દ્રાવણ વગેરે એને આપવાથી શરીર હાઇડ્રેટ રહે છે.

**આવા વખતે જીરું છે ગુણકારી....**

ફૂડ પોઈઝનિંગમાં પણ જીરાનો ઉપયોગ ખૂબ જ ફાયદાકારક છે. પેટનો સોજો અને દુખાવો ઓછો કરવા માટે જીરાનો ઉપયોગ ખૂબ જ અસરકારક ઘરેલું ઉપાય છે. આ માટે એક ચમચી જીરાને શેકીને પીસી લો અને તેને દર્દીના સૂપમાં મિક્સ કરીને ઉપયોગ કરો.

**તુલસી પણ છે અસરકારક**

તુલસીના કેટલાક પાનના રસમાં એક ચમચી મધ મિક્સ કરો. દર્દીની સ્થિતિના આધારે, તેના ઉપયોગના થોડા કલાકોમાં પીડામાંથી રાહત મળવાની સંભાવના છે.

**કેળા છે ઉપયોગી...**

કેળા પોટેશિયમનો સ્રોત છે. કેળા એ ખોરાકના ઝેરમાંથી ઝડપથી મુક્ત થવા અને તેની અસરો ઘટાડવા માટે ખૂબ જ અસરકારક રીત છે. આ માટે કેળાને દહીંમાં મસળીને દર્દીને ખવરાવવું જોઈએ.

તે ઉપરાંત સફરજન, લીંબુનો રસ અને સફરજનનો સિરકો પણ ફાયદાકારક હોય છે, પરંતુ જો ઝાડા, ઉલ્ટી અટકવાનું નામ ન લેતા હોય કે તાવ સતત રહેતો હોય તો તરત જ તબીબની સલાહ લેવી જોઈએ. તેમાં જરાય ગફલત કરવી નહીં, કેમકે સતત થતા ઝાડા-

ઊલ્ટી શરીરનું પાણીનું સ્તર ઝડપથી ઘટાડીને ગંભીર સ્થિતિ સર્જી શકે છે. ■

feedback@bombaysamachar.com
ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# રોકાણમાં કેવી કેવી થાય છે સામાન્ય ભૂલ?

ફક્ત બચત કરવાથી કંઈ થતું નથી. બચતનું રોકાણ કરવાનું હોય છે. જોકે, રોકાણનો માર્ગ સરળ હોતો નથી. જેમાં ફાયદો થતો હોય એવું કોઈ કામ સહેલું હોતું નથી, એવું જ રોકાણનું પણ છે. આથી જ રોકાણમાં લોકો અનેક ભૂલ કરતાં રહે છે. એમાં ભૂલ થાય ત્યારે અપેક્ષિત ભંડોળ ભેગું કરવામાં મુશ્કેલી નડે છે અથવા તો નિષ્ફળતા મળે છે.

આવો, આજે આપણે આવી કેટલીક સામાન્ય ભૂલ વિશે જાણી લઈએ, જેથી ભવિષ્યમાં કોઈ તકલીફ થાય નહીં, જેમકે...

**૧) લક્ષ્ય વિનાનું રોકાણ કરવાની ભૂલ**

જ્યારે તમે કોઈ લક્ષ્ય વિના રોકાણ કરો છો ત્યારે તમે બજારની ચાલે ચાલવાનો પ્રયાસ કરો છો એમ કહી શકાય. તમે બજારની સ્થિતિના આધારે અચાનક નિર્ણયો લો છો. તમે રોકાણનું લક્ષ્ય નક્કી કર્યું નહીં હોવાથી તમે સંપૂર્ણપણે બજારની હિલચાલથી જ દોરવાઈ જાઓ છો. તમારો ઉદ્દેશ્ય ઘણું વધારે વળતર મેળવવાનો અથવા તો ઝડપથી નાણાં કમાઈ લેવાનો હોય છે. જોકે, આવું કરવાને લીધે તમારું ધ્યાન પોતાની જરૂરિયાતો તરફથી હટી જાય છે. જે ઘડીએ તમે રોકાણની સાથે લક્ષ્યને સાંકળી દો એ જ ઘડીએ તમારું વર્તન આપમેળે બદલાઈ જાય છે! ઉદાહરણ તરીકે, જો તમે ૧૦ વર્ષના સમયગાળા માટે બજારમાં તમારા નાણાંનું રોકાણ કર્યું હોય તો શું તમને લાગે છે કે તમને બજારની તાત્પૂરતી અસ્થિરતાથી અસર થશે..?! અહીં કહેવાનો અર્થ એ જ છે કે બજાર આજથી દસ વર્ષ પછી સમાન સ્થિતિમાં નહીં રહે. વચ્ચેના ગાળામાં ભલે ગમે તેટલી ઊથલપાથલ થઈ જાય, બજાર એક



દાયકા પછી અલગ જ સ્થિતિમાં હશે! આથી જ આપણે ઉતાવળે કોઈ નિર્ણય લેવાને બદલે શાંતિ રાખવી જરૂરી છે.

બીજું, જ્યારે તમે તમારાં રોકાણનાં ચોક્કસ લક્ષ્યો નિશ્ચિત કર્યાં ન હોય ત્યારે બધાં જ લક્ષ્યો માટે એક જ ભંડોળ ઉપલબ્ધ હોય છે. આવામાં દરેક લક્ષ્ય માટે કેટલી રકમ ફાળવવી એ નક્કી હોતું નથી તેને લીધે ક્યારેક વધુપડતાં કે ક્યારેક ઓછાં નાણાંનો ઉપાડ કરવામાં આવે છે. એની અસર બાકીનાં લક્ષ્ય પર પડી શકે છે. મૂળ મુદ્દો એ છે કે, હંમેશાં તમારાં રોકાણો લક્ષ્યઆધારિત રાખો.

**૨) કર - ફુગાવાની અસરને અવગણવાની ભૂલ**

કરવેરા હંમેશાં અદૃશ્ય હોય છે અને ફુગાવો છૂપી રીતે અસર કરે છે માટે જ્યારે તમે આ બંનેને અવગણવાની ભૂલ કરો છો ત્યારે તમને નુકસાન થવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

ઘણા રોકાણકારો આ ભૂલ કરતા રહે છે. એમણે એ સમજવું જોઈએ કે ફક્ત ટીડીએસ (ટૅક્સ ડિડક્ટેડ એટ સોર્સ)ને જ ટૅક્સ કહેવાતો નથી. ટીડીએસ તો આપોઆપ કપાઈ જતો ટૅક્સ છે. એ ઉપરાંત પણ કરવેરો ચૂકવવો પડતો હોય છે. આથી જ્યારે પણ રોકાણ કરવામાં આવે ત્યારે એમાં કરવેરાની અસરને લાગુ કર્યા બાદ મળતાં વળતરનો વિચાર કરવામાં આવવો જોઈએ.

દરેક વ્યક્તિને પોતાની આવકના સ્તર (સ્લેબ)ના આધારે કરવેરો લાગુ પડે છે અને તેથી દરેકે પોતાને લાગુ પડતા કરવેરા વિશે પોતાની ગણતરી માંડવાની હોય છે. રોકાણ પર મળતાં વળતરને જ્યારે કરવેરો લાગુ પડે છે ત્યારે વાસ્તવિક વળતર ઘટી જતું હોય છે.

દાખલા તરીકે...

ફિક્સ્ડ ડિપોઝિટ પર સાત ટકા વ્યાજ મળે ત્યારે એ સારું લાગતું હોય છે, પરંતુ જેમની આવક પર ૩૦ ટકાના દરે કરવેરો લાગુ પડતો હોય એમના માટે સાત ટકાનું એ વ્યાજ કરવેરાની અસરને ધ્યાનમાં લીધાં બાદ વાસ્તવમાં ૪.૯ ટકા જેટલું જ મળ્યું કહેવાય.

બીજું, ફુગાવાની પણ તમારા ભંડોળ પર અસર થતી હોય છે, કારણ કે ફુગાવાને લીધે તમારી ખરીદશક્તિ ઘટી જાય છે. વળી, ભંડોળ જમા કરવાની તમારી શક્તિ પર પણ એનાથી અસર થાય છે. ફુગાવાની અસર તમારી આવાસ, ખર્ચ અને એસેટ્સ પર પણ પડે છે. આથી ભંડોળ કેટલું ભેગું થશે એનો આધાર ફુગાવાના દર પર પણ હોય છે. આ સંજોગોમાં દરેક રોકાણકારે ફુગાવો અને કરવેરા એ બન્નેની અસરને ધ્યાનમાં લઈને જ રોકાણ પરના વળતરની વાસ્તવિક ગણતરી કરવી જોઈએ. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# રસ ઝરતી પાણીપૂરીના છે અનેક સ્વાસ્થ્યવર્ધક લાભ

પાણીપૂરી એક એવી વાનગી છે, જે ફક્ત એક ખાઈને મન રોકી શકવું અશક્ય બની જાય છે. પાણીપૂરીના સ્ટૉલ કે ખૂમચાને બજારમાં જોતાં, તેનું નામ સાંભળતાં કે તેના વિશે વાંચતાં પ્રત્યેક ભોજનના શોખીનને મોઢામાં પાણી આવવા જ લાગે.

કેમ ખરી વાતને !

'કાર્તિકી પૂનમ'ને ગુજરાતમાં 'પકોડી પૂનમ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે ગુજરાતી રસિયાઓ મનભરીને પકોડીનો સ્વાદ માણે છે. તા ૧૫મી નવેમ્બર ને શુક્રવારના રોજ કાર્તિક પૂર્ણિમા છે. તો આપ સર્વે તે દિવસે પાણીપૂરીનો સ્વાદ અચૂક માણજો. સામાન્ય રીતે હવે તો ઘરે સારો પ્રસંગ હોય ત્યારે વાનગીઓના લિસ્ટમાં પાણીપૂરીનાં બે કે ત્રણ કાઉન્ટર અચૂક રાખવામાં આવતાં હોય છે. આપ જોશો તો તે કાઉન્ટર ઉપર સૌથી વધુ ભીડ જોવા મળશે. ડાયેટ કરતા હોય કે ખાવાના શોખીન હોય, બધા જ એનો સ્વાદ માણવા આતુર જોવા મળે છે. નાના-મોટા પ્રત્યેકને પાણીપૂરી ખાવાની તલપ લાગી જ જતી હોય છે. તેમાં વળી પાણીપૂરીનો એક રાઉન્ડ ખાઈ લીધાં બાદ ફ્રીમાં મળતી મસાલા પૂરીનો સ્વાદ અચૂક માણવામાં આવે છે.

પાણીપૂરીનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ મહાભારત કાળમાં ઉત્તર પ્રદેશમાં ખવાતી હતી. એવી જાણકારી મળે છે કે દ્રૌપદીએ લગ્ન બાદ સાસુ કુંતી તથા પાંચ પાંડવો માટે પાણીપૂરી બનાવી હતી. નવવધૂ બનીને દ્રૌપદી જ્યારે પ્રથમ વખત પાંચ પાંડવો સાથે ઘરે પહોંચી, તે સમયે પાંડવો વનવાસમાં હતા. વનમાં તેમની પાસે વધુ સાધનસામગ્રી ન હતી. રાજાની પુત્રી વનમાં કઈ રીતે રહેશે? તેને ભોજન બનાવતાં આવડતું હશે કે નહીં? તેથી જ માતા કુંતીએ દ્રૌપદીની રસોઈકળાને પરખવા માટે થોડો લોટ, થોડા લીલા-સૂકા મસાલા, બટાકા તથા ચણા આપ્યા. દ્રૌપદીને જણાવ્યું કે કોઈ એવી વાનગી બનાવ જેના ગ્રહણ બાદ મારા પાંચે પુત્રોનું પેટ ભરાઈ જાય. વળી એવી વાનગી બનાવવા કહ્યું જે તેમના પાંચે પ્રિય પાંડવોને પસંદ આવે. દ્રૌપદીએ પૂરી બનાવી, ચણા તથા બટાકાના માવો સ્વાદિષ્ટ મસાલો નાખીને તૈયાર કર્યો હતો. ચટપટું પાણી બનાવીને પૂરીમાં ભરીને સર્વેનાં દિલ જીતી લીધાં હતાં. આમ તેણે એક રસ ઝરતી વાનગી બનાવીને પોતાના બુદ્ધિકૌશલ્યનો પરિચય કરાવ્યો હતો. તેથી જ તો કહેવાય છે કે 'પતિનું દિલ જીતવાનો સરળ રસ્તો સ્વાદિષ્ટ ભોજન પીરસીને બનાવી શકાય છે'.

એક માન્યતા એવી છે કે પાણીપૂરીની શરૂઆત ૧૦૦-૧૨૫ વર્ષ અગાઉ મગધ દેશથી થઈ હતી. મગધ બિહારનું ક્ષેત્ર છે. જે દક્ષિણી બિહારના નામથી ઓળખાય છે. તે સમયે પાણીપૂરીને કયા નામથી ઓળખવામાં આવતી તે વિશે કોઈ ખાસ જાણકારી મળતી નથી. કેટલીક જગ્યાએ તેનું પ્રાચીન નામ 'કુલ્કી' હતું તેવો ઉલ્લેખ મળે છે.

પાણીપૂરીને ભારતનાં વિવિધ રાજ્યોમાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. ગૂપચૂપ, ગોલગપ્પા, પૂચકા, રગડાપૂરી, પાની કે બતાશે. ઉત્તર ભારત, પંજાબ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, હિમાચલ વગેરે ક્ષેત્રોમાં તે ગોલગપ્પા તરીકે ઓળખાય છે. પાણીના મસાલામાં ફૂદીનાનાં પાનની સાથે જલજીરા-હિંગનો ઉપયોગ કરીને મસાલા પાણી તૈયાર કરવામાં આવે છે. બરફનો ઉપયોગ કરીને ચટપટા પાણીને અત્યંત ઠંડું બનાવવામાં આવે છે.

બંગાળીઓ પૂચકા જરા હટકે તૈયાર કરે છે. લગભગ ૨૦થી વધુ વિવિધતા ફક્ત પાણીમાં જોવા મળે છે. પાણીપૂરીની સરખામણીમાં પૂચકા કદમાં જરા મોટા હોય છે. પૂચકામાં ભરવામાં આવતાં મસાલામાં ચણાની દાળ, બટાકા, બુંદી વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાતમાં મળતી પકોડીમાં બટાકા-ચણાનો મસાલો ભરવામાં આવે છે. મીઠી ચટણીની સાથે કોથમીર-ફૂદીનાનું ખાસ પાણી ભરવામાં આવે છે. જ્યારે મહારાષ્ટ્રમાં ગરમ રગડો, મીઠી ચટણી તથા મસાલેદાર પાણી ભરીને પાણીપૂરીની લહેજત માણવામાં આવે છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા તથા બિહારનાં કેટલાંક ક્ષેત્રમાં પાણીપૂરીને ગૂપચૂપ કહેવામાં આવે છે. પૂરીમાં ભરવામાં આવતા મસાલામાં સફેદ વટાણા, ચણા, બટાકાનું મિશ્રણ મળે છે. પાણી થોડું ચટપટું તીખું મળે છે. ગૂપચૂપ નામ એટલા માટે પડ્યું હશે કે પૂરીને મોઢામાં મૂકતાં મોં બધ થઈ જતું હોય છે.



હાલમાં તો અનેક લોકો એવા જોવા મળે છે જેઓ પાણીપૂરીને સ્વાસ્થ્ય માટે ખરાબ ગણે છે. વાત સો ટકા સાચી છે જ્યારે તમે પાણીપૂરી રસ્તા ઉપર ઊભા રહેતાં ખૂમચાવાળા પાસેથી ખાઓ ત્યારે. કેમ કે તેમનું પાણી ભલે સ્વાદિષ્ટ હોય, પરંતુ તેઓ સ્વચ્છતાનો ખ્યાલ રાખતા નથી. વળી અનેક વખત એવું બહાર આવ્યું છે કે પાણીપૂરી માટે વપરાતાં ચણા કે બટાકા બગડેલાં કે નિમ્ન ગુણવત્તાવાળા જોવા મળે છે. તેથી પાણીપૂરીનો આસ્વાદ માણવો હોય તો ઘરે બનાવેલી પૂરી તથા ઘરે બનાવેલાં પાણીનો જ ઉપયોગ કરવો હિતાવહ છે.

થોડા સમય પહેલાં ભાલા ફેંક (જૈવલિન થ્રો)માં ભારતને ઑલમ્પિકમાં સુવર્ણ પદક જિતાડનાર નિરજ ચોપડાએ એક ઈન્ટરવ્યુમાં તેને ભાવતી વાનગીમાં પાણીપૂરીને ઉત્તમ સ્ટ્રીટ ફૂડ કહ્યું હતું. તેનું કહેવું હતું કે પાણીપૂરીમાં કોઈ ખરાબી નથી. જો તેને એક વખત ખાવામાં આવે તો તેમાં કોઈ નુકસાન નથી. તેનાથી ઝડપી વજન વધવાની સમસ્યા ઊભી થતી નથી. તેણે વધુમાં કહ્યું હતું કે પાણીપૂરીમાં પાણીની માત્રા વધુ હોય છે. જેને કારણે પેટ ઝડપથી ભરાઈ જાય છે. હલકી-ફૂલકી પૂરી લોટથી બનાવવામાં આવે છે જે પચવામાં સરળ છે. વળી મસાલાનું પ્રમાણ મર્યાદિત માત્રામાં હોય છે. તેથી તેનો સ્વાદ માણવો ખોટો નથી.

નિષ્ણાત આહાર તજજ્ઞોનું માનવું છે કે દાંત તેમ જ મોઢાના સ્વાસ્થ્ય માટે ગુણકારી છે. પાણીપૂરીમાં વપરાતી સામગ્રીમાં પોટેશિયમ, કૅલ્શિયમ તથા ફોસ્ફરસ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. જેનો ઉપયોગ ભોજનમાં કરવાથી મોંમાં રહેલાં બિનજરૂરી બેક્ટેરિયા નાશ પામે છે. વળી પાચન માટે તે ઉત્તમ ગણાય છે. તેમાં આયર્ન હોય છે જેની આવશ્યક્તા મહિલાઓને ખાસ હોય છે. મોટા ભાગની મહિલાઓમાં આયર્નની ઊણપ જોવા મળે છે. તેના સેવનથી લોહીમાં ઑક્સિજન પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. તેમાં મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ, મેંગેનીઝ, પોટેશિયમ, ફૉલેટ, ઝિંક તથા વિટામિન એ, બી-૬, બી-૧૨, વિટામિન સી તથા વિટામિન ડીની માત્રા હોય છે.

## પાણીપૂરીના સ્વાસ્થ્ય વર્ધક ગુણોઃ

**ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારીઃ** લોહીમાં બ્લડ શુગરની વધેલી માત્રા એક મોટી સમસ્યા બની ગઈ છે. પાણીપૂરીના મસાલામાં હિંગ, કાળા મરી, જીરું, ફૂદીના જેવી પાવરફૂલ સામગ્રીનો ઉપયોગ થયો હોય છે. જે સેહતને માટે ગુણકારી છે. બ્લડ શુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણોને કારણે ગુણકારી ગણાય છે. પાણીપૂરીનું સેવન કરતી વખતે તેમાં મીઠી ચટણીનો ઉપયોગ કરવો કે નહી તે વ્યક્તિની પોતાની પસંદગી ઉપર નિર્ભર કરે છે. વળી ડાયાબિટીસના દર્દીઓએ આહારમાં શું ખાવું, કેટલી માત્રામાં ખાવું વગેરે વાત ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. બટાકાને બદલે ફણગાવેલા મગ-ચણા વગેરેનો ઉપયોગ તેમના માટે હિતાવહ છે.

**એસિડીટીની સમસ્યામાં ગુણકારી :** આજકાલ નાની-મોટી પ્રત્યેક વ્યક્તિને એસિડીટીની સમસ્યા સતાવતી હોય છે. તેનું મુખ્ય કારણ કસમયે ભોજન કરવું. રાત્રિના મોડે સુધી જાગવું. તેમ જ વારંવાર બહારનાં ભોજનનો આહારમાં સમાવેશ કરવો વગેરે ગણાય છે. પાણીપૂરીમાં વપરાતા મસાલા સામાન્ય રીતે ઘરના હોય છે. જેમ કે કોથમીર, આદું-મરચાં, તજ, લવિંગ, ફૂદીનો, શેકેલું જીરું, સંચળ, લિંબુ કે કાચી કેરી વગેરે. મર્યાદિત માત્રામાં તેમ જ રાત્રે વહેલાં પાણીપૂરી ખાવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે.

**વ્યક્તિને આનંદિત બનાવે છે :** સામાન્ય રીતે મનગમતું કે ભાવતું ભોજન મળી જાય તો વ્યક્તિ આનંદિત બની જતી હોય છે. મોસમ કોઈ પણ હોય પરંતુ પાણીપૂરી ખાવાથી ગમે તેટલી ઉદાસીન વ્યક્તિ હોય તે પ્રસન્નતા અનુભવે છે. એક પ્લેટ પાણીપૂરીનો સ્વાદ માણવાથી વ્યક્તિ તરોતાજા બની જાય છે. સામાન્ય રીતે ગરમીના દિવસોમાં ઠંડાં મસાલેદાર પાણીના સ્વાદથી ભરપૂર પાણીપૂરી ખાવાની મજા જ કાંઈક અલગ હોય છે. ગરમીમાં શરીરમાં પાણીની ઊણપ વધુ (ડિહાઈડ્રેશન) ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં પકોડીનું સેવન કરવાથી વ્યક્તિ એકસાથે બમણી મજા માણી લે છે. શરીર તાજગી અનુભવે છે જીભને ચટાકેદાર વાનગી ખાવાનો આનંદ મળે છે.

**પેશાબની સમસ્યાથી છુટકારો :** ઘરે બનાવેલી પાણીપૂરી તથા તેનાં મસાલેદાર પાણીનો ઉપયોગ કરવાથી પેટની સમસ્યામાં રાહત અપાવે છે. ઘરમાં બનાવેલું પાણી હોય તો તેમાં વાપરવામાં આવતી સામગ્રીમાં ફૂદીનો, હિંગ, જીરું, કાચી કેરી, લિંબુનો રસ વગેરે હોય છે. જે પાચનશક્તિ મજબૂત બનાવવામાં મદદ કરે છે. પાણી બનાવવા માટે કોથમીરનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. જે પેટ ફૂલવું તથા પેશાબની તકલીફથી છુટકારો અપાવવામાં મદદ કરે છે.

### પાણીપૂરી બનાવવાની રીત

**પૂરી બનાવવા :** ૧ કપ જાડો રવો, ૨ ચમચી મેંદો, ૧ નાની ચમચી બેકિંગ સોડા, ૧ ચમચી તેલનું મોણ, સ્વાદાનુસાર મીઠું

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ એક બાઉલમાં રવો લેવો. તેમાં બે ચમચી મેંદો ભેળવવો. નાની ચમચી બૅકિંગ સોડા ભેળવવો. તેલનું મોણ તથા સ્વાદાનુસાર મીઠું ઉમેરી દેવું. ધીમે ધીમે પાણી ઉમેરીને લોટ બાંધવો. ઢીલો ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. અડધો કલાક સુધી લોટને ભીના કપડાંથી ઢાંકીને રાખવો. ત્યાર બાદ લોટને મસળી લેવો. નાની નાની પૂરી બનાવીને ઢાંકીને રાખવું. મધ્યમ આંચ ઉપર પૂરી તળી લેવી. પાણી બનાવવા માટેઃ ૧ વાટકી કોથમીર,૧વાટકી ફૂદીનો, ૪-૫ લીલા મરચાં, ૧નાનો ટુકડો આદુ, ૨ મોટી ચમચી શેકેલું જીરું, ૧ વાટકી આમલીનું પાણી, અથવા અડધી વાટકી ઝીણી સમારેલી કાચી કેરી, સ્વાદાનુસાર સંચળ, ૩-૪ નંગ મરી, ૩-૪ નંગ લવિંગ, ૨ ચમચી સંચળ, હિંગ સ્વાદપ્રમાણે. ૧ નંગ લિંબુ.

સૌ પ્રથમ કોથમીર, ફૂદીનો, લીલાં મરચાં, આદું, શેકેલું જીરું, ૧ ચમચી આમલીનું પાણી ૧ ચમચી ચાટ મસાલો, સ્વાદાનુસાર સંચળ, ૧ નંગ લિંબુનો રસ બધું જ મિક્સરમાં વાટી લેવું. ત્યાર બાદ મોટા બાઉલમાં મિશ્રણને કાઢી લેવું. તેમાં આવશ્યક્તા અનુસાર બરફ ભેળવવો. બુંદી-કોથમીરથી સજાવીને પાણી સર્વ કરવું.

**મીઠી ચટણી બનાવવા માટે :** ૧ વાટકી ખજૂર, અડધી વાટકી આમલીનો માવો,૧ વાટકી ગોળ, સ્વાદાનુસાર સંચળ, તજનો ટુકડો, ચપટી હિંગ, ૧ ચમચી ધાણાજીરું

૧ ચમચી લાલ મરચું પાઉડર

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ આમલીને અડધો કલાક પલાળીને તેનો માવો તૈયાર કરી લેવો. ખજૂર-આમલીના માવાને મિક્સરમાં એકરસ કરી લેવો. તેને સ્ટીલની કડાઈમાં કાઢીને ગરમ કરવું. તેમાં ગોળ, સંચળ, ધાણાજીરું, લાલ મરચું, તજ હિંગ વગેરે ભેળવીને એક ઊભરો લેવો. મીઠી ચટણી તૈયાર થઈ જશે. જેમને મીઠી ચટણી પાણીપૂરીમાં પસંદ હોય તેમને પીરસવી.

૨ નંગ બાફેલા બટાકા, ૧ વાટકી બાફેલા કાળા ચણા, બંનેને ભેગા કર્યા બાદ તેમાં સંચળ-જીરું પાઉડર-ચાટ મસાલો ભેળવીને વાપરવું.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** પાણીપૂરીમાં ફાઈબરયુક્ત સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. વળી મસાલામાં વપરાતી સામગ્રી ફક્ત બાફેલી હોય છે. જેથી કૅલરીની માત્રા તેમાં ઘણી ઓછી હોય છે. પાણીપૂરી રવો, ઘઉંનો લોટ કે મલ્ટીગ્રેન લોટનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. પૂરીમાં મસાલાની સાથે પાણી ભરીને ખાવાથી પેટ ઝડપથી ભરાઈ જાય છે.

**આફરો ચડવો, કબજિયાત કે મોંમાં ચાંદાથી છુટકારોઃ** આદું-ફૂદીના-લિંબુનું પાણી સામાન્ય રીતે ગૅસ કે કબજિયાતની તકલીફમાં લેવામાં આવે છે. ફૂદીનો ઈરિટેબલ બૉવેલ સિન્ડ્રોમને મટાડવામાં મદદ કરે છે. ફૂદીનામાં ફાઈબર, વિટામિન એ, આયર્ન, મેંગેનીઝ, ફોલેટ હોય છે, જે પેટ માટે ગુણકારી ગણાય છે. સંચળ-જીરું વગેરેનો ઉપયોગ પાણીને મસાલેદાર બનાવવા માટે કરવામાં આવે છે. જે સ્વાદની સાથે સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફમાં પાણીપૂરીનું પાણી જો પીવામાં આવે તો ફાયદાકારક ગણાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પાચનતંત્રની બીમારીને ઓળખી લો...

શરીરમાં રોગોત્પત્તિ કારણ વિના થતી નથી. આપણને થતા રોગના જવાબદાર મહદ્અંશે આપણે ખુદ જ હોઈએ છીએ. પાચનતંત્ર સંબંધી રોગ મોટા ભાગે રસાસ્વાદ, આળસ, ગાફલાઈ, આપણી અણઆવડત અને અનિયમિત જીવનશૈલીના કારણે જ થતા હોય છે.

આહાર પેટમાં ગયા બાદ તેની શું પ્રક્રિયા થાય છે તે વિશે આપણે બધું જ જાણવા સક્ષમ નથી, પરંતુ કુદરત આપણને જમેલા આહારની શરીર પર શું અસર થાય છે તેના નવા નવા અનુભવો રોજ કરાવતી રહે છે. આપણે તે અનુભવોને અવગણીને સ્વાદને આધીન થઈ, ખોટી જીવનશૈલીનો સ્વીકાર કરીને સ્વેચ્છાનુસાર જીવીએ છીએ. અરે...! પોતાને ભણેલા અને સુશિક્ષિત માનતા એવા લોકો પણ જમવાની બાબતમાં અભણની માફક વર્તે છે. આપણે વર્ષો સુધી શરીરને અવગણીને મનધાર્યું કરતા રહીએ છીએ અને તેથી જ પાચનતંત્ર સંબંધી રોગના શિકાર બનીએ છીએ.

આમ આપણને નિજઅનુભવનો અનાદર કરવાની ટેવ પડી ગઈ છે અને તેથી જ પાચનતંત્ર સંબંધી નાની એવી તકલીફને અવગણીને 'હું તો નિરોગી જ છું' એવા ખોટા વહેમમાં જીવીએ છીએ, પરંતુ આ પાચનતંત્ર સંબંધી નાની એવી બીમારી જ શરીરમાં થતા અનેક રોગની જનેતા છે માટે આ વાસ્તવિકતાને બરોબર સમજી, કુદરત દ્વારા મળતા અનુભવોનો આદર કરવો જોઈએ અને તે મુજબ આહાર અને જીવનશૈલી સંબંધી વિવેકને ધ્યાનમાં રાખીને જીવન જીવવું જોઈએ.

ખરેખર આપણી પાસે સ્વસ્થ રહેવા માટે પર્યાપ્ત જ્ઞાન છે, પરંતુ જરૂર છે હિંમતપૂર્વક તે જ્ઞાનનો આદર કરવાની.

ચાલો, આજથી જ આપણે નિજજ્ઞાનનો આદર કરવાનો શુભારંભ કરીએ....

### પાચનતંત્રના રોગમાં રાખવા જેવી સાવધાનીઃ

આવા મોટા ભાગના રોગ મનની અસ્વસ્થતાને કારણે થતાં હોય છે. આ વાતને સમર્થન આપતા મેયો ક્લિનિકે ૧૫,૦૦૦ પેટના રોગના દર્દીઓ પર સંશોધન કરતા સાબિત કર્યું હતું કે, પાંચમાંથી ચાર પેટના દર્દીઓને પેટની બીમારીનું શારીરિક કોઈ કારણ ન હતું.

મોટા ભાગના આવા દર્દીઓની બીમારીનું કારણ ભય, ચિંતા, ઈર્ષ્યા, નફરત, ઘૃણા અને સ્વાર્થીલું જીવન હતું. સમાજમાં પોતાના સ્ટેટસ અને આબરૂને જાળવવાની ચિંતા જેને વધુ રહેતી હોય એમને પાચનતંત્રના રોગ થવાની સંભાવના વધારે હોય છે.

આમ છતાં, પેટની બીમારીના પ્રાયઃ દર્દીઓ આ વાત માનવા તૈયાર હોતા નથી અને કદાચ જો કોઈ એમને સાચુ કારણ બતાવે તો એમનામાં હિંમતપૂર્વક સ્વીકારવાની તૈયારી પણ હોતી નથી, કેમ કે, તે સ્વીકારવામાં એ ખૂબ નાનમ અનુભવવે છે. અરે, ઘણીવાર તો એ ખુદ પોતાની બીમારીનું કારણ જાણતા હોવા છતાં પોતાને અનુભવાતી ચિંતા અને ભયને સ્નેહીજનો સાથે નિખાલસપણે ચર્ચી પણ શકતા નથી અને તેથી એમની પેટની બીમારીની માત્રા વધી શકે છે, પરંતુ જો દર્દીએ પેટની બીમારીઓમાંથી મુક્ત થાવું હોય તો તે તટસ્થપણે વિચારવું આવશ્યક છે કે, એમની બીમારીનું કારણ માનસિક અસ્વસ્થતા તો નથી ને.!

### આહાર સંબંધી સાવધાની




- પાચનતંત્ર સંબંધી અપચો અને અજીર્ણ જેવા મોટા ભાગના રોગમાં દવા લઈને સ્વસ્થ થવાને બદલે ઉપવાસ કરવો તે તેનો શ્રેષ્ઠ ઉપચાર છે. માટે હિંમતપૂર્વક, મન ઉપર વિજય મેળવીને જરૂર ઉપવાસ કરવો.
- હંમેશાં પોતાને ભૂખ હોય તો પચે એટલું જ જમવું, કેમ કે આપણું પેટ સરેરાશ ૧.૫ લીટર આહારનો સંગ્રહ કરી શકે છે. આ સિવાયનો વધારાનો આહાર પાચનતંત્રને પચાવવો મુશ્કેલ હોવાથી તેને બહાર કાઢવા માટે શરીરને ખૂબ જ ઊર્જાનો ઉપયોગ કરવો પડે છે માટે વારેવારે, કટાણે જમવાની કે નાસ્તા કરવાની કુટેવો છોડવી.
- ખોરાક સારી રીતે ચાવીને જ જમવાની ટેવ પાડવી.

  ખોરાકના પાચનમાં પોતાની મોઢાની લાળ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે તે માટે આપણું શરીર રોજ ૧.૫ લીટર લાળ ઉત્પન્ન કરે છે અને આપણે જો ચાવીને ન જમીએ તો લાળ ઓછી માત્રામાં ઉત્પન્ન થાય છે તેથી ખોરાકનું યોગ્ય પાચન થઈ શકતું નથી.
- દિવસ દરમિયાન ઓછામાં ઓછું ૩ લીટર જેટલું પાણી પીવાની ટેવ અવશ્ય પાડવી. જમ્યા પહેલાં અને જમ્યા પછી પાણી ન પીવું. જમતી વખતે વચ્ચે થોડું પાણી પી શકાય.
- શક્ય હોય તો વાસી ખોરાક ન જમવો જોઈએ.
- નશાવાળા પદાર્થોની ટેવ છોડવી.

  ઘણાં લોકો એમ માનતા હોય છે કે ચા, કોફી, સોડા, તમાકુ, દારુ, ધૂમ્રપાન વગેરે લીધા પછી જ એમને મળ ઉતરે છે. આ ખોટી આદત છે. એ પદાર્થો વિના પણ સ્વસ્થ જીવન જીવી શકાય છે.
- મેંદાની વાનગીઓ જમવામાં ઓછી લેવાય તો એ વધુ સારું. આજના યુગમાં લોકોને મેંદાની વાનગીઓ જમવા પ્રત્યે એક અલગ જ ગાંડપણ પેદા થયું છે. ઘરોઘરમાં અને રેસ્ટોરન્ટમાં મેંદાની વાનગીઓ જમવી વધુ પસંદ પડે છે, જે હાનિકારક છે. આજની પેઢીની આહારની પસંદગી મેંદામાંથી બનેલી અપૌષ્ટિક વાનગીઓ હોય છે. મેંદાની વાનગીઓ જમવાથી શરીરમાં ફાયદો થવા કરતા નુકસાન વધારે થાય છે. આજે ડાયાબિટીસ, હૃદયરોગ અને કેન્સર જેવા અનેક રોગ વધવાનું એક કારણ મેંદાની વાનગીઓનો વધુ પડતો ઉપયોગ છે. માટે સાવધાન...

### જીવનશૈલી સુધારો...

- પાચનતંત્ર સંબંધી રોગથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય નિયમિત જીવનશૈલી છે, પરંતુ સંશોધનોના આધારે આ રોગના ૭૦-૭૫ ટકા દર્દીઓ રાત્રે મોડે સુધી જાગવામાં અને સવારે મોડા ઊઠવામાં રુચિ ધરાવતાં હોય છે અને તેથી તેઓ નાની ઉંમરથી જ લાંબા સમય સુધી આ રોગના સકંજામાં જકડાયેલા રહે છે. આ બીમારીઓમાં એમનું શરીર સતત નિયમિતતા ઝંખતું હોય છે, પરંતુ મોટા ભાગે એ લોકો વધુ ને વધુ અનિયમિત જીવન જીવે છે. આ રોગના દર્દી જો ખરેખર સ્વસ્થ થવા ઇચ્છતા હોય તો એમણે નિયમિત જીવનશૈલી કેળવવી જોઈએ.
- રોજ સવારે સંડાસ જવાની ટેવ પાડવી અને મળત્યાગ કરવામાં ક્યારેય બળ ન કરવું. જો મળત્યાગ કરવા માટે બળ કરવું પડે તો સમજવું કે, પાચનતંત્ર સંબંધી કાંઈ ખામી છે.
- સમય બચાવવાના હેતુથી, આળસમાં કે કામમાં વ્યસ્ત હોવાથી ક્યારેય પણ સંડાસના વેગને રોકી ન રાખવો. બધા કામ પડતા મૂકીને સંડાસ જઈ આવવું.
- વારંવાર રેચ લેવાના આદતી ન બનવું, કેમ કે જે દર્દીને ખ્યાલ પણ નથી રહેતો અને તેનું શરીર રેચને આધીન થઈ જાય છે.
- બેસતી વખતે હંમેશાં ટટ્ટાર બેસવાની ટેવ પાડવી. નમીને કે વાંકા બેસવાથી હોજરી અને આંતરડાં ઉપર દબાણ આવે છે, તેથી પાચનક્રિયા નબળી પડે છે.
- ખોટા બહાનાનો ત્યાગ કરીને રોજ ૨૦-૩૦ મિનિટ શારીરિક શ્રમ કરવાની ટેવ પાડવી.
- મૈથુનનો અતિરેક ન કરવો, કેમ કે એ અતિરેકથી શરીરની રોગપ્રતિકારક શક્તિ અને પાચનશક્તિ પર અસર થાય જ છે. તેમાં પણ જમીને તરત મૈથુન ક્રિયાથી પાચનતંત્ર સંબંધી અનેક રોગ થવાની સંભાવના વધી જાય છે.. ■

feedback@bombaysamachar.com
વિશેષ
નિધિ ભટ્ટ

# કઠોળમાં રહેલા સફેદ ફીણ સ્વાસ્થ્ય માટે જોખમી છે?

પલાળેલાં કઠોળ અથવા રાંધેલાં કઠોળ જેના પર ફીણ જેવું જે સફેદ પડ હોય છે, તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે કે નહીં? એ વિશે જાણીશું. આજકાલ સોશિયલ મીડિયા પર પલાળેલાં કઠોળ અથવા રાંધેલાં કઠોળ પર ફીણવાળું સફેદ પડ કેવી રીતે પડે છે તે અંગે ઘણી ચર્ચા થઈ રહી છે.

ફીણ જેવું સફેદ પડને સેપોનિન કહેવાય છે, જો આ રીતે દરરોજ સેવન કરવામાં આવે તો શું તે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે? આજે આપણે તેની પાછળના વિજ્ઞાન વિશે વાત કરીશું. આજે અમે તમને જણાવીશું કે દાળ કેવી રીતે બનાવવામાં આવે છે અને એ પણ જાણીશું કે દાળ કેવી રીતે રાંધવી જોઈએ? સેપોનિન એક કુદરતી પદાર્થ છે જે ઘણા પ્રકારના કઠોળમાં જોવા મળે છે. એક રીતે તે કઠોળ અને છોડને રક્ષણ પૂરું પાડે છે. બીજી રીતે જોવામાં આવે તો, કઠોળ રાંધતી વખતે સફેદ ફીણ બને છે તે તમારા સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે.



**પ્યુરિનઃ** ફીણમાં પ્યુરિન હોય છે, જે શરીરમાં યુરિક એસિડનું સ્તર વધારી શકે છે. યુરિક એસિડનું ઉચ્ચ સ્તર કિડની રોગનું કારણ બની શકે છે. હાર્ટ એટેક અને સાંધાની સમસ્યાઓ જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.

**સેપોનિનઃ** ફીણમાં સેપોનિન પણ હોય છે, જે કુદરતી રીતે બનતા સંયોજનો છે જે પેટનું ફૂલવું અને પેટમાં અસ્વસ્થતા જેવી પાચન સમસ્યાઓનું કારણ બની શકે છે. પ્રોટીન સ્ત્રાવફીણ હવાના કણોને કારણે થાય છે જે કઠોળમાં હાજર પ્રોટીનને ઉકાળવામાં આવે ત્યારે બહાર આવે છે. સ્વાસ્થ્યના જોખમોને ઘટાડવા માટે, તમે દાળ ખાતા પહેલા ફીણને દૂર કરી શકો છો. ફીણ દૂર કરવા માટે ચમચી અથવા ચાની ગળણીનો ઉપયોગ કરવો.

### દાળને પ્રેશર કૂકરને બદલે ખુલ્લા પાત્રમાં રાંધો

સેપોનિન આયર્ન અને પ્રોટીન જેવા પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે. જેમ કે તેમની ઉણપ છોડમાં થાય છે. ઘણા સંશોધનો દર્શાવે છે કે સેપોનિનમાં બળતરા વિરોધી અને એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો હોય છે, જેના ઘણા ફાયદા છે. વધુ પડતા સેપોનિનનું સેવન કરવાથી પેટનું ફૂલવું અને ગેસ જેવી સમસ્યાઓ થઈ શકે છે અને તે આંતરડાના સંતુલનને અસર કરી શકે છે. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# ઓમકારના નાદનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે ધ્યાન નાદ પર રાખવું

(ગતાંકથી ચાલુ)

**વિશેષ નોંધઃ**

આ કુંભક વિનાનો ઉજજાયી પ્રાણાયામ પ્રમાણમાં ઘણો સરળ પ્રાણાયામ છે. આમ છતાં 'તાણ'ના દરદી માટે તે ક્યારેક કઠિન બની શકે છે. જો તેમ થાય તો તેનાથી તાણ વધી જાય. આમ ન બને તે માટે આટલી કાળજી રાખવી જોઇએ.

* જાણકાર વ્યકિત પાસે જ પ્રાણાયામનો અભ્યાસ શીખવી જોઇએ અને તેની દેખરેખ નીચે જ અભ્યાસ ચાલુ રાખવો જોઇએ.

* પાંચ સેકન્ડ અને ૧૦ સેકન્ડના પૂરક-રેચક કઠિન લાગે તો પ્રમાણ તેથી પણ ઓછું રાખવું, ત્રણ સેકન્ડ અને છ સેકન્ડના પૂરક-રેચકથી પણ પ્રારંભ કરી શકાય.

* પ્રાણાયમ શીખતી વખતે અનેક બાબતો શીખવી પડે છે. આ બધાનો પ્રારંભ એકસાથે જ કરવાને બદલે એક પછી એક મુદ્દાઓ શીખીની પછી બધવનો સમન્વય કરી શકાય.

સાવધાન! આપણે અહીં તાણમાંથી મુક્ત થવા માટે ઉજજાતી પ્રાણાયામનો અભ્યાસ કરીએ છીએ. તે અભ્યાસ તાણ વધારવામાં કારણભૂત ન બને તેની કાળજી રાખવી જોઇએ.

૩. પ્રણવોપાસના

ભારતીય અધ્યાત્મપરંપરામાં પ્રણવોપાસનાને એક ઘણી મૂલ્યવાન સાધના ગણવામાં આવે છે. પ્રણવોપાસના મૂલતઃ અધ્યાત્મસાધના છે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ પ્રણવોપાસના ઉપયોગી થઇ શકે તેમ છે.

પ્રાણાયામના અભ્યાસ પછી તરત પ્રણવોપાસના કરવામાં આવે તો આ અભ્યાસ વધુ ફળદાયી બની શકશે.


માત્ર પુસ્તક દ્વારા પ્રણવોપાસના શીખી શકાય નહીં. પ્રણવોપાસના કોઇ જાણકાર પાસે શીખવી જોઇએ.

અહીં આપણે પ્રણવોપાસના વિશેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સંક્ષેપમાં નોંધીએ.

(૧) કોઇ પણ એક આસનમાં બેસવું.

(૨) શ્વાસ અંદર ભરીને પછી રેચક સાથે ખૂબ નીચા સ્વરથી 'ઓ'નો ઉચ્ચાર કરવો.

'ઓ'ની ત્રણ માત્રા છે. માત્રા એટલે લગભગ એક સેકન્ડ જેટલો સમય. ત્રણ માત્રા જેટલો સમય 'ઓ'ની ઉચ્ચાર કર્યા પછી મુખ બંધ કરીને 'મ'નો ઉચ્ચાર કરવો. 'મ'નો ઉચ્ચાર પોતાની શક્તિ પ્રમાણે ગમે તેટલો લંબાવી શકાય છે. 'મ'નો ઉચ્ચાર પૂરો થયા પછી થોડી ક્ષણો બાહ્ય કુંભકની અવસ્થામાં જ રહેવું. પછી પૂરકનો પ્રારંભ કરવો. ધીમી ગતિએ પૂરક દ્વારા શ્વાસને પૂરો અંદર ભરી લેવો. પછી ફરીથી રેચક સાથે ઓમકારનો ઉચ્ચાર કરવો.



આ રીતે ઓમકારના ઉચ્ચારણનાં અનેક આવર્તનો કરી શકાય.

(૩) ઓમકારના નાદનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે ધ્યાન નાદ પર રાખવું. નાદનું ઉત્પન્ન થવું અને નાદનું શ્રવણ કરવું -આ બંને ક્રિયાઓ એકસાથે થવી જોઇએ, જેથી નાદસર્જન અને નાદશ્રવણનું એક ચક્ર પૂરું બને.

(૪) દરેક આવર્તનમાં નાદને અંતે નાદના અનુરણનનું ધ્યાન કરવું. અનુરણન એટલે નાદના અંતે ચિત્તમાં ગુંજતી નાદની પ્રતિમા.

(૫) નાદના અનુસંધાનની સાથેસાથે ઓમકારના અર્થનું ચિંતન કરવું, ઓમકાર પરબ્રહ્મનો વાચક છે. ઓમકાર પરબ્રહ્મ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ સર્વોચ્ચ નામ છે. ઓમકાર શબ્દબ્રહ્મ છે.

પ્રણવની સાડાત્રણ માત્રા છે. અ, ઉ અને મ-આ ત્રણે અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-અવસ્થાની પ્રતીક-માત્રા છે. અર્ધમાત્રા તુરીયાવસ્થાની પ્રતીક-માત્રા છે. પ્રણવોપાસના દ્વારા આ ત્રણે અવસ્થાનો ભેદીને તુરીયાવસ્થામાં પહોંચવાનું છે.

૪. સમજ

સમસ્યાઓ સમજના અભાવમાં ઉત્પન્ન થાય છે અને સમજ દ્વારા સમસ્યાઓનું નિરાકરણ મળે છે.

માનસિક તાણનો દરદી જો પરિપક્વ હોય તો પોતાની સમસ્યાના સ્વરૂપને સમજે અને જો એમ બની શકે તો આ સમસ્યાના નિરાકરણમાં તેનાથી ઘણી સહાય મળી શકે તેમ છે.

આપણે પ્રારંભમાં જ તાણનાં સ્વરૂપ અને કારણોની વિગતવાર વિચારણા કરી છે. તાણનો દરદી પોતે આ વિગતો સમજે અને તેને આધારે અને વિષયની કોઇ જાણકર વ્યક્તિની સહાય મેળવી પોતાની સમસ્યાના સમગ્ર સ્વરૂપને સમજી લે તો આ સમજ તેને સમસ્યામાંથી મુક્ત થવામાં સહાયભૂત બને છે.

આ સમજની પ્રક્રિયામાં વ્યક્તિની પોતાની જાગૃતિ, પોતાની જાતને સમજવાની તત્પરતા, પોતાનું આંતરનિરીક્ષણ, જાણકાર વ્યક્તિનું માર્ગદર્શન આદિ ઉપયોગી થઇ શકે છે.

જ્યારે વ્યક્તિ તાણના સ્વરૂપને સમજી લે છે, ત્યારે તાણની વ્યર્થતાનો પણ સમજી લે છે અને વ્યર્થની વ્યર્થતાને સમજી લેવી તે વ્યર્થમાંથી મુક્તિનો મૂલ્યવાન ઉપાય છે.

સમજનો આ ઉપાય કેટલો કારગત નીવડે તેવો આધાર જે-તે વ્યક્તિની અવસ્થા અને પરિપક્વતા પર છે. સમજની પ્રાપ્તિ તે સૌથી મોટી ઉપલબ્ધિ છે.

માત્ર તાણના દરદી માટે જ નહીં, પણ જીવનની કોઇ પણ સમસ્યા માટે સમજની પ્રાપ્તિ બહુ મૂલ્યવાન ઉપાય છે, તે હકીકત સૌએ નોંધી રાખવી જોઇએ.

૫. સમર્પણભાવ

સમર્પણ એટલે પોતાનાં મન-બુદ્ધિ-ચિત્ત, અહંકાર, પોતાનું જીવન, પોતે જે કાંઇ છે અને પોતાનું જે કાંઇ છે તે સર્વસ્વ ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દેવું તે.

આવું સંપૂર્ણ સમર્પણ સહેલી વાત નથી. આવું સમર્પણ તો એક વિરલ ઘટના છે. તોપણ ભગવાનને સમર્પિત થઇને જીવવાનો એક મનોભાવ તો સર્વજનસુલભ છે. ભગવાન સમગ્ર અસ્તિત્વના અને તેથી આપણાં જીવનના પણ કર્તા-ધર્તા-સંહર્તા છે, તેવી શ્રદ્ધા રાખીને ભગવાનને પોતાનું જીવન, પોતાનાં સુખ-દુઃખ, પોતાનું આયોજન, પોતાની ઇચ્છાઓ, પોતાની સલામતી, જીવન, પોતાનાં સુખ-દુઃખ, પોતાનું આયોજન, પોતાની ઇચ્છાઓ, પોતાની સલામતી, પોતાના ભય, પોતાની સમસ્યાઓ આદિ સર્વ સોંપી દેવાનું મનોવલણ રાખવું તે પણ એક સ્વરૂપનું- ભલે આંશિક કે પ્રારંભિક- સમર્પણ છે. આ સમર્પણભાવ માનવીને અનેક ચિંતાઓ અને અનેક ભયમાંથી મુક્ત કરી દે છે. આપણે જોયું છે તે પ્રમાણે તાણ (તાંચિતત)ના પાયામાં જ ભય અને ચિંતા (ફક્ષક્ષશાયુ) છે. સમર્પણના સામર્થ્યથી ભય અને ચિંતામાંથી મુક્તિ મળે છે, તેથી તેના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ તાણમાંથી પણ મુક્તિ મળે જ છે.

જેના ચિત્તમાં 'મારા ભગવાન મારી સંભાળ રાખશે- મારી રક્ષા કરશે. મારા ભગવાન મારા જીવનની નૈયાને સંભાળશે'- આવી શ્રદ્ધા દઢીભૂત થઇ છે, તેને કોનો ભય? શાની ચિંતા? આવા શ્રદ્ધાળુ અને સમર્પિત માનવીના જીવનમાં તાણને કોઇ સ્થાન જ નથી. તેવા માનવીને તાણ હોય નહીં અને આવે તો લાંબો વખત રહે નહીં.

આમ સમર્પણભાવ પણ તાણમુક્તિનું એક મૂલ્યવાન પરિબળ બની શકે છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# ખાલી મગજમાં પણ ખાલી ચડી જાય...

'ચંબુડા બકા, યુ નો કે ચૂંટણીમાં ઊભો તો રહ્યો, પણ મારી યાદશક્તિ અને આંખો અત્યંત નબળા છે એટલે ભાષણ વખતે વહાલા, તું મારા હૈયામાં રહેજે ને ભૂલું ત્યાં તું ટોકતો રહેજે ' બુધાલાલ બોલ્યા અરે, તમારી ઢાલ બનીને બેસીશ પણ તમે પાકેલાં પપૈયા જેવુ મોઢું કર્યા વગર સ્ટાર્ટ કરો.. હું અહીં ય જ છું'ને બુધાલાલે ચૂંટણીમંચ પરથી ભાષાણારંભ કર્યો. 'ભાઈઓ-,ભાભીઓ-બહેનો-બનેવીઓ-મુરબ્બીઓ -મુરબ્બાઓ....'

હવે હદ એ થઈ કે બુધાલાલ પોતાનું જ નામ ભૂલી ગયા પણ પાછા ન પડતાં આગળ

વધ્યા :

અપને દેશમે બડે બડે નેતા હો ગયે હૈ જૈસે લાલબહાદુર, સુભાષ બોઝ, જવાહરલાલ નહેરુ. નહેરુકો

ગુલાબકા ફૂલ બહોત પ્યારા થા, ગુલાબ કહી રંગકે હોતે હૈ, લાલ, પિલે, ગુલાબી ઓર ગુલાબી રંગકે

ગુલાબમેસે ગુલકંદ બનતા હૈ, ગુલકંદ પેટકો ઠંડક દેતા હૈ ઓર પેટ હર બીમારીકા જડ હૈ, જડે તો તડબૂચ

કે બહોત લંબે હોતે હૈ લેકિન તડબૂચ રંગ બદલતા હૈ,રંગ તો કાચિંડા ભી બદલતા હૈ, મગર આદમીસે

હાર જાતા હૈ. રંગ દેખો તો બાકી જર્મની કા,જર્મનીને દો બાર વોર કિયા, કહી લોગ વોર કો વાર કહેતે

હૈ. વાર સાત હૈ.. રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર અરે બુધવારસે યાદ આયા મેરા નામ બુધાલાલ

હૈ ઓર બુધાલાલકો મત દે કે પૂરી પેટી છલકા દેના.!' આટલું બોલતા પરસેવો વળી ગયો પછી

ખીસામાથી ચંબુએ આપેલો કાગળ કાઢ્યોઃ

'મિત્રો આગળની સરકારે અન્ન આપ્યા વગર શૌચાલય બનાવી ગામ સાથે ઝળહળતો અન્યાય કર્યો છે.'

'ઝળહળતો નઇ બાપુ, હડહડતો ! ' મે પાછળથી સુધાર્યું.

'સોરી હડહડતો ..ખુશ? બાકી ભૂતકાળમાં થયેલી ભૂલો બદલ હજી અમારો આત્મા ઝંખે છે.'

'ઝંખે છે નઇ બાપુ , ડંખે છે' ફરી સુધાર્યું.

'ઓકે ડંખે છે, પણ આ વખતે તમારો જો સાથ મળ્યો તો દેશને



વિનાશના પંથે...'

'બાફ્યું પાછું બાફ્યું- વિનાશના નઇ વિકાસના ..જનતા ભડકે એ પહેલા સંભાળી લો ! '

'ઓકે ઓકે ફરી સોરી, તો વિકાસના પંથે લઈ જાશું, અત્યાર સુધી આપણી ગામની જનતાએ બહુ ટોઇલેટ

કર્યું હવે આનાથી વધુ ટોઇલેટ...'

અરેરે બાપુ, ટોઇલેટ નઇ ટોલરેટ..ટો-લ-રે-ટ...પ્લીઝ ! '

'તું શબ્દ નઇ ભાવાર્થ પકડ, આ જનતાને ગામની પર સ્ત્રીની ખબર છે.'

'અરે બાપુ, માર ખવડાવશો પર સ્ત્રી નઇ.. પરિસ્થિતિ, સમજાયું ?!'

'ઓ..સોરી ..ને આટલી મંદી ને મોઘવારીમાં આપણે કેટલીય વિધવાઓનો મત લેવો..'

'અરે, બાપુ- બાપુ- બાપુ.. કેટલા ભગા વિધવાઓ નઇ વિદવાનો ! '

'અરે ટોપા,તું અક્ષર સુધારને, ક્યારનો બોલતો નથી એટલે? મારી આંખો નબળી...'

'ઓ...હો, બાપુ.. ધ્યાનથી જુઓ- બધુ છાપેલું છે! '

'એ પછી પણ ખાલી મગજમાં પણ ખાલી ચડી જાય એવું વાતાવરણ સર્જાયું. બુધાલાલ આગળ વધ્યા :'

મિત્રો, 'આગળની સરકાર ગામને સારું સ્મશાન નથી આપી શકી એ જીવતા નાગરિકને જીવન શું આપી શકે? હું દરેક ઘરના આંગણે એક સ્મશાન બનાવીશ.. પ્રોમિસ ..પણ મત આપી મને જીતાડજો '

અબે એય બુધિયા, તને મતની નઇ મોતની જરૂર છે ને તું શું સ્મશાન બનાવતો હતો!' ચંપક ચોટીની

છટકી :

'અમે ગામવાળાએ સ્મશાન બાંધી દીધું છે ને એમાં તારું દહન કરીને - તને બાળીને તારાથી જ ઉદ્ઘાટન કરીશું, અરે ઉઠાવો બધા ! ' - ને એ પછી બુધાલાલ 'અમર રહો' ના નારા સાથે ટીંગાટોળી કરી ઉઠાવ્યા. ગામમાં પહેલી વાર જીવતી સ્મશાન યાત્રા નીકળી એને જોવા લોક ટોળે વળ્યા.

અરે, મને બાળવા લઈ જાઓ છો ને આ 'અમર રહો'ના નારા પ્લીઝ.

છેવટે સ્મશાનમાં ચિતા પર બુધાલાલનો અગ્નિદાહ તો દીધો, પણ આશ્ચર્ય લાકડાં બધા બળી ગયા પણ બુધાલાલ એમના એમ !

આવું કેમ બન્યુ?' એમ કોઈ બોલ્યું તો ચિતાના લાકડામાંથી અવાજ આવ્યો : જેણે દેશની ચિંતા કરી નથી એને ચિતા પર સૂવાનો અધિકાર નથી ! '

પછી કબરમાં લઈ ગયા ને મીઠા સાથે દફનવિધી કરી તો મીઠું ઓગળી ગયું ,પણ બુધાલાલ ન ઓગળ્યા!

અમે કઈ બોલીએ પહેલાં માટીમાંથી વાણી ફૂટી : જે માટીમાંથી પેદા થયો એ માટીનું ઋણ અદા ન કરે ત્યાં સુધી અમારામાં સમાવીશું નહીં ! બાપરે હવે? છેવટે પારસીના

કૂવામાં ફેકવાનું વિચાર્યું, ભલે હવે તો ગીધડા ખાઈ જતાં.. એમ કર્યું તો કૂવામાંના ગીધડા ઊડી ગયા અને બોલ્યાઃ 'આને ખાવાથી અમને ફૂડ પોઇઝન થઈ જાય તો ક્યાં જઈએ ..જાયે તો જાયે કહાં.. ?'

આમ આ ટોપો હિન્દુ, મુસ્લિમ કે પારસી વિધિથી પણ ન મર્યો તો દેહદાન કોણ લે? જો ભાઈ, શરીરમાં આત્મા હોય ને ઉપર પરમાત્મા. આ બંને વચ્ચે જે છે એ પ્રેતાત્મા. બુદ્ધિ વગરના આવા કેટલાય બુધાલાલ જેવા

પ્રેતાત્મા ચૂંટણીમાં ચૂંટાશે. હવે બોલો 'ભારત માતાકી' .... ....'નઇ બિલકુલ નઇ જય', જ્યાં સુધી આવા પ્રેતાત્માનો નિવેડો ન આવે... બોલ્યા તો ખબરદાર! શું કહો છો? ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સલગમ | ASPARAGUS |
| શક્કરિયું | PARSNIP |
| સફેદ ગાજર | SWEET POTATO |
| શંખાલુક | TURNIP |
| શતાવરી | JIGAMA |

### ઓળખાણ પડી?



છાલ પરના આવરણને કારણે શિંગડાવાળા મેલન તરીકે પણ ઓળખાતા અને કાકડી પરિવારના એક્ઝોટિક ફ્રૂટની ઓળખાણ પડી? આરોગ્ય માટે ગુણકારી મનાય છે.

LONGAN બ) KIWANO ક) DURIAN ડ) CHERIMOYA

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ક | ર્ષ | ક | | ૩ એ | ૪ ક | સ | ૫ મા | ૬ ન |
| ૭ દ | શા | | | ૮ મો | | ળા | | ૯ તા | કા |
| ર | | ૧૦ ઝ | ૧૧ પા | ટા | | | ૧૨ હ | | રા |
| | ૧૩ એ | | ૧૪ સ | ભા | રં | જ | ક | | ત્મ |
| ૧૫ ઊ | કા | ળો | | ગે | | | ૧૬ દા | ૧૭ ર | ક |
| ૧૮ થ | કી | | ૧૯ ફ | | ૨૦ ઘ | સ | ર | કા | |
| લ | | ૨૧ જ | રી | ૨૨ વા | ર | | | ૨૩ બ | ૨૪ સ |
| ૨૫ પા | ૨૬ પ | ડ | | ૨૭ ટ | કા | ૨૮ વા | રી | | મ |
| ૨૯ થ | ર | | ૩૦ બા | | ૩૧ મ | ન | | ૩૨ પા | ર્થ |
| ૩૩ લ | બ | ડ | ધ | ક્કે | | ર | | ૩૪ દ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | | ૮ | | ૯ | | | ૧૦ |
| ૧૧ | | | ૧૨ | | | | | ૧૩ | |
| | | | ૧૪ | | | | | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | | | | ૧૮ | | |
| ૧૯ | | | | ૨૦ | ૨૧ | | | | |
| | | ૨૨ | | | | | | | ૨૩ |
| ૨૪ | ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | |
| | | | ૨૮ | | | | ૨૯ | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. જોરવાળું (૪)
૪. રુચિ, પસંદ કરવું તે (૪)
૭. એક રાગ (૩)
૯. ઠંડીમાં પહેરવી પડે (૨)
૧૧. સુરાહી, મદિરા રાખવાનું પાત્ર (૨)
૧૨. મોટો દેગડો (૨)
૧૩. વખતે (૨)
૧૪. એક ઔષધિ (૪)
૧૫. ભલે, હશે (૨)
૧૮. સારો વ્યક્તિ (૩)
૧૯. ટૂંકી બાંયનું પહેરણ (બ.વ.) (૩)
૨૦. ચકમકતું (૫)
૨૨. જાહેર યાતાયાતનું સાધન (૨)
૨૪. મુસાફરી (૩)
૨૬. સ્થાપના કરનાર (૩)
૨૭. ઉકેલ (૨)
૨૮. કાંચળી, આણું (૩)
૨૯. નદી પાર કરવા જોઇએ (૩)
૩૦. ઉપેક્ષા, અવજ્ઞા (૫)
૩૧. વ્હૉટ્સએપ ગ્રૂપના સંચાલક (૪)

**ઊભી ચાવી**

૧. નુકસાન પહોંચાડી શકે એવું (૩)
૨. વિષ્ણુ, પ્રભુ (૪)
૩. ચીડ, ખીજ, ચિંતા (૨)
૫. સંબંધ જોડતું (૪)
૬. નાનો દડો, બાંધો (૨)
૮. આવશ્યકતા, ગરજ (૫)
૧૦. ઉમેરવું તે (૪)
૧૧. પરદો (૨)
૧૩. સમજમાં આવતું (૪)
૧૬. આજુબાજુ (૪)
૧૭. સરખું, ભૂલચૂક વિનાનું (૪)
૧૮. સહેલાઇથી સમજાય એવું (૩)
૨૧. પારકી વસ્તુ પડાવી લેનાર (૪)
૨૩. પાણી પીવું તે (૪)
૨૫. 'ફગાવવું'નું આજ્ઞાર્થ (૫)
૨૬. સ્થાપિત કરવું તે (૩)
૨૭. બદમાશ, કૃતઘ્ન (૩)
૨૮. મરણ પાછળ રોવું-કૂટવું (૨)
૨૯. તિરાડ, દરાર (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ચલો નિજ દેશ ભણી' પંક્તિમાં નિજ શબ્દનો અર્થ જણાવો.

અ) નિયમિત બ) નિરાંતે ક) પ્રેમાળ ડ) પોતાનું

### માતૃભાષાની મહેક

વીર એટલે શૂરવીર એવો પ્રચલિત અર્થ છે. મહાપુરુષ કે મહાનુભાવ માટે પણ વીર શબ્દ વપરાય છે અને બહેન ભાઈને વીર કહે છે. શાસ્ત્રમાં ચાર પ્રકારના વીર ગણાવ્યા છેઃ વિદ્યાવીર, યુદ્ધવીર, દાનવીર અને દયાવીર. કાવ્યશાસ્ત્રમાં ગણાવવામાં આવેલા નવ રસ પૈકી એક વીર રસ પણ છે.

### સુડોકુ-૭૦૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૪ | ૮ | | ૬ | | |
| | ૪ | | ૭ | ૩ | | | | ૨ |
| ૧ | ૭ | ૨ | | ૯ | | | | |
| | ૫ | ૭ | ૯ | | | | | ૧ |
| | | ૧ | ૨ | | ૬ | ૪ | | |
| ૪ | | | | | ૭ | ૯ | ૫ | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૯ |
| ૯ | | | | ૭ | ૪ | | ૮ | |
| | | ૫ | | ૬ | ૯ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૮ | ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૫ | ૮ | ૯ | ૪ | ૧ | ૩ | ૬ | ૨ | ૭ |
| ૪ | ૬ | ૨ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૪ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OSTEOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) મગજ બ) હૃદય ક) હાડકા ડ) લોહી

### ઈર્શાદ

કોયલ ને કાગ રાણા, એક જ વરણાં રે
કડવી લાગે છે કાગવાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં છે જાણી જાણી. --- *મીરાંબાઈ*

### માઈન્ડ ગેમ

બ્રેડ, કેક તેમજ અન્ય પદાર્થ તૈયાર કરવા માટે વાપરવામાં આવતો બેકિંગ પાવડર રસાયણ શાસ્ત્રમાં કયા નામથી પ્રચલિત છે એ કહી શકશો?

અ) કેલ્શિયમ કાર્બોનેટ બ) સોડિયમ બાઈકાર્બોનેટ ક) કોપર સલ્ફેટ ડ) સોડિયમ ક્લોરાઈડ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચમેલી | JASMINE |
| સફેદ ધતૂરો | STRAMONIUM |
| છૂઈમૂઈ | SHAMEPLANT |
| ચંપો | FRANGIPANI |
| કરેણ | OLEANDER |

ઓળખાણ પડી?
POPPY

ગુજરાત મોરી મોરી રે
પગલાંની છાપ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ત્રણ કલાક

માઈન્ડ ગેમ
ચિરોડી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) ફાલ્ગુની શેઠ (૪૦) મનીષા શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર (૫૦) જયવંત પદમશી ચિખલ

# અપક્ષો-બળવાખોરો પાસે સત્તાની ચાવી?

## આવું બુકીઓ માને છે

### તેમના મતે મહાયુતિને ૧૩૫ બેઠક મળશે જે બહુમતીથી નવ બેઠક ઓછી રહેશેઃ એક ઓપિનિયન પોલ પ્રમાણે મહાયુતિનો ઘોડો વિનમાં છે



**અમે તો આપ્યો વોટ...:** થાણેમાં સોમવારે ચૂંટણી વખતે ફરજ બજાવનાર મહિલા અધિકારીઓએ મતદાન કર્યું હતું અને ગર્વ સાથે મતદાન કરવાના પુરાવા સાથે તસવીર ખેંચાવી હતી. (પીટીઆઈ)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ વખત ત્રણ મોટા રાજકીય પક્ષોએ એકસાથે મળીને મહાયુતિ અને મહાવિકાસ આઘાડીની રચના કરી છે. તેમાંથી બે શિવસેના અને બે એનસીપી છે. તેથી પક્ષના કાર્યકરો, પદાધિકારીઓ અને મતદારો પણ વિભાજિત છે. દરમિયાન, લોકસભા ચૂંટણીનાં પરિણામને આધારે જોવામાં આવે તો મહાવિકાસ અઘાડીનું પલડું ભારે જોવા મળી રહ્યું છે. જોકે લાડકી બહેન યોજના, અન્ય લોકપ્રિય યોજનાઓના વરસાદ અને મહાયુતિની હાલની તાકાતને જોતા મહાયુતિનું પલ્લું ભારે રહેશે એવું જણાય છે. પ્રી-પોલ સર્વેમાં મહાયુતિની સરકાર રાજ્યમાં ફરી સ્થાપિત થાય એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ બીજી તરફ બૂકીઓના અંદાજને જોવામાં આવે તો એવું તારણ નીકળી રહ્યું છે કે રાજ્યમાં મહાયુતિ સ્પષ્ટ બહુમતીથી દૂર રહેશે. રાજ્યમાં સરકારના ગઠનમાં અપક્ષો મહત્ત્વની ભૂમિકા ભજવશે.

બીજી તરફ બૂકીઓએ મહારાષ્ટ્રમાં ફક્ત મહાયુતિના ભાવ ખોલ્યા હતા, પરંતુ આમાં મહાયુતિને ૧૩૫થી ૧૩૮ બેઠકો પર વિજય મેળવવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. જ્યારે અપક્ષો કે નાના પક્ષો મોટી સંખ્યામાં વિજયી થશે અને તેઓ જ સરકારના ગઠનમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. મહાવિકાસ આઘાડીના (જુઓ પાનું ૪) ▶▶

# ભાંડુપમાં ખુલ્લી ગટરમાં પડી જતા દોઢ વર્ષના બાળકનો જીવ ગયો

### સ્થાનિકો ભડક્યાં, સુધરાઈ સામે એફઆઈઆર નોંધાવવાની માગણી



**આ એ જ જગ્યા છે...:** હા, ભાંડુપમાં કૃષ્ણા નામનું દોઢ વર્ષનું બાળક અહીં જ પડીને મૃત્યુ પામ્યો હતો. ઈન્સેટમાં કૃષ્ણા ગુપ્તા. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપ (પશ્ચિમ)માં ખુલ્લી ગટરમાં પડી જવાથી દોઢ વર્ષના બાળકનું મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી. કૃષ્ણા ઓમપ્રકાશ ગુપ્તા મૃતક બાળકનું નામ છે. સુધરાઈની બેદરકારીને કારણે ખુલ્લી ગટરમાં બાળકના પડી જવાનો આરોપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો હતો અને સુધરાઈ સામે પોલીસમાં એફઆઈઆર નોંધવાની માગણી પણ તેઓએ કરી હતી. ભાંડુપ (પશ્ચિમ)માં ગામદેવી પરિસરમાં કૃષ્ણા ગુપ્તા નામનો બાળક રવિવારે સાંજે (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં પ્રચારમાં નીકળેલી મહિલા ગટરમાં પડી

### મહામહેનતે મહિલાને ગટરમાંથી બહાર કાઢી શકાઇ

થાણેઃ થાણેમાં મતદાનના પ્રચારમાં સહભાગી થયેલી એક મહિલા ગટરના ખાડામાં પડી ગઈ હતી અને મુશ્કેલીથી બહાર આવી શકી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં, મહિલા પ્રચાર દરમિયાન અન્ય લોકો સાથે ચાલતી વખતે ખુલ્લી ગટરના ખાડામાં લપસી પડી હતી. ગટરમાં પાણી ખભા સુધી ભરાયેલું હતું અને મહિલા ઘણી મહેનત બાદ બહાર આવી શકી હતી. તેણીને કોઈ ઈજા થઈ છે કે કેમ તે તરત જ જાણી શકાયું નથી.

(જુઓ પાનું ૪) ▶▶

# મારી બેગ કેમ તપાસી?

### યવતમાળમાં ચૂંટણી અધિકારીની ચકાસણીને પગલે ઉદ્ધવ ઠાકરેએ કરી



યવતમાળઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ સોમવારે એવો દાવો કર્યો હતો કે જ્યારે તેઓ વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના યવતમાળ પહોંચ્યા ત્યારે સરકારી અધિકારીઓ દ્વારા તેમની બેગની તપાસ કરવામાં આવી હતી.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને એવો સવાલ કર્યો હતો કે, શું ચૂંટણી અધિકારીઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓની બેગની પણ ચકાસણી કરશે?

ઠાકરેએ શિવસેના (યુબીટી)ના ઉમેદવાર સંજય દરેકર માટે યવતમાળના વણી ખાતે જાહેર સભાને સંબોધિત કરતી વખતે પોતાનો અનુભવ શેર કર્યો હતો.

શિવસેના (યુબીટી)ના વડાએ કહ્યું કે જ્યારે તેઓ હેલિકોપ્ટર દ્વારા વણી પહોંચ્યા ત્યારે તેમની બેગની તપાસ કેટલાક સરકારી અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

તેમણે તપાસ કરવા માટે આવેલા અધિકારીઓના ખિસ્સા અને ઓળખપત્રની તપાસ કરવા માટે તેમના પક્ષના કાર્યકરો અને મતદારોને કહ્યું હતું.

ઠાકરેએ કહ્યું કે તેઓ ચૂંટણી (જુઓ પાનું ૪) ▶▶

# ધર્મના નામે મત માગવાનું તદ્દન અયોગ્યઃ પીયૂષ ગોયલ

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના નેતા પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું હતું કે ધાર્મિક ધોરણે મત માગવા એ બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ છે.

તેમણે લોકોને ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને પસંદ કરવા અપીલ કરી હતી, જે ૨૦ નવેમ્બરની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં વિકાસ અને પ્રગતિ માટે પ્રતિબદ્ધ છે. મહાયુતિ સમાવેશક નીતિઓને પ્રોત્સાહન આપી રહી છે અને વિભાજનકારી યુક્તિઓને ટાળી રહી છે તેના પર ભાર મૂકતા, મુંબઈ ઉત્તરના સાંસદે મતદારોને ધાર્મિક રેખાઓથી આગળ વધવા અને વિકાસ અને પ્રગતિ પસંદ કરવા અપીલ કરી. ગોયલે જણાવ્યું હતું કે, ''લોકોને ધર્મના આધારે કોઈ ચોક્કસ પક્ષને મત (જુઓ પાનું ૪) ▶▶

# ગોરાઈમાં સાત ટુકડા કરાયેલો મૃતદેહ મળતાં ખળભળાટ

મુંબઈઃ ગોરાઇ વિસ્તારમાં અજાણ્યા શખસનો સાત ટુકડા કરાયેલો મૃતદેહ ગૂણીમાંથી મળી આવતાં સ્થાનિકોમાં ખળભળાટ મચી ગયો હતો.

ગોરાઇના બાબરપાડા ખાતેના શેફાલી ગામમાં રવિવારે રહેવાસીઓની નજર ગૂણી પર પડી હતી, જેમાંથી તીવ્ર દુર્ગંધ આવી રહી હોવાથી તેમણે આની જાણ પોલીસને કરી હતી.

ઘટનાસ્થળે આવી પહોંચેલી પોલીસે ગૂણી ખોલતાં તેમાં ચાર પ્લાસ્ટિકના બોક્સમાંથી માણસના શરીરના કાપેલા ભાગો મળી આવ્યા હતા, જેને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકની ઉંમર ૨૫થી ૪૦ વર્ષ વચ્ચેની હતી અને તેના જમણા હાથ પર 'આરએ' લખેલું ટેટૂ હતું.

દરમિયાન આ પ્રકરણે અજાણ્યા હત્યારા વિરુદ્ધ (જુઓ પાનું ૪) ▶▶

# વોટ જેહાદ : ફડણવીસ અને ઓવૈસીમાં જામી છે

### તેઓ રઝાકારોના વંશજ. કયા મોઢે વાત કરશે?: ફડણવીસ

### ફડણવીસના પૂર્વજો અંગ્રેજોને પ્રેમપત્રો લખતા હતાઃ ઓવૈસી

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમીન-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઇએમઆઇએમ)ના વડા અસદુદ્દીન ઓવૈસી અને ભાજપ વચ્ચે વોટ જેહાદને લઈને વિવાદ વધી રહ્યો છે. ઓવૈસીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા, હવે તેમના નિવેદન પર મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો જવાબ સામે આવ્યો છે. ફડણવીસે કહ્યું હતું કે, ''તેઓ 'રઝાકારો'ના વંશજ છે. રઝાકારોએ મરાઠવાડાના લોકો પર અત્યાચાર કર્યો, તેમની જમીનો લૂંટી, મહિલાઓ પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો, પરિવારોને બરબાદ કરી દીધા. આ તે રઝાકારોના વંશજ છે. તેઓ કયા મોંઢે અમારી સાથે વાત કરશે?''

ઓવૈસીએ અગાઉ કહ્યું હતું કે, હવે તેઓ (દેવેન્દ્ર ફડણવીસ) મુખ્યમંત્રી બનવાના નથી.... તેમણે દાવો કર્યો કે ફડણવીસના (વૈચારિક) પૂર્વજોએ અંગ્રેજો સામે લડવાને બદલે તેમને પ્રેમ પત્રો લખ્યા હતા.

દેવેન્દ્ર ફડણવીસના અગાઉના 'વોટ જેહાદ'ને લઈને નિવેદન બાદ બંને વચ્ચે શબ્દયુદ્ધ તેજ થઈ ગયું (જુઓ પાનું ૪) ▶▶

## ભાજપ બંધારણ બદલવા માગે છે એ જૂઠાણાંનો ખેલ ખતમઃ ફડણવીસ

નાગપુરઃ ભાજપ બંધારણ બદલવા માગે છે એવું લોકસભાની ચૂંટણી દરમિયાન વિપક્ષ દ્વારા ચલાવવામાં આવેલા જૂઠાણાંનો ખેલ હવે ખતમ થઈ ગયો છે અને ૨૦ નવેમ્બરે યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એની કોઈ અસર નહીં વર્તાય એમ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું.

દિવસ દરમિયાન નાગપુર દક્ષિણ પશ્ચિમ મત વિસ્તારમાં પ્રચાર સભા પછી ટેલિવિઝન ચેનલો સાથે વાતચીત કરતી વખતે ફડણવીસે લોકસભા (જુઓ પાનું ૪) ▶▶

# ધર્મ જોખમમાં છે એવો દાવો કરતી પાર્ટી જ જોખમમાં છેઃ એક્ટર રિતેશ દેશમુખ

છત્રપતિ સંભાજીનગરઃ લોકો દાવો કરે છે કે તેમનો ધર્મ જોખમમાં છે, પરંતુ વાસ્તવમાં તેમની પાર્ટી જોખમમાં છે, અને તેઓ તેને બચાવવા પ્રાર્થના કરી રહ્યા છે, બોલીવુડ અભિનેતા રિતેશ દેશમુખે તેમના ભાઈ અને મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા માટે પ્રચાર કરતી વખતે કહ્યું છે. કોંગ્રેસના ઉમેદવાર અને અભિનેતાના નાના ભાઈ ધીરજ દેશમુખ માટે લાતુરમાં એક રેલીને સંબોધતા રિતેશે કહ્યું, ''ભગવાન કૃષ્ણએ કહ્યું કે કર્મ (કામ) એ ધર્મ (ધર્મ) છે. જે નિષ્ઠાપૂર્વક કામ કરે છે તે ધર્મ કરે છે. જે કામ નથી કરતા તેને ધર્મની જરૂર છે.'' ''જે લોકો દાવો કરે છે કે તેમનો ધર્મ જોખમમાં છે, હકીકતમાં તેમની પાર્ટી જોખમમાં છે, અને તેઓ તેમની પાર્ટી અને પોતાને બચાવવા માટે તેમના ધર્મને પ્રાર્થના કરી રહ્યા છે. તેમને કહો કે અમે અમારા ધર્મનું ધ્યાન રાખીશું. ■

# પુરુષ સાથે હૉટેલ રૂમ જવાનો અર્થ મહિલા શારીરિક સંબંધ માટે સહમત છે એવો નથી : કોર્ટ

મુંબઈઃ પીડિતાએ સેક્સ માટે સંમતિ આપી હતી તેવી ટિપ્પણી કરીને ટ્રાયલ કોર્ટે ભૂલ કરી છે એમ જણાવી ન્યાયમૂર્તિ ભરત દેશપાંડેએ ટ્રાયલ કોર્ટના આદેશને ફગાવી દીધો હતો. બોમ્બે હાઈ કોર્ટની ગોવા બેન્ચે એક મહત્ત્વના ચુકાદામાં અદાલતનું નિરીક્ષણ હતું કે એક છોકરી બુકિંગ કરાવીને કોઈ પુરુષ સાથે હોટલના રૂમમાં પ્રવેશે છે એનો અર્થ શારીરિક સંબંધો માટે તેની સંમતિ છે એવો નથી થતો.

એક વેબસાઈટના અહેવાલ મુજબ ન્યાયમૂર્તિ ભરત દેશપાંડેની ખંડપીઠે મડગાંવ ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા માર્ચ ૨૦૨૧ના આદેશને ફગાવી દીધો હતો. એ આદેશમાં એક પુરુષને બળાત્કારના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

ટ્રાયલ કોર્ટે ટિપ્પણી કરી હતી કે યુવતી હોટલ રૂમના બુકિંગ વિશે જાણતી હતી. એનો અર્થ એ થયો કે રૂમમાં થયેલી જાતીય પ્રવૃત્તિમાં સામેલ થવા માટે પણ તેણે સંમતિ આપી દીધી હતી. એટલે એ પુરુષ - ગુલશેર અહમદ - પર બળાત્કારનો આરોપ નથી મૂકી શકાતો એમ અદાલતે જણાવ્યું હતું. (જુઓ પાનું ૪) ▶▶

# બાબા સિદ્દીકીને પતાવવા મહિનાથી શૂટરોને મોકાની તલાશ હતી

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીને પતાવવા માટે શૂટરોને મહિનાથી મોકાની તલાશ હતી. તેઓ એક મહિનાથી સિદ્દીકીના નિવાસસ્થાન અને તેમના પુત્રની ઓફિસની રૅકી કરી રહ્યા હતા. શૂટરો સવારે સિદ્દીકીના નિવાસ બહાર અને સાંજે ઓફિસ બહાર જતા હતા. આખરે ૧૨ સપ્ટેમ્બરે રાતે મોકો મળતાં તેમણે સિદ્દીકી પર ગોળીબાર કર્યો હતો.

બાબા સિદ્દીકી હત્યાકેસમાં ક્રાઇમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશથી મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમ ઉર્ફે શિવા અને તેના ચાર સાથી અનુરાગ કશ્યપ, જ્ઞાન પ્રકાશ ત્રિપાઠી, આકાશ શ્રીવાસ્તવ તથા અખિલેન્દ્ર પ્રતાપ સિંહની ધરપકડ કરી હતી. પાંચેય આરોપીઓને સોમવારે બપોરે મુંબઈ લવાયા બાદ કોર્ટમાં હાજર કરાતાં તેમને ૧૯ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આ (જુઓ પાનું ૪) ▶▶

# ૧૪ રખડતા શ્વાનને મારીને કાંદિવલીના નાળામાં ફેંકી દેવાયા

મુંબઈઃ કાંદિવલી વિસ્તારમાં ૧૪ રખડતા શ્વાનનાં હાડપિંજર ગૂણીમાં ભરીને નાળામાં ફેંકી દેવામાં આવ્યાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે અજાણ્યા શખસો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

કાંદિવલીના સાંઇ નગર વિસ્તારમાં શનિવારે નાળામાં પડેલી ગૂણી પર સ્થાનિકોની નજર પડી હતી, જેમાંથી શ્વાનોને હાડપિંજર મળી આવ્યાં હતાં. નાળામાંથી મળેલાં હાડપિંજરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વિસ્તારના રહેવાસીના જણાવ્યા અનુસાર આ ભયાનક અને લખલખું કરે એવી ઘટના હતી.

જે અવસ્થામાં શ્વાનના અવશેષો મળ્યા હતા એ જોઇને દિલ તૂટી જાય અને તેમનાં મૃત્યુ પહેલા તેમને કેવા દોજખમાંથી પસાર થવું પડ્યું હશે એ વિશેની ચિંતા ઊભી કરે છે.

(પીટીઆઇ)■

# તબીબી સારવાર માટે જેટ એરના નરેશ ગોયલને હાઈ કોર્ટના જામીન

મુંબઈઃ મની લોન્ડરિંગ કેસના આરોપી જેટ એરવેઝના સંસ્થાપક નરેશ ગોયલને બોમ્બે હાઇ કોર્ટે સોમવારે મેડિકલ કારણોસર જામીન આપ્યા હતા. આ વર્ષે મે મહિનામાં ન્યાયમૂર્તિ એન. જે. જમાદારની ખંડપીઠે ગોયલને તબીબી કારણોસર વચગાળાના જામીન આપ્યા હતા. સોમવારે ન્યાયમૂર્તિ જમાદારે વચગાળાના આદેશને કાયમી કર્યો હતો. ૭૫ વર્ષના ગોયલ કેન્સરથી પીડિત છે અને તેમણે સારવાર કરાવવા માટે જામીન માગ્યા હતા.

એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઇડી) એ જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેમને તેમની પસંદગીની હોસ્પિટલમાં દાખલ કરી અટકાયતમાં હોય ત્યારે તેમની સારવાર થઈ શકે છે. મે મહિનામાં હાઇ કોર્ટે ગોયલને બે મહિના માટે વચગાળાના જામીન આપ્યા હતા, જે પછીથી ચાર અઠવાડિયા માટે અને પછી ફરીથી બે મહિના માટે વધારવામાં આવ્યા હતા. કેનેરા બેંક દ્વારા જેટ એરવેઝને આપવામાં આવેલી ૫૩૮.૬૨ કરોડ રૂપિયાની લોન ગોટાળાના આરોપસર ઇડીએ ગોયલની સપ્ટેમ્બર ૨૦૨૩માં ધરપકડ કરી હતી.

(જુઓ પાનું ૪) ▶▶

# સંઘ વિરોધી આક્રોશઃ રાહુલ ગાંધી સામે ભાજપની ચૂંટણી પંચમાં

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) ને પત્ર લખીને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અંગે 'સતત બિનસત્તાવાર, દૂષિત અને નિંદાકારક અભિયાન' માટે એફઆઈઆર નોંધાવવાની માગણી કરી છે.

કેન્દ્રીય પ્રધાન અરુણ રામ મેઘવાળના નેતૃત્વ હેઠળના પાર્ટીના પ્રતિનિધિમંડળે નવી દિલ્હીમાં ચૂંટણી પંચને આપેલા ૧૦ પાનાના આવેદનપત્રમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીના નિવેદનો પર રોક લગાવવામાં આવે કેમ કે આ આચારસંહિતા અને લાગુ ચૂંટણી નિયમોનું સંપૂર્ણ ઉલ્લંઘન છે.

ભાજપે ચૂંટણી પંચને વિનંતી કરી છે કે ચૂંટણીપ્રચારના બાકીના સમયગાળા દરમિયાન 'રાહુલ ગાંધીને ઠપકો આપવા, નિંદા કરવા અને જૂઠાણું બોલવાથી રોકવા'માં આવે. પાર્ટીએ આ મામલે ખડગે અને ગાંધી વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની પણ માગણી કરી છે.

રાહુલ ગાંધી દ્વારા આદર્શ આચારસંહિતાનું ઘોર ઉલ્લંઘન તમારા ધ્યાન પર લાવવા ઈચ્છીએ છીએ. અમે તમારા ધ્યાન પર કોંગ્રેસના રાહુલ ગાંધી દ્વારા આદર્શ આચાર સંહિતા અને અન્ય ચૂંટણી અને દંડના કાયદાઓનું ઘોર ઉલ્લંઘન ધ્યાન પર લાવવા માગીએ છીએ, એમ ફરિયાદમાં કહેવામાં આવ્યું છે.

ફરિયાદમાં મહારાષ્ટ્રમાં રાહુલ ગાંધીના ૬ નવેમ્બર, ૨૦૨૪ના ભાષણને ટાંકવામાં આવ્યું છે જેમાં તેમણે કથિત રીતે કહ્યું છે કે ભાજપ અને આરએસએસ ભારતના બંધારણને 'ભૂંસી નાખવા' માગે છે.

'અમે તેમને કહ્યું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં જૂઠ બોલે છે... તેમણે કહ્યું કે ભાજપ બંધારણને કચડી નાખવા માગે છે,' એમ કેન્દ્રીય કાનૂન પ્રધાન અર્જુન રામ મેઘવાલે ચૂંટણીપંચની મુલાકાત બાદ કહ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગાંધી ભાજપ પર 'સતત ખોટા, આધારહીન, બિનચકાસાયેલા અને પાયાવિહોણા આરોપો' કરી રહ્યા છે. ફરિયાદમાં રાહુલ (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રના આઠ જિલ્લામાં ગુરુ-શુક્રએ માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો તૈયાર થવાને કારણે રાજ્યના આઠ જિલ્લામાં ગુરુવાર અને શુક્રવારે હળવા વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. નૈર્ઋત્ય બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો તૈયાર થવાથી દેશના હવામાનમાં ફરી ફેરફાર થતો દેખાઈ રહ્યો છે. એક તરફ રાજ્યમાં શિયાળાનું આગમન થઈ રહ્યું છે અને તાપમાનનો પારો ધીમે ધીમે નીચે ઉતરી રહ્યો છે ત્યારે અચાનક ફરી વરસાદની શક્યતાને પગલે આગામી થોડા દિવસ રાજ્યમાં વાદળિયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

એક તરફ રાજ્યના અનેક જિલ્લામાં ધીમા પગલે ઠંડીનું આગમન થઈ રહ્યું છે, ત્યારે ફરી પાછો એક વખત કમોસમી વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તો બીજી તરફ મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી તાપમાનનો પારો ૩૫થી ૩૬ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો, તેમાં સોમવારે હળવો ઘટાડો નોંધાયો હતો અને સરેરાશ તાપમાન ૩૪.૬ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું.

દિવસ દરમિયાન સોમવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી નોંધાયું હતું. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૦ ટકા નોંધાયું હતું. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૨ ટકા નોંધાયું હતું. હવામાન વિભાગના અધિકારીના કહેવા મુજબ મુંબઈમાં હાલ વહેલી સવારના પૂર્વીય ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે અને આગામી દિવસોમાં તાપમાનનો પારો થોડો નીચે ઊતરશે.

આ દરમિયાન હવામાન વિભાગે રત્નાગિરી, સિંધુદુર્ગ, પુણે, કોલ્હાપુર, સાતારા, સાંગલી, સોલાપુર, ધારાશિવ આ આઠ જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

એક તરફ રાજ્યના અનેક વિસ્તારોમાં સવારના ધુમ્મસ હોવાની સાથે જ બપોરના ૧૨ વાગ્યા સુધી વાતાવરણમાં ઠંડક જણાઈ રહી હતી. પરંતુ હવે આઠ જિલ્લામાં ૧૪ અને ૧૫ નવેમ્બરના હળવો વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેથી આ વિસ્તારમાં સરેરાશ તાપમાનમાં વધારો થઈને ઠંડીમાં ઘટાડો થઈ શકે છે. ■

## મુંબઈમાં હવાની ગુણવત્તા ફરી કથળી

સોમવારે દિવસ દરમિયાન મુંબઈમાં વાદળિયું અને ધૂંધળુ વાતાવરણ રહ્યું હતું. વાતાવરણમાં વિઝિબિલિટીનું પ્રમાણ પણ ઓછું હતું. મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી વાતાવરણમાં હવાની ગુણવત્તાનું પ્રમાણ પણ ઉપર-નીચે થઈ રહ્યું છે અને ઍર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) સરેરાશ ૨૩૫થી ૨૪૦ની આસપાસ પહોંચી ગયો હતો, જે જોખમી શ્રેણીમાં ગણાય છે. સોમવારે દિવસ દરમિયાન મુંબઈ સરેરાશ એક્યુઆઈ ૧૪૪ નોંધાયો હતો. મુંબઈના જુદા જુદા વિસ્તારમાં સરેરાશ ૧૫૦ની આસપાસ એક્યુઆઈ નોંધાયો હતો. બાન્દ્રામાં ૧૬૦, બાન્દ્રા (પૂર્વ)માં ૧૫૧, બીકેસીમાં ૧૨૯, બોરીવલી (પૂવ)માં ૧૫૬, કોલાબામાં ૧૫૬, દેવનારમાં ૧૨૯, ભાંડુપ (પશ્ચિમ) ૧૫૬, કુર્લા ૧૫૭, મલાડ ૧૪૭, મઝગાંવ ૧૫૧, સાયન ૧૫૭ અને વરલીમાં ૧૫૪ નોંધાયો હતો. ■

# બીજી ટી-૨૦માં પાંચ વિકેટ ઝડપ્યા બાદ વરુણે કહ્યું: ‘સ્થાનિક ક્રિકેટ અને ગંભીરે કરી વાપસી કરવામાં મદદ’



ગકેબરહા: ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તીએ સાઉથ આફ્રિકા સામેની બીજી ટી-૨૦ મેચમાં પાંચ વિકેટ ઝડપી હતી. મેચ બાદ વરુણ ચક્રવર્તીએ કહ્યું હતું કે સ્થાનિક ક્રિકેટમાં રમીને અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ભૂમિકા અંગેની સ્પષ્ટતાએ તેને ત્રણ વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સફળ વાપસી કરવામાં મદદ કરી હતી. આ ૩૩ વર્ષીય સ્પિનરે રવિવારે દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ૧૭ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી, જે તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. જોકે, ભારત આ મેચ ત્રણ વિકેટે હારી ગયું હતું.

મેચ બાદ વરુણે પત્રકારોને કહ્યું હતું કે, ‘ચોક્કસપણે છેલ્લાં ત્રણ વર્ષ ખૂબ જ મુશ્કેલ રહ્યાં છે. આ દરમિયાન હું વધુ ને વધુ ક્રિકેટ રમ્યો છું. મેં ડોમેસ્ટિક લીગમાં પણ રમવાનું શરૂ કર્યું અને તેનાથી મને મારી રમત સમજવામાં ચોક્કસપણે મદદ મળી છે. વરુણ એ કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમનો ભાગ હતો જે આ વર્ષે આઈપીએલ ચેમ્પિયન બની હતી. તાજેતરમાં જ ભારતીય ક્રિકેટ ટીમના કોચ બનેલા ગૌતમ ગંભીર તે સમયે કોલકત્તાની ટીમનો મેન્ટર હતો.

રાષ્ટ્રીય ટીમમાં વાપસીને લઈને વરુણે કહ્યું કે આમાં ગંભીરની ભૂમિકા મહત્ત્વની હતી. તેમણે કહ્યું, ‘હા, અમે બાંગ્લાદેશ સામેની સીરિઝમાં રમી રહ્યા હતા અને તેઓ ટીમના કોચ હતા. અમે ચોક્કસપણે ઘણી વાતો કરી અને તેમણે મારી ભૂમિકા વિશે ઘણી સ્પષ્ટતા આપી હતી. વરુણે કહ્યું, ‘તેમણે મને કહ્યું કે જો હું ૩૦-૪૦ રન પણ આપી દઉં તો કોઈ વાંધો નથી. તમારે માત્ર વિકેટ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે અને તે જ ટીમમાં તમારી ભૂમિકા છે. આ પ્રકારની સ્પષ્ટતાએ મને વાપસી કરવામાં ચોક્કસપણે મદદ કરી હતી.

ભારત બીજી મેચમાં સાઉથ આફ્રિકા સામે ૧૨૫ રનનો જ ટાર્ગેટ આપી શક્યું હતું, પરંતુ વરુણની શાનદાર બોલિંગના કારણે ભારતે સારી વાપસી કરી હતી, પરંતુ ટ્રિસ્ટન સ્ટબ્સ (૪૭) અને ગેરાલ્ડ કોએત્ઝી (૧૯)એ અતૂટ ભાગીદારી કરી હતી અને તેમની ટીમને વિજય અપાવ્યો હતો. વરુણે કહ્યું હતું કે, ‘બ્રેક દરમિયાન કૅપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું કે અમારે પરિણામ વિશે વિચારવાની જરૂર નથી અને અમારો શ્રેષ્ઠ પ્રયાસ કરવો પડશે. અમે આ કર્યું અને અમે વિજયની નજીક પણ હતા. ‘જ્યારે તમે નાના ટાર્ગેટનો બચાવ કરવા માટે મેદાનમાં ઊતરો છો ત્યારે તમારી માનસિકતા આક્રમક હોય છે. અમે માત્ર વિકેટ લઈને જ મેચ જીતી શક્યા હોત. અમે આગામી બે મેચોમાં આ જ માનસિકતા સાથે રમીશું કારણ કે હવે આ મેચો અમારા માટે કરો યા મરો જેવી બની ગઈ છે. ■

# હરિયાણાના યશવર્ધને કર્યો રેકોર્ડ-બ્રેક રનનો ઢગલો: ૪૨૮ રન ખડકી દીધા

## ૧૨ છગ્ગા અને ૪૬ ચોક્કાની રમઝટ બોલાવી: વિરાટ જેવા સ્ટાર બેટર બનવું છે



હરિયાણાનો યશવર્ધન દલાલ. (બીસીસીઆઈ)

સુલતાનપુર: હરિયાણાનો યશવર્ધન દલાલ નામનો ઓપનિંગ બેટર અન્ડર-૨૩ સી. કે. નાયડુ ટૂર્નામેન્ટમાં એક દાવમાં ૪૦૦ રન બનાવનાર પહેલો ખેલાડી બન્યો છે. તેણે મુંબઈ સામેની મેચમાં ૪૬૫ બોલમાં ૧૨ છગ્ગા અને ૪૬ ચોક્કાની મદદથી ૪૨૮ રન બનાવ્યા હતા અને અણનમ રહ્યો હતો.

કર્નલ સી. કે. નાયડુ ટ્રોફીની ચાર દિવસીય મેચમાં આ અગાઉ સૌથી મોટો વ્યક્તિગત સ્કોર ઉત્તર પ્રદેશના સમીર રિઝવીના નામે હતો. ગઈ સિઝનમાં રિઝવીએ સૌરાષ્ટ્ર સામે ૨૬૬ બોલમાં ૩૧૨ રન બનાવ્યા હતા. જોકે યશવર્ધને હવે રિઝવીના એ રેકોર્ડને ભૂતકાળ બનાવી દીધો છે.

યશવર્ધન નાનપણથી વિરાટ કોહલીનો ચાહક છે. તેને હવે કોહલી જેવો સ્ટાર ક્રિકેટર બનવું છે.

સી. કે. નાયડુ ટ્રોફી ૧૯૭૩ની સાલથી રમાય છે. જોકે આ ટૂર્નામેન્ટના ૫૧ વર્ષના ઇતિહાસમાં ક્યારેય કોઈ બેટર ૪૦૦ રનના આંક સુધી નહોતો પહોંચી શક્યો. જોકે યશવર્ધન ૪૦૦ રન પાર કર્યા પછી પણ ૪૨૮ રનના સ્કોર પર અણનમ રહ્યો હતો. આ મેચ અગાઉની બે મેચમાં ૪, ૨૩ અને ૬૭ રન બનાવનાર યશવર્ધનને મુંબઈ સામેની મેચમાં ઓપનિંગમાં મોકલવામાં આવ્યો હતો. તેણે સાથી ઓપનર અર્શ રંગા સાથે પ્રથમ વિકેટ માટે ૪૧૦ રનની ભાગીદારી કરી હતી. રંગાએ ૧૫૧ રન બનાવ્યા હતા.

હરિયાણાએ ચાર દિવસની આ મેચમાં ત્રીજા દિવસની સવારે (રવિવારે) ૭૪૨/૮ના સ્કોર પર પ્રથમ દાવ ડિક્લેર કર્યો હતો.

મુંબઈના બોલર અથર્વ ભોંસલેએ સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી.

રવિવારના ત્રીજા દિવસે મુંબઈની ટીમ પ્રથમ દાવમાં ૧૬૨ રનમાં ઑલઆઉટ થઈ ગયા બાદ બીજા દાવમાં ફોલો ઓન પછી મુંબઈએ ૩૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. એ સમયે મુંબઈની ટીમ હરિયાણાથી હજી ૫૪૨ રન પાછળ હતી. ■

# રોહિતની ગેરહાજરીમાં બુમરાહ કરશે કૅપ્ટનશિપ, કેએલ રાહુલ સંભાળી શકે છે ઑપનિંગ: ગૌતમ ગંભીર



મુંબઈ: ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સોમવારે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે જો નિયમિત કૅપ્ટન રોહિત શર્મા અંગત કારણોસર ઑસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ઉપલબ્ધ નહી રહે તો તેના સ્થાન પર વાઇસ કૅપ્ટન જસપ્રીત બુમરાહ પર્થમાં પ્રથમ ટેસ્ટમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ભારતના ભૂતપૂર્વ ઓપનર ગંભીરે સંકેત આપ્યો કે લોકેશ રાહુલના અનુભવ પર વિશ્વાસ રાખવામાં આવશે.

ભારતીય ટીમની બીજી ટુકડી સોમવારે પર્થ માટે રવાના થઈ હતી અને અંગત કારણોસર રોહિત પ્રથમ ટેસ્ટમાં રમશે કે કેમ તે હજુ નક્કી નથી અને ગંભીરે પણ તેની સ્થિતિની પુષ્ટિ કરી નથી. ગૌતમ ગંભીરે કહ્યું હતું કે, જુઓ, અત્યારે કોઈએ પુષ્ટિ કરી નથી, પરંતુ અમે તમને જણાવીએ કે પરિસ્થિતિ શું હશે. આશા છે કે તે ઉપલબ્ધ હશે, પરંતુ શ્રેણી શરૂ થાય તે પહેલાં તમને ખબર પડી જશે.

તેમણે કહ્યું હતું કે, બુમરાહ વાઇસ કૅપ્ટન છે એટલા માટે તે ટીમનું નેતૃત્વ કરશે. જો રોહિત ઉપલબ્ધ નહીં હોય તો બુમરાહ પર્થમાં કૅપ્ટનશિપ કરશે. રોહિતની સંભવિત ગેરહાજરીમાં ઓપનિંગમાં જગ્યા ખાલી રહેશે. ગંભીરે કહ્યું હતું કે અભિમન્યુ ઇશ્વરન અને કેએલ રાહુલમાંથી એકની પસંદગી કરવામાં આવશે. આ બંનેએ ઑસ્ટ્રેલિયા-એ સામે ઈન્ડિયા-એ માટે બિનસત્તાવાર ટેસ્ટ રમી હતી. ગંભીરે કહ્યું હતું કે અલબત્ત ઇશ્વરન અને કેએલ રાહુલ ત્યાં (ઑસ્ટ્રેલિયામાં) છે. જો રોહિત ઉપલબ્ધ નહીં હોય તો અમે પ્રથમ ટેસ્ટ મેચ અગાઉ નિર્ણય લઈશું.

ગંભીરે કહ્યું કે અમારી પાસે વિકલ્પો છે. એવું નથી કે કોઈ વિકલ્પ નથી. તે ક્રમ પર અનેક વિકલ્પો છે. જેમ જેમ પ્રથમ ટેસ્ટ મેચ નજીક આવી રહી છે તેમ તેમ અમે શ્રેષ્ઠ ઇલેવનને મેદાનમાં ઉતારવાનો પ્રયાસ કરીશું, જે અમારા માટે કામ કરી શકે. જો કે, તેમણે પૂરતા સંકેતો આપ્યા કે રાહુલનો અનુભવ નવા ખેલાડી ઇશ્વરના વર્તમાન ફોર્મને ઢાંકી શકે છે. ગંભીરે કહ્યું હતું કે, હા, કારણ કે ક્યારેક તમે અનુભવી ખેલાડીઓ સાથે પણ જાઓ છો. મને લાગે છે અને તે વ્યક્તિની ગુણવત્તા છે કે તે (રાહુલ) ટોપ ઓર્ડરમાં બેટિંગ કરી શકે છે. તે ત્રીજા નંબર પર બેટિંગ કરી શકે છે અને તે છઠ્ઠા નંબર પર પણ બેટિંગ કરી શકે છે.

ભૂતપૂર્વ ડાબોડી બેટ્સમેને કહ્યું હતું કે, તેથી તમને આ પ્રકારનું કામ કરવા માટે ઘણી પ્રતિભાની જરૂર છે અને તેણે વન-ડે ફોર્મેટમાં વિકેટકીપિંગ પણ કરી છે. તો વિચારો કે કેટલા દેશો પાસે કેએલ રાહુલ જેવા ખેલાડી છે જે ઓપનિંગ કરી શકે છે અને છઠ્ઠા નંબર પર બેટિંગ પણ કરી શકે છે? તેમણે કહ્યું હતું કે, ‘‘તેથી મને લાગે છે કે જો જરૂર પડે તો તે (રાહુલ) અમારા માટે આ કામ કરી શકે છે, ખાસ કરીને જો રોહિત પ્રથમ ટેસ્ટ મેચ માટે ઉપલબ્ધ નહી હોય તો.’’

ગંભીરે નવોદિત ઓલરાઉન્ડર નીતીશ રેડ્ડીનું સમર્થન કર્યું હતું. નીતિશ રેડ્ડીની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં બેટિંગ એવરેજ ૨૧ની છે. નીતિશને અનુભવી ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરના બદલે આગામી શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ગંભીરે સંકેત આપ્યો કે હાલમાં શાર્દુલ માટે દરવાજા બંધ છે. શાર્દુલ ગાબામાં ભારતની જીતનો હીરો હતો. થોડી વિકેટ લેવા ઉપરાંત તેણે અડધી સદી ફટકારી અને સાત દેશો (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા)માં તે ભારતનો શ્રેષ્ઠ ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર રહ્યો છે.

ગંભીરે આંધ્રના ખેલાડીનું સમર્થન કર્યું અને કહ્યું, અમે શ્રેષ્ઠ ટીમ પસંદ કરી છે જે અમારા માટે કામ કરી શકે છે. નીતિશ રેડ્ડી, આપણે બધા જાણીએ છીએ કે તે કેટલો પ્રતિભાશાળી ખેલાડી છે અને જો તેમને વિકલ્પ આપવામાં આવશે તો તે આપણા માટે સારું કરશે.

હર્ષિત રાણા ઑસ્ટ્રેલિયામાં બિનસત્તાવાર ‘ટેસ્ટ’ માટે ઈન્ડિયા-એ ટીમનો ભાગ નથી અને ગંભીરે કહ્યું કે મૅનેજમેન્ટને લાગ્યું કે ફર્સ્ટ-ક્લાસ મેચો રમવાને કારણે તેના પર વધુ વર્કલોડ મૂકવો જરૂરી નથી. ગંભીરે કહ્યું, તેણે આસામ સામે ફર્સ્ટ-ક્લાસ મેચ રમી (પાંચ વિકેટ લીધી અને અડધી સદી ફટકારી) અને તેણે ખૂબ સારું પ્રદર્શન કર્યું. અમે બધાએ વિચાર્યું કે તેને બીજી ફર્સ્ટ ક્લાસ મેચ રમવા મોકલવાની જરૂર નથી કારણ કે તેની પાસે બોલિંગનો પૂરતો અનુભવ છે.

જસપ્રીત બુમરાહ પર મોહમ્મદ શમીની ગેરહાજરીમાં ઝડપી બોલિંગનો બોજ ઉઠાવવાનું ઘણું દબાણ છે, પરંતુ ગંભીરને લાગે છે કે હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશ દીપ જેવા ત્રણ બિનઅનુભવી ઝડપી બોલરો હોવા છતાં પણ આક્રમણ મજબૂત છે.

તેણે કહ્યું, અમારી પાસે ગુણવત્તા છે. અમારી પાસે પ્રસિદ્ધ અને હર્ષિત રાણા જેવા ઊંચા કદના બોલરો છે જે પિચ પર બોલને પછાડી શકે છે. પાંચેય ખેલાડીઓમાં અલગ-અલગ કૌશલ્ય છે. આ અમારું ઝડપી બોલિંગ આક્રમણ ખૂબ શક્તિશાળી બનાવે છે. ગંભીર સોમવારે ભારતીય ટીમના બીજા જૂથ સાથે પ્રવાસ કરશે અને કહ્યું કે ટીમ માટે આગામી ૧૦ દિવસમાં ઑસ્ટ્રેલિયાની પરિસ્થિતિઓને અનુરૂપ થવું મહત્ત્વપૂર્ણ રહેશે.

તેણે કહ્યું, અમારી પાસે ઘણા અનુભવી ખેલાડીઓ છે જેઓ ઘણી વખત ઑસ્ટ્રેલિયા ગયા છે. તેનો અનુભવ યુવા ખેલાડીઓ માટે પણ ઉપયોગી થશે. આ ૧૦ દિવસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ ૨૨મીની સવારે આપણે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું જોઈએ અને પહેલા બોલથી જ ધમાકેદાર શરૂઆત કરવી જોઈએ. ■

# રોહિત શર્મા અને કોહલીનો બચાવ કરતા ગંભીરે કહ્યું: ‘સિનિયર ખેલાડીઓમાં રનની ભૂખ છે’





મુંબઈ: ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે તાજેતરના ખરાબ પ્રદર્શનને કારણે દબાણમાં રહેલા કૅપ્ટન રોહિત શર્મા અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનો બચાવ કરતાં સોમવારે કહ્યું કે આ બંને વરિષ્ઠ ખેલાડીઓ રન બનાવવાના ભૂખ્યા છે અને ઑસ્ટ્રેલિયામાં જોરદાર વાપસી કરશે. ગંભીરે એવી શક્યતાઓને પણ નકારી કાઢી હતી કે ન્યૂ ઝીલૅન્ડ સામેની હોમ સીરિઝમાં ત્રણેય ટેસ્ટ મેચ હારી ગયા બાદ ભારતીય ટીમ દબાણમાં છે. ગંભીરે ઑસ્ટ્રેલિયા પ્રવાસ પર રવાના થતાં પહેલાં પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું હતું કે, ‘‘ભારતીય ટીમમાં એવા શાનદાર ખેલાડીઓ છે જેમણે અત્યાર સુધી પોતાની ભૂમિકા શાનદાર રીતે નિભાવી છે.’’ તેમણે કહ્યું હતું કે, હું કોઈ પ્રકારનું દબાણ અનુભવી રહ્યો નથી. ભારતીય ટીમનો કોચ બનવું એ સન્માનની વાત છે. જ્યારે ગંભીરને પૂછવામાં આવ્યું કે શું તેને ડંકન ફ્લેચરના સમય જેટલો દબાણનો અનુભવ થાય છે જ્યારે ટીમમાં ફેરફારનો સમય હતો? તો તેમણે કહ્યું હતું કે, હું પરિવર્તન વિશે નહી પરંતુ પાંચ ટેસ્ટ મેચ વિશે વિચારી રહ્યો છું. ‘‘પરિવર્તન થાય કે ન થાય, જો તે થવું હોય તો થશે, પરંતુ હું ભારતીય ટીમમાં કેટલાક અવિશ્વસનીય ખેલાડીઓને જોઉં છું જેઓ પ્રદર્શન કરવા માટે તલપાપડ છે.’’

ભારતીય કોચે એ વાતની પણ પુષ્ટિ કરી છે કે જો રોહિત શર્મા અંગત કારણોસર પ્રથમ ટેસ્ટ મેચમાં રમી શકશે નહીં તો વાઇસ કૅપ્ટન જસપ્રીત બુમરાહ ટીમની કેપ્ટનશિપ સંભાળશે. તેણે એમ પણ કહ્યું કે ટીમ પાસે ઓપનિંગ બેટ્સમેનના સ્થાન માટે કેએલ રાહુલ અને અભિમન્યુ ઇશ્વરનના રૂપમાં વિકલ્પો છે. ■

# ગંભીરને મીડિયાથી દૂર રાખો, તેનું વર્તન યોગ્ય નથી: માંજરેકર



નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પર નિશાન સાધતાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે સોમવારે કહ્યું કે ભારતીય ટીમના મુખ્ય કોચમાં મીડિયા સાથે વાત કરતી વખતે ‘યોગ્ય વર્તન અને શબ્દો’નો અભાવ છે અને તેમણે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ને ગંભીરને મીડિયા સાથે વાત કરવાની જવાબદારીઓથી દૂર રાખવાનો આગ્રહ કર્યો હતો. માંજરેકરની ટિપ્પણીઓ ઑસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર ટ્રૉફી માટે રવાના થતાં પહેલાં ગંભીરની પ્રેસ કોન્ફરન્સના કેટલાક કલાકો પછી આવી હતી.

ગંભીરે બોર્ડર-ગાવસ્કર ટ્રૉફી માટે રવાના થતાં અગાઉ વિરાટ કોહલી અને રોહિત શર્માના રન કરવામાં સંઘર્ષ, કોહલીના ફોર્મ પર રિકી પોન્ટિંગની ટિપ્પણીઓ, ભારતીય ટીમમાં થયેલા ફેરફારો અને ઑસ્ટ્રેલિયા પ્રવાસ માટે ટીમ કોમ્બિનેશન વિશે સવાલોના જવાબ આપ્યા હતા.

માંજરેકરે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ એક્સ’ પર લખ્યું હતું કે ‘‘મેં હમણાં જ ગંભીરને પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જોયો હતો. બીસીસીઆઈએ તેમને આ પ્રકારની જવાબદારીઓથી દૂર રાખી, તેમને પડદા પાછળથી કામ કરવા દેવા જોઈએ. માંજરેકરે સૂચન કર્યું હતું કે કૅપ્ટન રોહિત શર્મા અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર મીડિયાને સંબોધવા માટે વધુ યોગ્ય રહેશે. તેણે કહ્યું હતું કે, તેમની (ગંભીર) વાત કરતી વખતે શબ્દો અને વર્તન યોગ્ય હોતું નથી. મીડિયા સામે આવવા માટે રોહિત અને અગરકર વધુ સારા લોકો છે. જોકે, માંજરેકરે તેના ટ્વીટમાં સ્પષ્ટ કર્યું નહોતું કે તેમને ગંભીરની પ્રેસ કોન્ફરન્સમાં કયો ભાગ વાંધાજનક લાગ્યો હતો. ■

# ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર સંજય બાંગરના દીકરાએ કરાવ્યું ‘સેક્સ ચેન્જ’, ‘આર્યનમાંથી બન્યો અનાયા’





નવી દિલ્હી: ટીમ ઇન્ડિયાના પૂર્વ ખેલાડી અને બેટિંગ કોચ સંજય બાંગરના પુત્ર આર્યને પોતાનું સેક્સ ચેન્જ કરાવ્યું હતું, ત્યાર બાદ આર્યને હોર્મોનલ ટ્રાન્સફોર્મેશનની સફર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. આ દરમિયાન આર્યને તેનું નામ બદલીને અનાયા રાખ્યું છે. આર્યનમાંથી અનાયા બન્યા બાદ સંજય બાંગરના પુત્રએ પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે.

નોંધનીય છે કે આર્યનમાંથી અનાયા બનેલો સંજય બાંગરનો પુત્ર પણ ક્રિકેટર છે અને તે ઈંગ્લૅન્ડના માન્ચેસ્ટરમાં રહે છે અને ત્યાં જ ક્રિકેટ રમે છે. જો કે હજુ સુધી તેને કોઈ મોટા મંચ પર તક મળી નથી. તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે તે ડાબોડી બેટ્સમેન છે. જોકે, પરિવર્તન બાદ તેની ક્રિકેટ કારકિર્દી પર પૂર્ણવિરામ આવી ગયું છે. તેણે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં આ વિશે લખ્યું છે. શરીરમાં ફેરફાર અને ટ્રાન્સ વુમન્સને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાને લઈને નિયમો અને કાયદાના અભાવે તે ક્રિકેટ રમી શકશે નહીં.

નોંધનીય છે કે ૨૩ ઑગસ્ટના રોજ આર્યનમાંથી અનાયા બનેલા સંજય બાંગરના પુત્રએ ટ્રાન્સફોર્મેશન બાદ ક્રિકેટ છોડવાની પીડા વ્યક્ત કરી હતી. તેણે લખ્યું હતું કે તે પણ તેના પિતાની જેમ દેશનું પ્રતિનિધિત્વ કરવા માંગતો હતો. નાની ઉંમરથી ક્રિકેટ હંમેશા મારા જીવનનો એક ભાગ રહ્યું છે. મોટા થતાં મેં મારા પિતાને દેશનું પ્રતિનિધિત્વ અને કોચિંગ કરતાં જોયા છે. હું તેમના પગલે ચાલવાનું સ્વપ્ન જોવા લાગ્યો હતો. રમત પ્રત્યેનો તેમનો જુસ્સો, અનુશાસન અને સમર્પણ મારા માટે ખૂબ જ પ્રેરણાદાયક હતું. ક્રિકેટ મારો પ્રેમ, મારી મહત્ત્વાકાંક્ષા અને મારું ભવિષ્ય બની ગયું છે. મેં મારું આખું જીવન મારી આવડતને માન આપવા માટે વિતાવ્યું છે. મને આશા હતી કે એક દિવસ મને પણ તેમની જેમ મારા દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

તેણે આગળ લખ્યું હતું કે, મેં ક્યારેય વિચાર્યું નહોતું કે મારે રમત છોડી દેવી પડશે જે મારો જુસ્સો અને મારો પ્રેમ છે, પરંતુ અહીં હું એક દર્દનાક વાસ્તવિકતાનો સામનો કરી રહ્યો છું. હું હોર્મોન રિપ્લેસમેન્ટ થેરાપીમાંથી પસાર થઈને ટ્રાન્સ વુમન બની ત્યારથી મારું શરીર ઘણું બદલાઈ ગયું છે. હું મારાં માંસપેશીઓ, શક્તિ, યાદશક્તિ અને એથ્લેટિક ક્ષમતાઓ ગુમાવી રહ્યો છું જેના પર હું એક સમયે નિર્ભર હતો. હું જે રમતને આટલા લાંબા સમયથી પ્રેમ કરતો હતો તે મારાથી દૂર જઈ રહી છે. ■

# રિકી પોન્ટિંગ પર ભડક્યો ગૌતમ ગંભીર, - ‘ભારતની નહીં, ઑસ્ટ્રેલિયાની ચિંતા કર’



મુંબઈ: ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીના ફોર્મ અને ભારતીય ટીમમાં તેના સ્થાન અંગે સવાલો ઉઠાવનાર રિકી પોન્ટિંગ પર વળતો પ્રહાર કરતાં સોમવારે અહીં કહ્યું હતું કે ઑસ્ટ્રેલિયાના આ દિગ્ગજ ખેલાડીએ ફક્ત પોતાના દેશના ક્રિકેટને લઈને ચિંતા કરવી જોઈએ.

પોન્ટિંગે તાજેતરમાં કહ્યું હતું કે કોહલીનું ફોર્મ ચિંતાનો વિષય છે કારણ કે છેલ્લાં પાંચ વર્ષમાં આ ભારતીય બેટ્સમેન ટેસ્ટ ક્રિકેટમાં માત્ર બે સદી ફટકારી શક્યો છે, પરંતુ તેણે એમ પણ કહ્યું હતું કે આ સ્ટાર બેટ્સમેન વાપસી કરવામાં સક્ષમ છે અને આ માટે ઑસ્ટ્રેલિયાથી સારી જગ્યા બીજી કોઈ હોઈ શકે નહીં.

ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયા પ્રવાસ માટે રવાના થાય તે પહેલાં ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, પોન્ટિંગને ભારતીય ક્રિકેટ સાથે શું લેવાદેવા છે. મને લાગે છે કે તેમણે ઑસ્ટ્રેલિયન ક્રિકેટની ચિંતા કરવી જોઈએ. સૌથી મહત્ત્વની વાત એ છે કે વિરાટ હોય કે રોહિત હું કોઈને લઈને ચિંતિત નથી.

ગંભીરે કહ્યું કે, ખાસ કરીને ન્યૂ ઝીલૅન્ડ સામે હાર બાદ ભારતીય ખેલાડીઓની સારું પ્રદર્શન કરવાની ઇચ્છા ખૂબ મહત્ત્વપૂર્ણ છે. ભારતીય ડ્રેસિંગ રૂમમાં સારું પ્રદર્શન કરવાની અદમ્ય ઇચ્છા મારા અને તમામ ખેલાડીઓ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

ગંભીરને આશા છે કે ઑસ્ટ્રેલિયા ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થનારી પાંચ ટેસ્ટ મેચની શ્રેણી માટે કોઈ ખાસ પ્રકારની વિકેટ તૈયાર નહીં કરે અને કહ્યું કે જો ભારત તેની સંપૂર્ણ ક્ષમતા મુજબ રમે તો તે કોઈ પણ પ્રકારની પિચ પર જીત હાંસલ કરી શકે છે. તેણે કહ્યું, તેઓ કઈ પ્રકારની પિચ તૈયાર કરે છે તેના પર અમારું કોઈ નિયંત્રણ નથી. તે તેમના પર નિર્ભર છે. અમે કોઈ પણ પ્રકારની પિચ પર અથવા કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાં રમવા માટે તૈયાર છીએ. અમે બધા જાણીએ છીએ કે જો અમે અમારી ક્ષમતા મુજબ રમીશું, જો અમે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપીશું, તો અમે કોઈ પણ પ્રકારની પિચ પર કોઈ પણ ટીમને હરાવી શકીએ છીએ. ■

# મહિલા એશિયન ચેમ્પિયન્સ હોકી ટ્રોફીમાં વિજય સાથે ભારતની શરૂઆત: મલેશિયાને ૪-૦થી હરાવ્યું

રાજગીર (બિહાર) : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે સોમવારે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં મલેશિયાને ૪-૦થી હરાવ્યું હતું. ભારત તરફથી સંગીતા કુમારીએ આઠમી અને ૫૫મી મિનિટમાં, પ્રીતિ દુબેએ ૪૩મી અને ઉદિતાએ ૪૪મી મિનિટે ગોલ કર્યા હતા.

ભારતે મંગળવારે દક્ષિણ કોરિયા સામે રમવાનું છે. અન્ય મેચોમાં જાપાન અને કોરિયા વચ્ચેની મેચ ૨-૨થી ડ્રો રહી હતી જ્યારે ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીને થાઈલેન્ડને ૧૫-૦થી હરાવ્યું હતું.

બિહારના રાજગીરમાં રમાયેલી મેચમાં બીજા ક્વાર્ટર સિવાય ભારતે ત્રણેય ક્વાર્ટરમાં ગોલ કર્યા હતા. ભારતે પ્રથમ ક્વાર્ટરમાં એક ગોલ કર્યો હતો. આ પછી તેણે ત્રીજા ક્વાર્ટરમાં ૨ અને ચોથા ક્વાર્ટરમાં એક ગોલ કર્યો હતો.

ભારત તરફથી સંગીતા કુમારીએ ૨ ગોલ કર્યા હતા જ્યારે પ્રીતિ દુબે અને ઉદિતાએ ૧-૧ ગોલ કર્યો હતો. જો કે, મલેશિયા સામે ભારતીય ટીમ વધુ ગોલ કરી શકી હોત પરંતુ અન્ય ખેલાડીઓ પેનલ્ટી કોર્નરને ગોલમાં કન્વર્ટ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. સમગ્ર મેચ દરમિયાન ભારતને ૧૩ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ તેના ખેલાડીઓ માત્ર ૩ને જ ગોલમાં ફેરવી શક્યા.

મલેશિયાને પહેલા ક્વાર્ટરમાં પેનલ્ટી કોર્નર મળ્યો હતો. તેમને ત્રીજા ક્વાર્ટરમાં પેનલ્ટી કોર્નર પણ મળ્યો, પરંતુ બન્નેમાં ટીમ તેને ગોલમાં ફેરવવામાં નિષ્ફળ રહી હતી. પહેલા ક્વાર્ટરમાં રેફરીએ મલેશિયાની યુસૈની નૂરને ગ્રીન કાર્ડ બતાવ્યું હતું. ■

# નબળા પરિણામો અને વિદેશી રોકાણકારોનો બાહ્ય પ્રવાહ વચ્ચે સેન્સેક્સમાં બેતરફી વધઘટે અથડાઈને અંતે સાધારણ સુધારો

## નબળા પરિણામો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ ₹ ૨૩૦૬.૮૮ કરોડની વેચવાલીએ સુધારો રૂંધાયો, એફઆઈઆઈની ₹ ૨૩૦૬.૮૮ કરોડની વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી, નિરાશાજનક કોર્પોરેટ પરિણામો અને આંતરરષ્ટ્રીય સ્તરે ચીને જાહેર કરેલું ૧.૪ ટ્રિલિયન ડૉલરનું પેકેજ રોકાણકારોને નિરાશાજનક જણાતા એશિયન બજારોમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક બજાર પણ બેતરફી વધઘટે અથડાઈ ગઈ હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સે એક તક્કે ૬૧૫.૮૨ પૉઈન્ટનો સુધારો દાખવીને અંતે સાધારણ ૯.૮૩ પૉઈન્ટના સાધારણ સુધારા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૧૮૮.૬૦ પૉઈન્ટ વધ્યા બાદ અંતે સાધારણ ૬.૯૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.

તેમ જ સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને, ૩૦ શૅરના ભાવ ઘટીને અને એક શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૪૮૬.૩૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૯,૨૯૮.૪૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૦૦૧.૩૪ પૉઈન્ટ સુધી ગબડ્યા બાદ અંતે સાધારણ ૯.૮૩ પૉઈન્ટના અથવા તો ૦.૦૧ ટકાના સુધારા સાથે ૭૯,૪૯૬.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી આગલા ૨૪,૧૪૮.૨૦ના બંધ સામે ૨૪,૦૮૭.૨૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૦૦૪.૬૦થી ૨૪,૩૩૬.૮૦ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ ૬.૯૦ પૉઈન્ટ અથવા તો ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૨૪,૧૪૧.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૪૩૦.૮૫ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૭૩૭.૭૩ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૨૩૦૬.૮૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૮૪૮.૮૭ કરોડની લેવાલી સામે રૂ. ૭૮૨૨.૨૪ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૨૦૨૬.૬૩ કરોડની ચોખ્ખી ખરીદી જોવા મળી હતી.

એકંદરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી બજારને પાછળ ધકેલી રહી છે અને બીજી તરફ તાજેતરમાં જાહેર થઈ રહેલા નિરાશાજનક કોર્પોરેટ પરિણામો અને ટ્રમ્પની ભવિષ્યની વેપાર નીતિને ધ્યાનમાં લેતા રોકાણકારોમાં ડાઉનગ્રેડનું જોખમ વધી રહ્યું હોવાથી ગબડતી બજારને ઢાળ મળી રહ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે માત્ર ડૉલર ઈન્ડેક્સમાં તેજીનું વલણ રહેતાં આઈટી શૅરો ગગડી રહેલી બજારને અમુક અંશો ટેકો આપી રહ્યા છે. જોકે, રોકાણકારોની નજર ભારતના જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે.




આજે બીએસઈ અને એનએસઈ બૅન્ચમાર્ક એફઆઈઈની વેચવાલી વચ્ચે સત્ર દરમિયાન તેજી-મંદી વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા અને અંતે સાંકડી વધઘટ સાથે બંધ રહ્યા હતા. જોકે, અમુક આઈટી શૅરોએ ગઢ જાળવી રાખ્યો હતો, અન્યથા બજાર મોટા ઘટાડા સાથે બંધ રહી હોત, એમ મેહતા ઈક્વિટીઝ લિ.ના રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપસેએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળનાં શૅરોમા મુખ્યત્વે એશિયન પેઈન્ટ્સના ગત શનિવારે જાહેર થયેલા પરિણામોમાં બીજા ત્રિમાસિકગાળાના અંતે કંપનીનો નફો ૪૩.૭૧ ટકા ઘટીને રૂ. ૬૯૩.૬૬ કરોડની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે આજે શૅરના ભાવમાં સૌથી વધુ ૮.૧૮ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો.

આ સિવાય અન્ય ઘટનાર શૅરોમાં જેએસડબ્લ્યુ સ્ટીલમાં ૧.૮૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૭૬ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૭૩ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૬૫ ટકાનો અને બજાજ ફિનસર્વમાં ૧.૩૪ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૪.૨૨ ટકાનો સુધારો પાવરગ્રીડ કોર્પોરેશનમાં જોવ મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચસીએલ ટેક્નોલૉજીસમાં ૧.૬૦ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૫૮ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૧.૨૪ ટકાનો, ટીસીએસમાં ૧.૨૧ ટકાનો અને મારુતિ સુઝુકી લિ.માં ૦.૮૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૧૪ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૩૩ ટકાનો ઘટાડો હેલ્થકૅર ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો.

આ સિવાય ચીનનું ૧.૪ ટ્રિલિયન ડૉલરનું સ્ટિમ્યુલસ પેકેજ મુખ્યત્વે રાજ્યસ્તરીય હોવાથી રોકાણકારોમાં નિરાશા વ્યાપી જતા મેટલ ઈન્ડેક્સમાં ૦.૯૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

ત્યાર બાદ અનુક્રમે એફએમસી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો, એનર્જી અને ઑઈલ તથા ગૅસ ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૦.૭૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે આઈટી ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો અને બૅન્કેક્સમાં ૦.૫૫ ટકાનો સુધરો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં સિઉલ અને હૉંગકોંગની બજાર નરમાઈ સાથે અને ટોકિયો તથા શાંઘાઈની બજાર સુધારા સાથે બંધ રહી હતી, જ્યારે યુરોપની બજારોમાં મધ્યસત્ર દરમિયાન મક્કમ વલણ જોવા મળ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો વધુ એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં અટકેલા સુધારાતરફી વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્ય પ્રવાહ જળવાઈ રહેવાની સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો આગળ ધપ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત ચોથા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી અને આગલા બંધ સામે વધુ એક પૈસો નબળો પડીને ૮૪.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવમાં ૧.૪ ટકા જેટલો ઘટાડો દર્શાવાઈ રહ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૩૭ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૩૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૩૯ અને ઉપરમાં ૮૪.૩૭ ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે એક પૈસો ઘટીને ૮૪.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામો પશ્ચાત્ ડૉલર ઈન્ડેક્સમાં તેજીનું વલણ રહેતાં રૂપિયામાં પીછેહઠ જોવા મળી રહી છે અને છેલ્લાં ચાર સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૨૯ પૈસાનું ધોવાણ થઈ ગયું છે. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી જેવાં પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં બીએનપી પારિબાસનાં ફંડૉન્ટલ કરન્સી અને કૉમૉડિટી વિભાગનાં રિસર્ચ વિભાગના એસોસિયેટ વાઈસ પ્રેસિડૅન્ટ પ્રવીણ સિંઘે જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયાને ટેકો આપી શકે છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે સાધારણ ૯.૮૩ પૉઈન્ટનો સુધારો અને ૬.૯૦ પૉઈન્ટનો ઘટાડો તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૦૪.૦૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૯ ટકા વધીને ૧૦૫.૩૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વિશ્વ બજાર પાછળ સોનું વધુ ₹ ૫૪૨ તૂટીને ₹ ૭૭,૦૦૦ની અંદર, ચાંદી ₹ ૨૭૧ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના ડેટાની વર્તમાન સપ્તાહે થનારી જાહેરાત અને ફેડરલના અધિકારીઓની ટિપ્પણી પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૦થી ૫૪૨નો ઘટાડો આગળ વધ્યો હતો અને ભાવ રૂ. ૭૭,૦૦૦ની અંદર ઉતરી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૭૧ ઘટીને ફરી રૂ. ૯૧,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલી અને વધુ ભાવઘટાડાના આશાવાદે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૦ ઘટીને રૂ. ૭૬,૫૩૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૨ ઘટીને રૂ. ૭૬,૮૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમ વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી




પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૭૧ના ઘટાડા સાથે રૂ. ૯૦,૮૫૯ના મથાળે રહ્યા હતા.

વર્તમાન સપ્તાહે અમેરિકાના અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ સહિતના આર્થિક ડેટાઓની જાહેરાત તેમ જ ફેડરલ રિઝર્વના અધિકારીઓની અપેક્ષિત ટિપ્પણીઓને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૬૨.૫૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૯ ટકા ઘટીને ૨૬૬૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અગાઉ અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોની સોનામા હેજરૂપી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. જોકે, ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનલ્ડ ટ્રમ્પ વિજયી નિવડતા ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ભવિષ્યની તેમની વેપાર અને વેરા અંગેની નીતિ તેમ જ ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ જાળવી રાખશે કે કેમ તેની ચિંતા સપાટી પર આવતા સોનામાં વેચવાલીનું દબાણ રહેતાં સોનાચાંદીમાં પીછેહઠ જોવા મળી હતી. તેમ જ ગત સપ્તાહે સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે પાંચ મહિનાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. વધુમાં ગત સપ્તાહે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતમાં સાવચેતીનું વલણ અપનાવવામાં આવે તેવ સંકેત આપ્યો હોવાથી પણ રોકાણકારોની નજર અમેરિકાના નવા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિઓ પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૫ ટકા શક્યતા ટ્રેડરો મૂકી રહ્યા છે, જ્યારે ૩૫ ટકા ટ્રેડરોનું માનવું છે કે વ્યાજદર યથાવત્ રાખવામાં આવશે.

દરમિયાન ગત ઑક્ટોબર મહિનામાં અમેરિકામાં કન્ઝયુમર પ્રાઈસમાં ચાર મહિનાની ધીમી ગતિએ વૃદ્ધિ થઈ હોવાના અહેવાલ હતા. તેમ જ ચીને આર્થિક વૃદ્ધિ માટે બમણું સ્ટિમ્યુલસ પેકેજ આપ્યું હોવા છતાં પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડિફ્લેશનમાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવાના અહેવાલ હતા.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો, અન્ય ધાતુઓમાં આગળ ધપતો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે કિલોદીઠ રૂ. ૧૩નો સુધારો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૩નો ઘટાડો આગળ ધપ્યો હતો. ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને આર્થિક વૃદ્ધિ માટે ૧.૪ ટ્રિલિયન ડૉલરના સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરી છે, પરંતુ આ સહાય સ્થાનિય રાજ્ય સરકારોને આપવામાં આવશે એવો નિર્દેશ આપતા રોકાણકારોને પેકેજ નિરાશાજનક જણાતા ગત શુક્રવારે વિશ્વ બજારમાં ધાતુમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે સાધારણ ૦.૧ ટકાના સુધારા સાથે ટનદીઠ ૯૪૫૦ ડૉલર



આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન આજે સ્થાનિકમાં એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૨૭૬૨ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા. જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩ના ઘટાડા સાથે રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગ પણ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૫૭૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૪૦, રૂ. ૮૪૩ અને રૂ. ૨૪૩, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૯૯ અને રૂ. ૭૮૮ તથા કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૦૯, રૂ. ૫૧૯, રૂ. ૨૮૪ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઑક્ટોબરમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં ₹ ૪૧,૮૮૭ કરોડનો આંતરપ્રવાહ

નવી દિલ્હી: ગત ઑક્ટોબર મહિનામાં ખાસ કરીને થીમેટિક ફંડોમાં રોકાણકારોનું વધુ આકર્ષણ રહેતાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ માસાનુમાસ ધોરણે ૨૧ ટકા વધીને રૂ. ૪૧,૮૮૭ કરોડની સપાટીએ રહ્યો છે. આ સાથે જ સતત ૪૪માં મહિનામાં ઈક્વિટી ઑરિયેન્ટેડ ફંડોમાં આંતરપ્રવાહ જળવાઈ રહ્યો છે જે મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણકારોના આકર્ષણમાં સતત વધારો થઈ રહ્યો હોવાનું દર્શાવે છે, એમ એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ની તાજેતરની આંકડાકીય માહિતી પરથી ફલિત થાય છે.

એકંદરે ગત ઑક્ટોબર મહિનામાં બજારમાં કરેક્શન જોવા મળ્યું હોવા છતાં જોવા મળેલા ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણના આંકડા ખરેખર અસાધારણ છે. જોકે, આનાથી તદ્દન વિપરીત સ્થિતિ આ વર્ષના આરંભમાં જોવા મળી હતી. તે સમયે ઈક્વિટી માર્કેટમાં નોંધપાત્ર સુધારો હોવાથી મ્યુચ્યુઅલ ફંડમાં આંતરપ્રવાહ જોવા મળ્યો હતો.

માર્ચ, ૨૦૨૦ની જેમ ગત ઑક્ટોબર મહિનામાં સેન્સેક્સ અને નિફ્ટીમાં પાંચથી છ ટકાનો તીવ્ર કડાકો બોલાયો હોવા છતાં રિટેલ રોકાણકારોએ તેનો વિશ્વાસ દાખવતા રોકાણકારોનો આંતરપ્રવાહ રૂ. ૪૦,૦૦૦ કરોડ કરતાં વધુ માત્રામાં રહ્યો હોવાનું જર્મિનેટ ઈન્વેસ્ટર સર્વિસીસ લિ.નાં કૉ ફાઉન્ડર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સંતોષ જોસેફે જણાવ્યું હતું.

એકંદર ગત ઑક્ટોબર મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં રૂ. ૨.૪ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. જોકે, તે પૂર્વે સપ્ટેમ્બર મહિનામાં રૂ. ૭૧,૧૧૪ કરોડનો બાહ્ય પ્રવાહ રહ્યો હતો. જોકે, તેમાં રૂ. ૧.૫૭ લાખ કરોડનું મોટું રોકાણ ડેબ્ટ સ્કીમોમાં થયું હતું. તેમ જ ગત ઑક્ટોબર મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોની નેટ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ જે સપ્ટેમ્બરના અંતે રૂ. ૬૭ લાખ કરોડની હતી તે વધીને રૂ. ૬૭.૨૫ લાખ કરોડની સપાટીએ રહી હતી. એમ્ફીની યાદી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં ઈક્વિટી ઓરિયેન્ટેડ સ્કીમોમાં આંતરપ્રવાહ ગત સપ્ટેમ્બર મહિનાના રૂ. ૩૪,૪૧૯ કરોડ સામે વધીને રૂ. ૪૧,૮૮૭ કરોડની સપાટીએ રહ્યો હતો. આ પૂર્વે ગત જૂન મહિનામાં ઈક્વિટી સ્કીમોમાં રૂ. ૪૦,૬૦૮ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો.

# ખાંડમાં મર્યાદિત કામકાજે પીછેહઠ

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બાવીસનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૧૬નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે નિરસ માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બાવીસના ઘટાડા સાથે રૂ. ૩૬૪૦થી ૩૭૬૨માં થયા હતા.

જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળે ક્વિન્ટલે રૂ. ૧૬ અને ઉપલા મથાળેથી રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૭૩૦થી ૩૮૮૫માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૦થી ૩૬૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૦થી ૩૭૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું.



# વેદાન્તા રિસોર્સિસે દેવામાં ૪.૭ અબજ ડૉલરનો ઘટાડો કર્યો

નવી દિલ્હી: દેશની અગ્રણી ખનન કંપની વેદાન્તા લિ.ની પેરેન્ટ કંપની વેદાન્તા રિસોર્સિસ લિ.એ છેલ્લા બે વર્ષમાં નાણાકીય શિસ્તતાને ટેકે તેના દેવામાં ૪.૭ અબજ ડૉલરનો ઘટાડો કર્યો હોવાનું ગ્રુપના ચેરમેન અનીલ અગરવાલે જણાવ્યું છે. તાજેતરમાં વેદાન્તાએ તેના શૅરધારકોને એક પત્ર લખીને જણાવ્યું હતું કે કંપનીનો વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છ મહિનામાં ખાસ કરીને ઉત્પાદનનું ઊંચુ સ્તર હાંસલ કરવાની સાથે કાર્યદક્ષતા તરફ ધ્યાન આપવા અને સફળતાપૂર્વક વૈશ્વિક વાતાવરણમાં અનુકૂળ થવાથી વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છ મહિનાનો કરવેરા પહેલાનો નફો રૂ. ૨૦,૬૩૯ કરોડની સર્વોચ્ચ સપાટીએ રહ્યો છે. તેમ જ વેદાન્તાનું એલ્યુમિનિયમ અને ઝિન્કનું ઉત્પાદન વિક્રમ સ્તરે પહોંચ્યું છે. વધુમાં વેદાન્તા રિન્યુએબલ એનર્જી સ્રોત મારફતે વધુ ને વધુ ખનીજનું ઉત્પાદન કરવા માટે પ્રતિબદ્ધ છે. જેનાથી ભારતની મુખ્ય ખનીજો અને આવશ્યક ઈંધણના સ્રોતના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા મેળવવાની દિશાને ગતિ મળશે. ખાસ કરીને નાણાકીય શિસ્તતા અમારો મુખ્ય વ્યૂહ છે. હું તમારું ખાસ ધ્યાન દોરવા માગુ છું કે અમારા સઘન પ્રયાસોથી નેટ ડેબ્ટથી ઈબીઆઈટીડીએ સરાસરી છેલ્લા ચાર ત્રિમાસિકગાળાની નીચી સપાટીએ રહી છે.

# ગિરનારની લીલી પરિક્રમાનો આરંભઃ અઢી હજારથી વધુ સુરક્ષાકર્મી તહેનાત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનારની લીલી પરિક્રમાની શરૂઆત થઈ ગઈ છે. ૧૧મી નવેમ્બર કારતક સુદ દસમના સોમવારથી ગિરનાર પરિક્રમાનો શુભારંભ થયો હતો. આ પરિક્રમા ૧૫મી નવેમ્બર સુધી ચાલશે, ગિરનાર પરિક્રમામાં લાખો યાત્રાળુઓ ભાગ લેશે. આ યાત્રાળુઓનું આરોગ્ય ના જોખમાય તે માટે તંત્રએ ખાસ વ્યવસ્થા કરી છે, પરિક્રમાના રસ્તે સરકારી આરોગ્ય કેન્દ્ર ઊભાં કરવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એક બાળકી પર દીપડાએ કરેલા હુમલાની ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે આ વખતે વનતંત્રએ ઍક્શન પ્લાન ઘડી કાઢ્યો છે.

પરિક્રમાના રૂટ પર ૮૦થી વધુ અન્નક્ષેત્રો, છાશ-દૂધનાં ૨૩ કેન્દ્રો અને પાણીની ૩૨ ટાંકી મૂકવામાં આવી છે, માર્ગ પર અઢી હજારથી વધુ સુરક્ષાકર્મી તહેનાત કરાયા છે અને સીસીટીવી કૅમેરા અને ડ્રોનથી પણ નજર રાખવામાં આવે છે, રસ્તા પર એક હજારથી વધુ કચરાપેટીઓ મૂકવામાં આવી છે. પદયાત્રીઓ માટે મેડિકલ-પેરા મેડિકલની ૧૬ ટીમો તહેનાત કરાઈ છે, પરિક્રમાના રૂટ પર કુલ ૧૬ એમ્બ્યુલન્સ સ્ટેન્ડબાય કરાઈ છે, જ્યારે ભવનાથના નાકોડામાં આઈસીયુ કાર્યરત કરાયો છે. પરિક્રમાના રૂટ પર ૧૦ હંગામી દવાખાનાં ઊભાં કરાયાં છે, માર્ગો પર રોશની રહે તે માટે રાત્રે અજવાળું કરવા આઠ ડીઝલ જનરેટર સેટ મુકાયા છે. સિંહ, દીપડાને રૂટથી દૂર રાખવા ૩૫૦ વનકર્મીનો સ્ટાફ તહેનાત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વખતે ગિરનારની લીલી પરિક્રમા નિર્ધારિત સમયથી બે દિવસ વહેલી શરૂ કરવામાં આવી છે. વહેલી સવારે ઈટવા ચેકપોસ્ટનો ગેટ ખુલ્લો કરીને પરિક્રમાર્થીઓએ ૩૬ કિલોમીટરની પરિક્રમાની શરૂઆત કરી હતી. સામાન્ય રીતે લીલી પરિક્રમા વિધિવત્ ૧૨ તારીખ દેવદિવાળીની રાતે ૧૨ વાગે શરૂ થતી હોય છે. ગિરનાર લીલી પરિક્રમાનો ભવનાથથી પ્રારંભ થયો હતો. ■

# અમરેલીના કોવાયા ગામમાં એક સાથે ૧૨ સિંહો જોવા મળ્યાઃ સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમરેલી, ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાનાં ગામોમાં સિંહો લટાર મારતાં જોવા મળે તે સામાન્ય બાબત બની ગઈ છે. સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં ૧૨ જેટલા સાવજો માર્ગ પર ચાલતા જોવા મળી રહ્યા છે. મૂળ અમરેલી જિલ્લાના રાજુલાના કોવાયા ગામનો આ વીડિયો છે, કે જ્યાં સાવજ પરિવાર એકસાથે જોવા મળ્યો હતો. સામાન્ય રીતે અહીંયા એક કે બે સિંહ તો રસ્તા પર દેખાતા જ હોય છે, પરંતુ એકસાથે ૧૨ સિંહ દેખાવા જેવું દશ્ય ભાગ્યે જ અહીંયા જોવા મળતું હોય છે. આ સાવજો શિકારની શોધમાં રસ્તા પર આવી ચડ્યા અને દોડતા નજરે પડ્યા હતા. સાવજોના સમૂહને એકસાથે જોઈને સ્થાનિકો પણ આશ્ચર્યચકિત બની ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દરિયા કાંઠાના ગ્રામ્ય વિસ્તાર બાજુ સિંહોનો વસવાટ વધતો જતો જોવા મળી રહ્યો છે. જો કે, એક સાથે ૧૨ સિંહોના પરિવારને જોઈને લોકો પણ વિચારમાં મુકાવા સાથે નવાઈ પામી ગયા હતા. હાલ સોશિયલ મીડિયા પર પણ આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ■

# રાજકોટ સિવિલમાં અમુક ગ્રૂપનાં બ્લડ અને દવાઓની અછતથી થેલેસેમિયાના દર્દીઓ પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં કેટલાંક ગ્રુપનાં બ્લડની ભારે અછત હોવાથી થેલેસેમિયાના દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. થેલેસેમિયાના દર્દીઓને બ્લડની નિયમિત જરૂરિયાત હોવા સાથે ડેસપરાલ ઇન્જેક્શન તેમ જ અમુક દવાઓ પણ લેવી પડતી હોય છે, પરંતુ સિવિલમાં કેટલાંક ગ્રુપનાં બ્લડ અને દવાઓની અછત હોવાને કારણે થેલેસેમિયાના દર્દીઓને મોટી તકલીફોનો સામનો કરવો પડ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં થેલેસેમિયાની દવા-ઇન્જેક્શન તેમ જ અમુક ગ્રુપનાં બ્લડની અછત સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

તે ઉપરાંત થેલેસેમિયાના દર્દીઓ માટે ઉપયોગમાં લેવાતાં ડેસપરાલ નામનાં ઈન્જેક્શન પણ એક વર્ષની રજૂઆતો બાદ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં નથી. જેના કારણે દર્દીઓને રોજ એક હજાર રૂપિયા જેટલો ખર્ચો કરવો પડે છે.

થેલેસેમિયાના દર્દીઓ જો આ ઈન્જેક્શન ના લે તો હૃદયરોગ સહિતનું જોખમ વધી જાય છે. જેથી બ્લડ અને દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે થેલેસેમિયાના દર્દીઓ દ્વારા માગ કરવામાં આવી હતી.

આ મુદ્દે રાજકોટ સિવિલ હૉસ્પિટલના એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. હેતલ ક્યાડાએ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારને કારણે બ્લડ ડૉનેશનના કૅમ્પ ઓછા થયા હોવાથી અમુક ગ્રુપનાં બ્લડની અછત છે, પરંતુ હવે તહેવારો પણ પૂર્ણ થતાં ફરી વાર કેમ્પ શરૂ થઈ ગયા છે.

જેથી આ સમસ્યા ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. તે ઉપરાંત આગામી એક સપ્તાહમાં ડેસપરાલ ઈન્જેક્શન પણ દર્દીઓને મળતાં થઈ જશે. ■

# કૉંગ્રેસે રાજકોટ નાગરિક બૅન્કની ચૂંટણી સ્થગિત કરી વહીવટદાર નીમવા માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ નાગરિક સહકારી બૅન્કની ચૂંટણીમાં કૉંગ્રેસે ઝંપલાવ્યું હતું. કૉંગ્રેસના નેતાઓએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી કે, આજથી સાતેક મહિના પહેલાં બૅન્કમાં ભરતી અને લોનમાં કૌભાંડ થતું હોવાની રિઝર્વ બૅન્કના ગવર્નરને ફરિયાદ કરાઈ હતી. આ મુદ્દે હજી સુધી કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. જેથી આ ચૂંટણીને સ્થગિત કરીને વહીવટદાર નીમવામાં આવે, તે ઉપરાંત વર્તમાન અને પૂર્વ ડિરેક્ટરો સામે તપાસ શરૂ કરવામાં આવે. જો આમ નહીં થાય તો અમારે હાઈકોર્ટનાં દ્વાર ખખડાવવાની ફરજ પડશે.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના પ્રવક્તા ડૉ. નિદત બારોટે રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીને રજૂઆત કરી હતી કે, રાજકોટ નાગરિક બૅન્કની ચૂંટણીપ્રક્રિયા શરૂ થઈ છે અને ૩.૫ લાખથી વધુ લોકો બૅન્કના શેર હોલ્ડર છે. આ ચૂંટણીમાં વર્તમાન અને પૂર્વ ડાયરેક્ટરો સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે. કૉંગ્રેસના પ્રદેશ પ્રવક્તા તરફથી સાતેક મહિના પહેલાં રિઝર્વ બૅન્કના ગવર્નરને ફરિયાદ કરાઈ હતી. રિઝર્વ બૅન્કે નાગરિક બૅન્કને ફરિયાદીને જવાબ આપવા માટે સૂચના આપી હતી, પણ બૅન્ક દ્વારા હજી જવાબ આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત ગુજરાતની રજિસ્ટ્રાર કૉ-ઑપરેટિવ સોસાયટીને કરવામાં આવેલી ફરિયાદની કોઈ પ્રક્રિયા હાથ ધરાઈ નથી.

કૉંગ્રેસના પ્રવક્તાએ કલેક્ટરને રજૂઆત કરી હતી કે, હાલમાં ચાલી રહેલી નાગરિક બૅન્કની ચૂંટણીપ્રક્રિયા સ્થગિત કરવી જોઈએ અને અમે કરેલી ફરિયાદની તપાસ થવી જોઈએ. તપાસ થાય ત્યાં સુધી વહીવટદારની નિમણૂક કરવી જોઈએ. જો આમ નહીં થાય તો આગામી સમયમાં અમારે હાઈકોર્ટનાં દ્વાર ખખડાવવાની ફરજ પડશે.

# રાજકોટમાં ૧૨મા ધોરણની વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાધોઃ વડોદરામાં મહિલાએ સાતમા માળેથી ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યા છે. રાજકોટમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ નાપાસ થવાના ડરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે એક મહિલાએ એપાર્ટમેન્ટના સાતમા માળેથી ઝંપલાવી મોતને વહાલુ કર્યું હતું. બંને ઘટનાઓને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં અયોધ્યા ચોક ખાતે રહેતી અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ રવિવારે રાત્રે ગળાફાંસો ખાધો હતો. તેને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાઈ હતી જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. પોલીસે તપાસ કરતાં આ વિદ્યાર્થિનીને ડૉક્ટર બનવાની ઇચ્છા હતી. તેનો પરિવાર રવિવારે સાંજે બહાર ગયો હતો તે અરસામાં આ વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પોલીસને આ વિદ્યાર્થિનીએ લખેલી સુસાઈડ નોટ પણ મળી હતી. જેમાં લખ્યું હતું કે, મમ્મી મને માફ કરી દેજો હું તમારા ડૉક્ટર બનવાનાં સપનાં પૂરાં નહિ કરી શકું. જેથી આ વિદ્યાર્થીએ નાપાસ થવાના ડરે આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું.

બીજી ઘટનામાં વડોદરામાં ૩૭ વર્ષીય મહિલાએ સાતમા માળેથી ઝંપલાવીને આપઘાત કર્યો હતો. માંજલપુર વિસ્તારમાં સ્વામી સહજાનંદનગરમાં રહેતી આ મહિલા તેના પતિ અને બાળકો બહાર ગયા બાદ બાજુની બિલ્ડિંગના સાતમા માળે પહોંચી હતી. તેને લોકોએ રોકી હતી, પણ આખરે ત્યાંથી તેણે છલાંગ લગાવી દીધી હતી. પોલીસ તપાસમાં આ મહિલા તણાવમાં હોવાથી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. ■

# માતાના મઢ ખાતે યાત્રાળુઓ દ્વારા ફેંકી દેવાયેલા વાસી ખોરાકને આરોગી ગયેલી ત્રણ ગાયનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના જગવિખ્યાત માતાના મઢ નજીક આવેલા પીડબલ્યુડીના ગૅસ્ટ હાઉસની બહાર વાસી ખોરાક આરોગી ગયેલી ત્રણ ગાયનાં ખોરાકી ઝેરની અસરથી મોત થતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

આ કરુણ ઘટના અંગે હિન્દુ યુવા સંગઠનના મંત્રી ઘનશ્યામસિંહ સોઢાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, લકઝરી બસના સંચાલકો દ્વારા યાત્રાધામ ખાતે આવેલા યાત્રિક સંઘને હંગામી રસોડું બનાવવા માટે માતાના મઢથી લખપત તરફ જતા માર્ગ પર આવેલા પીડબલ્યુડી ગૅસ્ટ હાઉસને ભાડે અપાયું હતું. આ યાત્રિક સંઘ દ્વારા રાંધવામાં આવેલા જમણના વધેલા ભાતના ઢગલાને ફેંકવામાં આવ્યા હતો. જે ખાવાથી ત્રણ ગાયને ફૂડ પોઇઝનિંગ થયું હતું અને તેમને સારવાર અપાય તે પહેલાં જ મોતને ભેટી હતી.

થોડા દિવસો અગાઉ નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ગામમાં મેળાનો એકઠો થયેલો ટોક્સિક કચરો આરોગી જવાથી દસેક ગાયોનાં મોત નીપજ્યાં હતાં.

મોડી રાત્રે માલિકો દ્વારા ગાયોને બહાર રઝળતી મૂકી દેવાય છે, જેના કારણે અખાદ્ય કચરો ખાઈ જવાથી આ પ્રકારની ઘટનાઓ બનતી રહે છે. જેથી પશુમાલિકોએ પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ તેમ ઘનશ્યામસિંહ સોઢાએ ઉમેર્યું હતું. ■

# બ્લોક થઈ ગયેલા ગૂગલ-પે ઍકાઉન્ટને અનબ્લોક કરાવવામાં મહિલાએ દોઢ લાખ ગુમાવ્યા

ભુજઃ કચ્છના અંજાર તાલુકાના નાની નાગલપર ગામમાંથી વધુ એક સાયબર ફ્રોડનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો હતો, જેમાં બ્લોક થઈ ગયેલા ગૂગલ-પે યુપીઆઈને ફરી અનબ્લોક કરવાનો પ્રયાસ કરનારી મહિલા પાસે સ્ક્રીન શોટ શેર કરાવીને તેમના ખાતામાંથી દોઢ લાખ રૂપિયા સેરવી લેવાયા હતા.

ભોગ બનનાર હેમિકાબેન ચોટારાએ પોલીસને જણાવ્યું હતું કે, તેમનું ગૂગલ-પે ઍકાઉન્ટ અચાનક બ્લોક થતાં અંજારની એચડીએફસી બૅન્કની શાખામાં તેઓ રૂબરૂ ગયાં હતાં, જ્યાં બૅન્ક દ્વારા ઍકાઉન્ટ અનબ્લોક કરાવવા માટે ગૂગલના કસ્ટમર કેરને ફોન કરવા જણાવાયું હતું. તેમણે ગૂગલ-પેના, ગૂગલ સર્ચ વડે મેળવેલા કસ્ટમર કેર નંબર પર ફોન કરતાં હિન્દી ભાષામાં વાત કરનારા શખસે હું મારા ઉપરી અધિકારી સાથે વાત કરાવું છું. તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.

બાદમાં કહેવાતા અધિકારીનો ફોન આવ્યો અને પોતે ગૂગલના યુપીઆઈ વિભાગમાંથી બોલતો હોવાનું કહ્યું હતું. ફરિયાદીએ પોતાની વ્યથા જણાવતાં સામાવાળાએ વોટ્સએપ કોલ કર્યો હતો અને સ્માર્ટફોનની સ્ક્રીન શેર કરાવી હતી. થોડી વારમાં ફોન કપાઈ ગયો અને એચડીએફસી બૅન્કના ત્રણ એસએમએસ આવ્યા જેમાં ખાતામાંથી દોઢ લાખ રૂપિયા 'ડેબિટ' થઈ ગયા હોવાનું માલૂમ પડતાં તાત્કાલિક બૅન્ક ખાતું બંધ કરાવી ૧૯૩૦ હેલ્પલાઈન નંબર પર અને અંજાર પોલીસમાં ઑનલાઈન છેતરપિંડીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ■

# કચ્છમાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુની ઘટનાઓમાં એક પોલીસકર્મી સહિત છ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં વીતેલા ૨૪ કલાકમાં બનેલી વિવિધ અપમૃત્યુની ઘટનાઓમાં એક પોલીસકર્મી સહિત છ લોકોનાં મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, કંડલા શહેરમાં હાથ સર્કલથી એલ.પી.જી.સર્કલ તરફ જતા રોડ પરથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ હતભાગી ભૂખ-તરસના કારણે મૃત્યુ પામ્યો હોવાનું પોલીસ ચોપડે નોંધાયું હતું.

ભુજથી નલિયા તેમના મોટરસાઈકલ પર નીકળેલા અબુબકર લાંગા અને તેમનાં પત્ની સલમાબેન મોથાળા ચોકડી પાસે પહોંચ્યાં ત્યારે ખાડામાં વાહન ઊછળતાં પાછળ બેઠેલા સલમાબેન નીચે પડી જતાં તેમને હેમરેજ સહિતની ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાં હતાં. મેઘપર ગામમાં ખાવડાના વીરમ બીજલ ચાડ નામના યુવકે વાડીના કૂવામાં કોઈ અગમ્ય કારણે ઝંપલાવીને આપઘાત કરી જીવન ટૂંકાવી લેતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ, પાકિસ્તાનની સરહદને અડીને આવેલા લખપત તાલુકાના દોલતપર ગામમાં તુલસી ફાર્મની આઇનોક્ષ કંપનીની સાઇટ પર લગાડવામાં આવેલાં વિન્ડફાર્મના પાંખડા પર કચ્છ કેરિયર્સ કંપનીનો ખલાસી પવનકુમાર મૃત અવસ્થામાં મળી આવતાં દયાપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી શરૂ કરી હતી. વધુ એક ઘટના વરસાણા ગામમાં સ્થિત ઇસ્પાત કંપનીમાં બહાર આવવા પામી હતી, જેમાં દિલીપ મનોરંજનદાસ નામનો યુવક કંપનીના બાથરૂમમાંથી મૃત હાલતમાં મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

ગાંધીધામ ખાતેના શિણાય પોલીસ હેડક્વાર્ટરમાંથી રવિવારે મોડી રાત્રે એક પોલીસ કર્મચારીએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ એલઆઈબી શાખામાં ફરજ બજાવતા ચન્દ્રપાલસિંહ જાડેજા નામના પોલીસ કર્મચારીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ફાંસો ખાઈ જીવાદોરી ટૂંકાવી હતી. ■

# ભચાઉના શિકારપુર પાસેથી લોડેડ દેશી બંદૂક સાથે એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનને અડીને આવેલા કચ્છનાં સીમાવર્તી ગામોમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી નાપાક પ્રવૃત્તિઓ સતત વધી રહી છે અને અવારનવાર અહીંથી મારક હથિયારો પકડાતાં રહે છે. તાજેતરમાં પૂર્વ કચ્છ પોલીસે રાપર, આડેસર અને અંજારમાંથી છ શખસોને ચાર લોડેડ પિસ્તોલ અને ૧૬ જીવતાં કારતૂસ સાથે ઝડપી લીધા હતા. ત્યારે હવે ભચાઉ તાલુકાના શિકારપુર નજીકથી લોડેડ દેશી બંદૂક સાથે એક શખસને પોલીસે ઝડપી પાડ્યો હતો.

શિકારપુરમાં રહેનારો અસલમ અબ્બાસ ત્રાયા પાસે ગેરકાયદેસર હથિયાર હોવાનું અને તે ગામથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ બાજુ આવી રહ્યો હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે રેલવે ફાટક પાસે વૉચ ગોઠવી હતી. આ શખસ ત્યાંથી પસાર થતાં તેને દબોચી લીધો હતો.

અબ્બાસની અંગજડતી દરમ્યાન ટ્રકના સ્ટીયરિંગના રોડ વડે તેણે ખુદ બનાવેલી હાથ બનાવટની દેશી બંદૂક મળી આવી હતી. અબ્બાસે બંદૂક રક્ષણ માટે બનાવી હતી કે, શિકાર કરવા કે અન્ય કોઈ દેશવિરોધી પ્રવૃત્તિ માટે તેની પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં વ્યાજખોરે વ્યાજે આપેલાં નાણાંની ઉઘરાણી કરી રિક્ષાચાલકને છરીનો ઘા માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઘોઘા જકાતનાકા વિસ્તારમાં રહેતા રિક્ષાચાલકે વ્યાજે લીધેલા પૈસાની ઉઘરાણી કરી વ્યાજખોર શખસે તેને માર મારીને છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. જેથી ઇજાગ્રસ્ત રિક્ષાચાલક આધેડને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના ઘોઘા જકાતનાકા નજીક વારાહી સોસાયટીમાં રહેતા લાખાભાઈ ગોહિલે તેમના સમાજના ભાવેશ ઉર્ફે ભાવુ ચાવડા પાસેથી એક વર્ષ પહેલાં રૂ. ૧૦,૦૦૦/- વ્યાજે લીધા હતા, અને તેનું વ્યાજ પણ બે થી ત્રણ વખત ચૂકવી દીધેલું હોવા છતાં અવારનવાર વ્યાજની ઉઘરાણી કરી રવિવારે સવારે લાખાભાઈને ફોન કરી હિસાબ કરવાનું કહેતાં લાખાભાઈએ તેને સુભાષનગર સ્મશાને મળવા બોલાવ્યો હતો.

ભાવેશ સુભાષનગર ગયો હતો અને ત્યાંથી લાખાભાઈની રિક્ષામાં તેને તેની દુકાન પાસે લાવી બીભત્સ ગાળો બોલીને માર મારી છરીનો એક ઘા છાતીની નીચેના ભાગે ઝીંકી દેતાં લાખાભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે લાખાભાઈ ગોહિલે ભાવેશ ઉર્ફે ભાવુ અશોકભાઈ ચાવડા વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાવનગરમાં મહુવા હાઈવે પર રૉંગ સાઈડમાં આવી રહેલા ટ્રકે અડફેટે લેતાં બાઈક ચાલક આધેડનું મોત

ભાવનગરઃ ભાવનગર મહુવા નેશનલ હાઇવે પર આવેલ કોબડી ટોલ નાકા પાસે રૉંગ સાઈડમાં આવી રહેલા ટ્રકે બાઇકને અડફેટે લેતાં બાઈક સવાર આધેડનું મોત નીપજ્યું હતું. જ્યારે મૃતકના કુટુંબી ભાઈને ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે ભાવનગર હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરના કાળિયાબીડ, નારેશ્વર સોસાયટીમાં રહેતા કમલેશભાઈ નાગજીભાઈ મકવાણા અને તેમના પરિવારના સભ્યો તળાજા તાલુકાના સરતાનપર ગામમાં આવેલ તેમનાં માતાજીના મઢે દર્શન કરવા માટે ગયા હતા અને દર્શન કરીને રાત્રિના સમયે અલગ અલગ બાઈક ઉપર ભાવનગર પરત આવી રહ્યા હતા.

ત્યારે ભાવનગર મહુવા નેશનલ હાઈવે રોડ પર આવેલ કોબડી ટોલ નાકા પાસેના ઑવરબ્રિજ પાસે રૉંગ સાઈડમાં આવી રહેલા ટ્રકના ચાલકે બાઈકને અડફેટે લેતાં બાઈક ચાલક કમલેશભાઈના પિતા નાગજીભાઈ મકવાણા અને તેમના કુટુંબી ભદ્રેશભાઈ મકવાણાને ગંભીર ઇજા થતાં બંનેને સારવાર અર્થે ભાવનગરની ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં નાગજીભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતક આધેડના પુત્ર કમલેશભાઈ મકવાણાએ ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં પોલીસે વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે બે શખ્સને ઝડપ્યા, ૯.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના માઢિયા ગામ પાસેથી એલસીબી પોલીસે વિદેશી દારૂ અને બિયર ભરેલા આઇસર ટ્રક સાથે બે શખસને ઝડપી લઈ રૂ. ૯.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબી પોલીસ મહુવાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે ભાવનગર તરફથી રાજુલા તરફ જઈ રહેલ આઇસર ટ્રકને માઢિયા ગામ પાસે અટકાવી ટ્રકમાં તપાસ કરતાં ટ્રકની અંદર રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ - ૧૫૬૦ તેમ જ બિયરના ટીન નંગ - ૯૩૬ મળી આવ્યાં હતાં. એલસીબી પોલીસે વિદેશી દારૂ તેમ જ બિયરનો જથ્થો, મોબાઈલ ફોન તેમ જ આઇસર ટ્રક મળી કુલ રૂ.૯,૪૬,૩૩૬/- ના મુદ્દામાલ સાથે મનોજગીરી કૈલાશગીરી ગોસ્વામી અને વિજય જીવનભાઈ મહેતાને ઝડપી લીધા હતા. વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ચિંતનભાઈ ગુજરિયા વાળાએ મંગાવ્યો હોવાનું આરોપીઓએ જણાવતાં એલસીબી પોલીસે ત્રણે શખસ વિરુદ્ધ મહુવા ગ્રામ્ય પોલીસમથકમાં ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ■

# મોરબીમાં ગુમ થયેલા યુવકની હત્યાનું રહસ્ય એક ફોન કોલથી ખૂલ્યુંઃ બે આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીમાં એક યુવાને બીભત્સ માંગણી કરતાં મહિલાએ તેને વાંકાનેર પાસે અરણીટીંબા ગામે બોલાવ્યો હતો. ત્યાં આ મહિલાના પતિએ પોતાના મિત્ર સાથે મળી યુવકનું ઢીમ ઢાળી દીધું હતું. યુવકનો મૃતદેહ અને મોબાઈલ નદીમાં ફેંકી દઈ હત્યાના પુરાવાનો નાશ કર્યો હતો. આ કેસમાં પોલીસે મહિલા સહિત ત્રણ સામે ગુનો નોંધીને બે આરોપીઓની ધરપકડ કરી હતી જ્યારે પોલીસ પકડથી દૂર રહેલી મહિલાને ઝડપી લેવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મૂળ મધ્યપ્રદેશના રહેવાસી હાલમાં લીલાપર પાસેની ઝૂંપડપટ્ટીમાં રહેતા નાનકાભાઈ માવીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતા કકડિયાભાઈએ મેરીબાઈ નામની મહિલા પાસે બીભત્સ માંગણી કરી હતી. જેથી એક મહિલા સહિત બે આરોપીઓએ તેમની હત્યાનું કાવતરું રચીને આરોપી મહિલાને એક નવું સીમકાર્ડ આપ્યું હતું અને તે નંબર પરથી કેકડિયાભાઈને વાંકાનેર પાસેના અરણીટીંબા ગામની સીમમાં બોલાવ્યા હતા. જ્યાં આ ત્રણેય આરોપીઓએ તેમનું ગળું દબાવીને હત્યા કરી હતી.

આરોપીઓએ હત્યા કરીને કેકડિયાભાઈનું બાઈક કૂવામાં નાખી દીધું હતું અને તેમનો મૃતદેહ તથા મોબાઈલ નદીમાં ફેંકી દીધો હતો. કેકડિયાભાઈની હત્યા થઈ તે પહેલાં તેમના પરિવારે ગૂમ થવા અંગે મોરબી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેમની શોધખોળ કરતાં તેમના મોબાઈલની કોલ ડિટેલ કાઢી હતી. જેમાં અજાણ્યા નંબર ઉપરથી કોલ આવ્યો હોવાનું પોલીસને જણાયું હતું.

આ કોલ ક્યાંથી આવ્યો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં તેમના પાડોશીઓએ જ છેલ્લે તેમને કોલ કર્યો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. પોલીસે આ કોલ કરનારની પૂછપરછ કરતાં તેમણે કેકડિયાભાઈની હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. જેથી પોલીસે હત્યારા સુરેશભાઈ બારિયા અને મનાભાઈ વસુનિયાની ધરપકડ કરી હત્યામાં સાથ આપનાર મહિલા આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી. ■

# સિહોરના ટોડી ગામમાં આધેડની હત્યા કરનાર એક આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના સિહોરના ટોડી ગામમાં બે શખ્સોએ ઉકરડા માટે વાળવામાં આવેલા વંડા મુદ્દે થયેલા ઝઘડાની અદાવતમાં આધેડને લાકડીથી ફટકારીને હત્યા કરી નાખી હતી. આ કેસમાં પોલીસે આરોપી હત્યારાને ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના ટોડી ગામમાં રહેતા દિનેશભાઈ વાઘેલાએ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીના પિતા વિક્રમભાઈએ ૧૨ વર્ષ પહેલાં સરકારી જમીન પર ઉકરડા માટે વંડો વાળ્યો હતો અને તે બાબતે તેમને અગાઉ આરોપીઓ સાથે બોલાચાલી થઈ હતી. ફરિયાદીના પિતા વિક્રમભાઈ શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી બન્ને શખસ લાકડી સાથે ધસી આવ્યા હતા અને તેમણે વિક્રમભાઈને લાકડીના ફટકા માર્યા હતા.લાકડી વડે હુમલો થતાં વિક્રમભાઈએ બૂમાબૂમ કરતાં ફરિયાદી તેમ જ અન્ય શખસો દોડી આવ્યા હતા. ત્યાર બાદ બંને આરોપીઓ ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ હુમલામાં વિક્રમભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેઓ બેભાન થઈ ગયા હતા. લોહિયાળ હાલતમાં તેમને સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ■